અમદાવાદ
# એક્સપ્રેસ
Ahmedabad Express  Ahmedabad  RNI No.GUJGUJ/2011/40654




પેજ-08
શાહરૂખ ખાનના સતત બીજા પ્રોજેક્ટમાં ભૂમિ પેડનેકરની એન્ટ્રી...



પેજ-09
શ્રેયસ અય્યરે મુંબઈમાં 2.90 કરોડ રૂપિયાનું આલિશાન ઘર ખરીદ્યું

હવામાન

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 29.00 | 25.00 |
| વડોદરા | 28.00 | 24.00 |
| સુરત | 28.00 | 25.00 |

પેજ 5



માર્ક ઝૂકરબર્ગ 200 અબજ ડોલરની સંપત્તિ સાથે વિશ્વના ત્રીજા સૌથી...

27
SEPTEMBER-2024
FRIDAY

ચીને ઈન્ટર-કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું



પેજ 10

શેરબજાર

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 85836.12 | ▲ | 666.25 |
| નિફ્ટી | 26216.05 | ▲ | 211.90 |
| સોનું | 75456.00 | ▲ | 143.00 |
| ચાંદી | 93097.00 | ▲ | 1052.00 |


વર્ષ-13 । અંક-312 । વિક્રમ સંવત-2079 । ભાદરવા વદ-10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ■ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# PM મોદી શક્તિશાળી નેતા, પણ ભગવાન નથી: કેજરીવાલ

## વિધાનસભામાં કેજરીવાલે કહ્યું....મને જેલમાં મોકલવા પાછળ ભાજપનો હેતુ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીને બદનામ કરવાનો હતો

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

દિલ્હી વિધાનસભાનું બે દિવસીય વિશેષ સત્ર આજથી શરૂ થઈ ગયું છે. આતિશીના મુખ્યમંત્રી બન્યા બાદ ગૃહનું આ પહેલું સત્ર હતું. તેમાં દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પોતાની વાત મૂકી હતી. જોકે, ગૃહની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં જ વિપક્ષે હોબાળો કરી દીધો હતો. જેના કારણે સ્પીકર રામનિવાસ ગોયલે 15 મિનિટ સુધી ગૃહની કાર્યવાહી સ્થગિત કરી દીધી હતી. અરવિંદ કેજરીવાલે પોતાના સંબોધનમાં કહ્યું કે, 'વિપક્ષના નેતા મને અને મનીષ સિસોદિયાને જોઈને દુઃખી છે. મોદીજી તાકાતવર નેતા છે, તેમની પાસે અથાગ પૈસા અને રિસોર્સ છે, પરંતુ મોદી ભગવાન નથી. કોઈ તો શક્તિ છે, જે અમારી સાથે છે. લાખો લોકોની પ્રાર્થનાથી હું જેલમાંથી છૂટીને આવ્યો છું. હું સુપ્રીમ કોર્ટનો પણ આભાર માનું છું. હું ત્રણ-ચાર દિવસ પહેલાં ભાજપના એક મોટા નેતાને મળ્યો. મેં પૂછ્યું કે, તમને શું મળ્યું મને જેલમાં મોકલીને? તો તેઓએ કહ્યું કે, તમારી પાછળ અમે આખી દિલ્હીને ઠપ કરી દીધી હતી.



### વિધાનસભા ગૃહમાં બદલાઈ ગઈ બેઠક વ્યવસ્થા

આ વખતે વિધાનસભા ગૃહમાં આતિશી પહેલા નંબરની સીટ પર બેઠા હતાં. અરવિંદ કેજરીવાલ 41 અને તેમની બાજુની 40 નંબરની સીટ પર પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા બેઠા હતાં. વિધાનસભામાં આજે દિલ્હીમાં સત્તા પક્ષ દ્વારા થોડા મહિના પહેલાં કાપવામાં આવેલા 1100 વૃક્ષને લઈને ચર્ચા કરાવવામાં આવી હતી. સત્તા પક્ષે કહ્યું કે, તે વૃક્ષ એલજી વીકે સક્સેનાના નિર્દેશ પર કાપવામાં આવ્યા હતાં. વળી, વિપક્ષની તરફથી અજય મહાવરે સત્તા પક્ષ પર પ્રહાર કરતા કહ્યું કે, જ્યારે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના આવાસ પર વૃક્ષ કાપવામાં આવી રહ્યા હતાં તો તમારા લોકો (સત્તા પક્ષ) ચુપ હતાં.

### કેજરીવાલે ભાજપ સરકારના 75 વર્ષના નિયમ પર કર્યાં સવાલ

કેજરીવાલે કહ્યું કે, 'મારા જીવનમાં ત્રણ વખત એવો સમય આવ્યો, જ્યારે મેં રાજીનામું આપ્યું. પહેલીવાર 2006 માં આવકવેરા વિભાગમાં જોઈન્ટ કમિશનર પદ પરથી રાજીનામું આપ્યુ હતું, બીજીવાર 2014માં મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું અને ત્રીજીવાર હવે મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપ્યું છે. એક બાજુ ભાજપના એક નેતા છે, જે 75 વર્ષે પોતાના તમામ નેતાને નિવૃત્ત કરે છે, પરંતુ પોતાનો વારો આવે તો પોતાના પર આ નિયમ લાગુ નથી કરતાં.'

### મારા પાંચ નેતા જેલ ગયાં, છતાં પાર્ટી ન તૂટી: અરવિંદ કેજરીવાલ

કેજરીવાલે ભાજપ પર પ્રહાર કરતાં કહ્યું કે, 'મારા પાંચ નેતાને જેલમાં નાંખી દીધાં, છતાં મારી પાર્ટી ન તૂટી. તેમના બે નેતાઓને જેલમાં નાંખી દો, તેમની પાર્ટી તૂટી જશે. તેઓ કહે છે કે, જેલ જવાથી કેજરીવાલને નુકસાન થયું છે, પરંતુ કેજરીવાલને નુકસાન નથી થયું. દિલ્હીના બે કરોડ લોકોનું નુકસાન થયું છે. આ લોકો જનતાને હેરાન કરીને મત લેવા ઈચ્છે છે. આ લોકોએ હું જેલ ગયો તો મારી પાછળ દિલ્હીના તમામ રસ્તાઓનું સમારકામ બંધ કરાવી દીધું.

### 'મેં ભાજપના એક નેતાને પૂછ્યું કે ધરપકડ કરીને તેમને શું મળ્યું?'

આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે ગૃહમાં મોટો દાવો કર્યો છે. ત્રણ-ચાર દિવસ પહેલા હું ભાજપના એક મોટા નેતાને મળ્યો હતો અને તેમને પૂછ્યું હતું કે મારી ધરપકડ કરીને તેમને શું મળ્યું? તેમણે કહ્યું કે દિલ્હી તમારી પાછળ થંભી ગયું છે. હું વિચારવા લાગ્યો કે દિલ્હીના બે કરોડ લોકોનું કામ અટકાવીને કોઈ કેવી રીતે ખુશ થઈ શકે? કેજરીવાલે કહ્યું કે ભાજપ 27 વર્ષથી દિલ્હીમાં સત્તાથી દૂર છે. લોકો તેમને મત આપતા નથી. આ માટે લોકોને હેરાન કરવામાં આવી રહ્યા છે. અરે, તમારી પાસે કેન્દ્ર સરકાર છે. મનીષ સિસોદિયાએ 700 શાળાઓ બનાવી. 500 મોહલ્લા ક્લિનિક બનાવો, તમે 7000 કરો. શું તમે દિલ્હી સરકારને બદનામ કરીને વોટ મેળવવા માંગો છો? જનતા બધું સમજે છે અને મૂર્ખ નથી.

## ઉત્સવ માતમમાં ફેરવાયો ! આસ્થાની ડૂબકી લગાવવા જતાં

# બિહારમાં ડૂબી જવાથી 43 લોકોનાં મોત

## મૃતકોમાં મોટાભાગના બાળકોનો સમાવેશ

(એજન્સી) ઔરંગાબાદ । તા. 26

દેશભરમાં ખાસ કરીને બિહારમાં 3 દિવસ માટે જિતિયા વ્રતનો તહેવાર ઉજવવામાં આવે છે. આ દરમિયાન લોકો શ્રદ્ધાથી ગંગામાં ડૂબકી લગાવે છે. પરંતુ બુધવારે જિતિયા સ્નાન દરમિયાન અલગ અલગ શહેરોમાં લગભગ 50 લોકો ડૂબી જવાની ઘટના સામે આવી છે. જેમાં 40થી વધુ લોકોના મોત થયા છે. એકલા ઔરંગાબાદમાં જ તળાવમાં ન્હાતી વખતે 10 લોકોના મોત થયા હતા. આ સિવાય ચંપારણ, સારણ, સિવાન, પટના, રોહતાસ, અરવલ, કૈમુરમાં પણ અકસ્માતો થયા છે. બિહાર સરકારે આ અકસ્માતોની નોંધ લીધી છે અને તપાસના આદેશ આપ્યા છે. લોકોને સાવચેતી રાખવાની પણ સલાહ આપવામાં આવી છે.

### ઔરંગાબાદમાં 9 બાળકો ડૂબી ગયા, 8ના મોત



ઔરંગાબાદમાં પહેલો કેસ મદનપુર બ્લોક વિસ્તારના કુશાહા ગામનો છે, જ્યાં 4 બાળકો અહર (તળાવ)માં નહાવા ગયા હતા. મૃતકોમાં વીરેન્દ્ર યાદવની પુત્રી સોનાલી કુમારી (15), જુગલ કિશોર યાદવની પુત્રી નીલમ કુમારી (12), ઉપેન્દ્ર યાદવનો પુત્ર પંકજ કુમાર (8), સરોજ યાદવની પુત્રી રાખી કુમારી (15) ડૂબી જવાથી મૃત્યુ પામ્યા હતા. જ્યારે બીજો મામલો બરુણ પોલીસ સ્ટેશન વિસ્તારના ઈટહટ ગામનો છે. અહીં 5 બાળકો તળાવમાં ન્હાવા ગયા હતા.

### તિરુપતિ લાડુ વિવાદ- જગન રેડ્ડી 28 સપ્ટેમ્બરે મંદિર જશે

(એજન્સી) અમરાવતી । તા. 26

YSR કોંગ્રેસ પાર્ટીના ચીફ અને આંધ્રપ્રદેશના પૂર્વ સીએમ જગન મોહન રેડ્ડી 28 સપ્ટેમ્બરે ભગવાન વેંકટેશ્વર મંદિરના દર્શન કરશે. તિરુપતિ પ્રસાદમમાં પશુઓની ચરબીની ભેળસેળના આરોપો વચ્ચે જગને મંદિરમાં વિશેષ અનુષ્ઠાન કરવાની જાહેરાત કરી છે. જગનની આ જાહેરાત બાદ TDPએ કહ્યું છે કે તેમને ત્યારે જ મંદિરમાં એન્ટ્રી મળશે, જેમાં લખેલું છે કે તેમને ભગવાન બાલાજીમાં વિશ્વાસ છે.

# અમિત શાહે કહ્યું, 40 હજાર હત્યાઓ માટે અબ્દુલ્લા અને નેહરુ જવાબદાર

## જ્યારે આતંકવાદથી કાશ્મીર ભડકે બળી રહ્યું હતું ત્યારે ફારૂક લંડનમાં રજાની મજા માણતા હતા

(એજન્સી) ઉધમપુર । તા. 26

ગૃહમંત્રી અમિત શાહ આજે જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી રેલીમાં સંબોધન કર્યું હતું. શાહે ચેનાની અને ઉધમપુરમાં લોકોને સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં 40,000 લોકોની હત્યા માટે અબ્દુલ્લા અને નેહરુ જવાબદાર છે.

તે સમયે ફારુક અબ્દુલ્લા ક્યાં હતા? તેઓ લંડનમાં ઉનાળાની રજાઓ માણી રહ્યા હતા અને મોંઘી મોટરસાઈકલ ચલાવતા હતા. જમ્મુ-કાશ્મીરમાંથી કોઈ પક્ષ નહીં, માત્ર ભાજપે આતંકવાદને ખતમ કર્યો છે.

શાહે કહ્યું કે આ લોકો આપણા દેશની સંસદ પર હુમલો કરનાર અફઝલ ગુરુની ફાંસીની સજાનો વિરોધ કરી રહ્યા છે. ઓમર અબ્દુલ્લાએ કહ્યું કે અફઝલ ગુરુને ફાંસી ન આપવી જોઈએ.

ઓમર અબ્દુલ્લા સાહેબ, તમે આતંકવાદીઓને બિરયાની ખવડાવતા રહો, પણ તમે જે આતંક ફેલાવો છો તેનો જવાબ ફાંસીનાં માંચડા પર જ આપવામાં આવશે.



### શાહે નૌશેરામાં કહ્યું હતું - હવે કોઈ 370 પરત લાવી શકશે નહીં

ફારુક અબ્દુલ્લા કહે છે કે તેઓ કલમ 370 પરત લાવશે. ફારુક સાહેબ, હવે કોઈ કલમ 370 પરત લાવી શકશે નહીં. હવે બંકરોની જરૂર નથી, કારણ કે કોઈ ફાયરિંગ કરવાની હિંમત કરશે નહીં. જો ત્યાં ફાયરિંગ થશે તો તેનો જવાબ તોપગોળાથી આપવામાં આવશે.

# શિવસેનાના સાંસદ સંજય રાઉતને 15 દિવસની જેલ

(એજન્સી) મુંબઇ । તા. 26

મુંબઈની મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ કોર્ટે ગુરુવારે ભાજપના ભૂતપૂર્વ સાંસદ કિરીટ સોમૈયાનાં પત્ની ડૉ મેધા સોમૈયા દ્વારા કરવામાં આવેલા



માનહાનિના કેસમાં આ મામલે સુનાવણી કરી હતી. શિવસેના (UBT)ના રાજ્યસભા સાંસદને દોષિત ઠેરવવામાં આવ્યા છે અને સજા ફટકારવામાં આવી છે. કોર્ટે રાઉતને 15 દિવસની જેલની સજા ફટકારી છે. સાથે 25 હજાર રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે, જે રાઉત પાસેથી વળતર તરીકે વસૂલવામાં આવશે. સંજય રાઉતે કિરીટ સોમૈયા અને તેમનાં પત્ની પર ગંભીર આરોપ લગાવ્યા હતા. રાઉતે કહ્યું હતું કે કિરીટ સોમૈયાએ પત્નીની મદદથી 100 કરોડ રૂપિયાનું શૌચાલય કૌભાંડ આચર્યું હતું.

### માનહાનિના કેસમાં સંજય રાઉત દોષી જાહેર

રાઉતને ભારતીય દંડ સંહિતાની કલમ 500 હેઠળ માનહાનિના કેસમાં દોષી ઠેરવવામાં આવ્યા છે. મુંબઈની રૂઈયા કોલેજમાં ઓર્ગેનિક કેમિસ્ટ્રીના પ્રોફેસર મેધાએ રાઉત સામે કલમ 499 અને 500 હેઠળ કેસ કરીને કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી.

# 'યુવાનો વ્યાજે પૈસા લઈ અમેરિકા જઈ રહ્યા છે'

## હરિયાણાના કરનાલથી વિધાનસભા ચૂંટણીના પ્રચાર રેલીને સંબોધતાં રાહુલ ગાંધીએ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા, હરિયાણાના વિકાસનુ વચન આપ્યું

(એજન્સી) કરનાલ । તા. 26

જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી પ્રચાર કર્યા બાદ વિપક્ષ નેતા હવે હરિયાણા પહોંચ્યા છે. હરિયાણાના કરનાલથી વિધાનસભા ચૂંટણીના પ્રચાર રેલીને સંબોધતાં રાહુલ ગાંધીએ મોદી સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમજ હરિયાણાના વિકાસનુ વચન આપ્યું હતું. કોંગ્રેસ સત્તામાં આવી તો મોદીએ જેટલું ધન અદાણી-અંબાણીને આપ્યું, તેટલું ધન અમે ખેડૂત, ગરીબ, યુવા અને મહિલાને આપીશું. ખેડૂતો દેશને ભોજન આપે છે પણ પાકના યોગ્ય ભાવ નથી મળતા. માથે દેવુ વધતુ જાય છે. બીજી તરફ ખેડૂતોની કમાણીના પૈસા પણ અદાણી-અંબાણીના ખિસ્સામાં જાય છે. અમારી સરકાર ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ



અપાવશે. 500 રૂપિયામાં ગેસ સિલિન્ડર અને બે લાખ યુવાનોને નોકરી આપીશું. નરેન્દ્ર મોદી ભગવાન સાથે કનેક્શન બતાવે છે, પણ ભગવાને તેમને સબક શિખવાડ્યો, અયોધ્યામાં હાર્યા. વડાપ્રધાન મોદી કાળો કાયદો અમલમાં મૂકે છે. તેઓ ધનિકોનું દેવું તો માફ કરી દે છે.

### યુવાનોનું વિદેશમાં સ્થળાંતર

હરિયાણાની પ્રજાને ખેડૂતોને લઘુત્તમ ટેકાના ભાવ આપવાનું વચન આપતાં નવા જ વિકસિત હરિયાણાનો ઉદય કરવાની ગેરેંટી આપતાં રાહુલ ગાંધીએ જણાવ્યું કે, થોડા સમય પહેલાં જ હું અમેરિકાના ટેક્સાસમાં ગયો હતો. ત્યાં હરિયાણાના યુવાનો સાથે મળ્યો. હરિયાણામાંથી 15થી 20 હજાર લોકો અમેરિકામાં છે. તેમાંથી ઘણા લોકો ડંકી મારફત અમેરિકા પહોંચ્યા હોવાનું જાણવા મળ્યું હતું. અમુક યુવાનો ખેતર વેચી અથવા વ્યાજે પૈસા લઈ અમેરિકા જઈ રહ્યા છે. આટલી બધી મુશ્કેલીઓનો સામનો કરી વિદેશ જવા પાછળનું કારણ હરિયાણામાં પર્યાપ્ત તકો ન હોવાનું જાણવા મળ્યું છે. હરિયાણાથી અમેરિકા જવાનો ખર્ચ 35 લાખથી શરૂ થાય છે, ત્યારે હરિયાણાના યુવાનોને રાહુલ ગાંધીએ કહ્યું કે, આટલા રૂપિયામાં તો તમે હરિયાણામાં જ બિઝનેસ શરૂ કરી દીધો હોત.

# વિધવા મહિલાને મેકઅપની શું જરૂર છે?

## HCની 39 વર્ષ જૂની ટિપ્પણી મુદ્દે SC લાલઘૂમ

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

હત્યાના એક જૂના કેસમાં ચુકાદો આપતાં સુપ્રીમ કોર્ટે પટણા હાઈકોર્ટને ફટકાર લગાવી હતી. પટણા હાઈકોર્ટે મહિલાની મેકઅપ સામગ્રી અને



એના વિધવા હોવા બાબતે એક અનિચ્છનીય ટિપ્પણી કરી હતી, જેને સુપ્રીમ કોર્ટે અત્યંત વાંધાજનક ગણાવીને હાઈકોર્ટના વિધાનને અસંવેદનશીલ ગણાવ્યું હતું. વર્ષ 1985માં એક મહિલાનું કથિત રીતે તેના પિતાનું ઘર કબજે કરવા માટે અપહરણ કરવામાં આવ્યું હતું અને બાદમાં તેની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં નીચલી અદાલતે પાંચ લોકોને આજીવન કારાવાસની સજા ફટકારી હતી અને અન્ય બે સહ આરોપીઓને નિર્દોષ છોડી મૂક્યા હતા. કેસ હાઈકોર્ટમાં જતાં પટણા હાઈકોર્ટે પાંચ લોકોની આજીવન કારાવાસની સજા યથાવત્ રાખી હતી અને નિર્દોષ છોડી મૂકાયેલા બે સહઆરોપીઓને પણ દોષી ઠરાવીને એમને આજીવન કેદની સજા ફટકારી હતી. એ પછી આરોપીઓ સુપ્રીમ કોર્ટમાં ગયા હતા.

# વિશ્વનો સૌથી મોટો ચીનનો ડેમ 'ભારત માટે પરમાણુ બોમ્બ'

## પૃથ્વીનું પરિભ્રમણ પણ ધીમું પાડતો હોવાનો વિજ્ઞાનીઓનો દાવો



(એજન્સી) નવી દિલ્હી । તા. 26

ચીનમાં બનેલા દુનિયાના સૌથી મોટા બંધ 'થ્રી ગોર્જેસ ડેમ'નું બાંધકામ શરુ થયેલું ત્યારથી આ બંધ ચર્ચામાં રહ્યો છે. ક્યારેક એના વિશાળ કદના કારણે તો ક્યારેક એના થકી ભારતમાં જળસંકટ ઊભું કરવાના ચીનના ઈરાદાને કારણે! હુબેઈ પ્રાંતમાં યાંગત્સે નદી પર બનેલા આ બંધ બાબતે તાજેતરમાં એક અલગ પ્રકારની ચર્ચા શરુ થઈ છે. ચાલો જાણીએ કે, ચિંતાજનક લાગે એવી એ ચર્ચા છે શું?

'થ્રી ગોર્જેસ ડેમ' પ્રભાવિત કરી રહ્યો છે પૃથ્વીના પરિભ્રમણને

'થ્રી ગોર્જેસ ડેમ'ના લીધે પૃથ્વીના પરિભ્રમણની ગતિને અસર થઈ રહી હોવાની ચર્ચા શરુ થઈ છે. વિજ્ઞાનીઓના મતે આ વિશાળ બંધને કારણે પૃથ્વીનું પરિભ્રમણ ધીમું થઈ રહ્યું છે.

### આ કારણથી ધીમું થયું છે પૃથ્વીનું પરિભ્રમણ

'થ્રી ગોર્જેસ ડેમ' અત્યંત વિશાળ છે. તેની લંબાઈ 2,335 મીટર (7,661 ફીટ) એટલે કે 2.3 કિલોમીટર છે, અને ઊંચાઈ 185 મીટર (607 ફીટ) છે. તેના દ્વારા સંગ્રહાયેલા પાણીનો જથ્થો છે 40 ઘન કિલોમીટર (9.6 ઘન માઈલ). તોતિંગ કદ અને એના જળાશયમાં સંઘરાયેલા પાણીના મબલખ જથ્થાને કારણે આ ડેમ પૃથ્વીના પરિભ્રમણને ધીમું પાડી રહ્યો છે, એવી ચર્ચા જામી છે.

### ચિંતા કરવા જેવું ખરું?

'થ્રી ગોર્જેસ ડેમ'ને લીધે પૃથ્વીના પરિભ્રમણમાં નજીવો ફરક પડ્યો છે. એને પરિણામે એક દિવસની લંબાઈમાં અંદાજે 0.06 માઈક્રો સેકન્ડ જેટલો સમયવધારો નોંધાયો છે. પૃથ્વીના પરિભ્રમણને ધીમું કરવા ઉપરાંત ડેમને લીધે પૃથ્વીના ધ્રુવ(pole) લગભગ 2 સેન્ટિમીટર જેટલા ખસી શકે છે, એવું નિષ્ણાતોનું માનવું છે. આટલા નજીવા ફેરફારને લીધે પૃથ્વી જેવા વિશાળ ગ્રહને કંઈ પ્રતિકૂળ અસર થાય એમ નથી, પણ એનાથી એક વાત સાબિત થાય એમ છે કે હદ ઉપરાંતનો માનવહસ્તક્ષેપ કુદરતના ચક્રમાં આ રીતે પણ ખલેલ પહોંચાડી શકે છે.




થ્રી ગોર્જેસ ડેમ અંગે વિજ્ઞાનીઓના દાવા બાદ ભારત જ નહીં બીજા દેશો પણ ટેન્શનમાં

ડેમ બન્યો ત્યારથી વિવાદ યથાવત્, ભારત સહિત અનેક દેશોની ટીકા પછીયે ચીન અડગ

**ચીનનો ઈરાદો પોતાની પૂરની સમસ્યા નાથવાનો અને ભારતમાં જળસંકટ ઊભું કરવાનો**

# બિલકિસ બાનો કેસ: સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારની અરજી ફગાવી

## ગુજરાત સરકારે બિલ્કીસના નિર્ણય પર રિવ્યુ પિટિશન દાખલ કરી હતી



(એજન્સી) નવી દિલ્હી । તા. 26

ગુજરાત સરકારની ભલામણ પર મુક્ત કરાયેલા દોષિતોને સુપ્રીમ કોર્ટે 8 જાન્યુઆરીએ પાછા જેલમાં મોકલી દીધા હતા. બિલ્કીસ બાનોના ગુનેગારોના કેસમાં ગુજરાત સરકારને રાહત મળી નથી. સુપ્રીમ કોર્ટે રિવ્યુ પિટિશન ફગાવી દીધી છે. ગુજરાત સરકારે બિલ્કીસના નિર્ણય પર રિવ્યુ પિટિશન દાખલ કરી હતી. ગુજરાત સરકાર વિરુદ્ધ કઠોર ટિપ્પણીઓ દૂર કરવાની માગ કરવામાં આવી હતી. 8 જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટે 11 દોષિતોને પાછા જેલમાં મોકલી દીધા હતા. નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારના પ્રીમેચ્યોર રીલીઝ ઓર્ડરને રદ કર્યો હતો. આ ઉપરાંત આદેશમાં ગુજરાત સરકાર સામે પણ આકરી ટીપ્પણીઓ કરવામાં આવી હતી. કોર્ટે બિલ્કીસ કેસમાં દોષિતોની મુક્તિ અંગેના સુપ્રીમ કોર્ટના આદેશમાં કરવામાં આવેલા અવલોકનોને પણ કાઢી નાખવાનો ઈનકાર કર્યો હતો. વાસ્તવમાં, ગુજરાત સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી અને 2002 દરમિયાન બિલ્કીસ બાનો બળાત્કાર કેસમાં 11 દોષિતોની અકાળે મુક્તિને ફગાવી દેવાના નિર્ણયમાં ગુજરાત સરકાર વિરુદ્ધની કેટલીક ટિપ્પણીઓને અયોગ્ય ગણાવીને તેને દૂર કરવાની વિનંતી કરી હતી. ગુજરાત સરકારની અરજીમાં કહેવામાં આવ્યું હતું કે સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં કઠોર ટિપ્પણી કરી હતી કે ગુજરાતે 'મિત્રોપયોગી અને ગુનેગારો સાથે મિલીભગતથી કામ કર્યું'.

## આધારની વાસ્તવિકતા, સરકારની ઉઘાડી લૂંટ..?!! હાલમાં આધાર અપડેટ માં માટે મોબાઈલ નંબર જ અપડેટ કરાય છે

# સમગ્ર ગુજરાતમાં આધાર કાર્ડમાં ભારે ઝોલ હોવાની સનસનીખેજ માહિતી સામે આવી

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લા સહિત સમગ્ર ગુજરાત માં આધારકાર્ડ બાબતે ઘણી ખામીઓ અને અરજદારો પાસે થતી લૂંટ સામે આવી છે ત્યારે આ સનસનીખેજ વિગત વાંચી સૌ અચંબા માં મુકાઈ જશે.

આધારભૂત સૂત્રો માંથી મળતી માહિતી અનુસાર આધારકાર્ડ મોબાઈલ અપડેટ, નામ સુધારો, એડ્રેસ સુધારો, ડેમોગ્રામી અપડેટ જેવી તમામ અપડેટ સેવાઓ આધાર સેન્ટર ઉપર થાય છે જેમાં ૫૦ થી રૂપિયા ૧૦૦ સુધી ચાર્જ યુઆઈડીએઆઈ વસૂલ કરે જ્યારે ૩૫૦ થી લઈને ૭૦૦ રૂપિયા ચાર્જ હોમ સર્વિસ સુવિધા માટે વસૂલ કરાઈ છે



જોકે ઉપરોક્ત તમામ સુવિધા આધાર સેન્ટર પર થવી જોઈએ પરંતુ લાંબા સમયથી ફક્ત મોબાઈલ નંબર અપડેટ જ કરવામાં આવે છે, કેમ કે નામ સુધારા સહિત ની સવલત માં બધા દસ્તાવેજો યોગ્ય હોવા છતાં ઉપરથી રીજેક્સન જ આવે છે અને એક રીજેક્સન આવે તો તે ઓપરેટર ને આધાર ઓથોરિટી દ્વારા એક હજાર રૂપિયા દંડ ઠોકવામાં આવે છે માટે કોઈજ ઓપરેટર આ જોખમ લેતા નથી, આધાર સુધારા માટે આવતા અરજદારો કલાકો લાઈનમાં ઊભા રહ્યા બાદ નંબર લાગે અને ઓપરેટર તેમના તમમાં દસ્તાવેજો ઓરીજીનલ અપલોડ કરે છે છતાં સામેથી રીનેક્સન જ આવતું હોય છે અને તેમાં કારણ ડોક્યુમેન્ટ ક્વોલિટી બતાવવામાં આવે છે, જેથી અરજદારે બીજી વાર સમય બગાડી આવવું પડે છે અને પહેલા ભરેલા રૂપિયા માથે પડતાં બીજીવાર રૂપિયા ભરવા પડે છે આમ આધાર ઓથોરિટી રીતસર ની લૂંટ ચલાવે છે.

સરકારે નવા આધારકાર્ડ બનાવવા કહ્યું છે કરાતું કોઈક કારણોસર બનતા નથી આધાર



ઓપરેટર પાસે સુધારા વધારા ની સુવિધા હોવા છતાં તેઓ કરતા નથી કેમ કે જો એક આધાર એપ્લિકેશન રિજેક્ટ થાય તો એક હજાર રૂપિયા ની પેનલ્ટી લાગે છે આ ખોટા નિયમ માટે જિલ્લા ના ઘણા ઓપરેટર ને લાખો રૂપિયા ની પેનલ્ટી લાગી છે.આમ આધાર ઓપરેટર અને અરજદાર પાસેથી આધાર ઓથોરિટી લાખો રૂપિયા ખોટી રીતના કમાઈ છે છતાં પણ તમામ સુધારા તો થતા જ નથી. ઓપરેટર ને પેનલ્ટી લાગ્યા બાદ પણ જો વધારે પ્રમાણ માં રીજેક્સન આવે તો પેનલ્ટી તો વસૂલ કરવામાં આવે જ છે સાથે સાથે યુઆઈડીએઆઈ ઓપરેટર ના આઈડી બંધ કરી એક વર્ષ માટે તેને સસ્પેન્ડ પણ કરે છે, આવા હાલમાં નર્મદા જિલ્લા સહિત ગુજરાત માં લગભગ ૫૬ ઓપરેટર ને સસ્પેન્ડ કરતા તેઓ બેરોજગાર બન્યા છે.

આમતો સરકાર ના નિયમ મુજબ મીનીમમ ૪૬૨ રૂપિયા લેખે વેતન આપવાનો સરકાર નો પરિપત્ર છે આ નિયમ હોવા છતાં એજન્સી ના ઓપરેટરો ને નિયમિત પગાર મળતો નથી હાલની સ્થિતિ જોઈએ તો નર્મદા જિલ્લા માં એક વર્ષથી વધુ સમય થવા છતાં આધાર ઓપરેટરો ને એજન્સી એ પગાર ચૂકવ્યો નથી ઉપરાંત લાખો રૂપિયા ની પેનલ્ટી મારતા આ કારમી મોંઘવારી માં જીવવું મુશ્કેલ બન્યું છે. આમ પગાર મળતો નથી ઉપરથી પેનલ્ટી લાગે છે માટે ઓપરેટરો કામગીરી કરતા ખચકાય છે. આમ આધાર સરકાર અરજદાર ની સાથે સાથે ઓપરેટરો ને પણ લૂંટી રહી છે. આ છે આધારકાર્ડ ની કામગીરી કરતા ઓપરેટરો ની હાલત.

જિલ્લા કલેકટર અને લાગતા વળગતા અધિકારીઓ આ ગંભીર બાબતે જરૂરી કાર્યવાહી કરી આધાર ઓપરેટરો ને ન્યાય અપાવે એ જરૂરી બન્યું છે.

# જાફરાબાદમાં રાત્રીના વિજળીના કડાકાભડાકા સાથે ધોધમાર વરસાદ

### વરસાદથી અનેક નુકસાની ધરતી ખેડૂતો અને સાગરખેડૂઓને મોટા પ્રમાણમાં નુકસાન

કિશોર આર. સોલંકી, જાફરાબાદ

જાફરાબાદ તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં રાત્રીના નવેક વાગ્યે ના સમયે વરસાદ ખાબક્યો હતો વિજળીના કડાકાભડાકા સાથે વરસાદ વરસ્યો હતો વરસાદ વરસતા સાગરખેડૂ મુંઝાયા બોમ્બે ડગ (બુમલા) માછલી ની સુકવણી માં વરસાદ ખાબકતા કરોડો રૂપિયા નુ નુકસાન તો બીજી બાજુ ધરતી ખેડૂતો ના પાકને મોટા પ્રમાણમાં નુકસાન વેઠવું પડ્યું છે. અતિવૃષ્ટિનો વરસાદ વરસતા કૃષિપાકો અને મત્સ્યોદ્યોગ ને મોટા પાયે નુકસાન થઈ ગયું છે. એમાં યે સમગ્ર દેશમાં બોમ્બે ડગ નામની બે ફૂટ ની માછલીની વિશેષતા ધરાવતું જાફરાબાદ પંથકમાં આ પ્રકારની માછલીઓ સુકવણી કરતા વરસાદ વરસતા સાગરખેડૂ ઓને પડ્યા ઉપર પાટું સિઝનની પ્રથમ સારું વાતથી વરસાદ ના લીધે પાયમાલ થતાં સાગરખેડૂ મોડી રાત્રી સુધી વરસાદ વરસ્યો હતો અને આજુબાજુ વિસ્તારોમાં નદી જેમ



પણી વહેતા હતા ખેતીમાં ઊભો પાકને ભારે નુકસાની હવામાન ખાતાની આગાહી ના પગલે ધોધમાર વરસાદ વરસ્યો હતો મોડીરાત્રી સુધી વરસાદ કડાકાભડાકા સાથે ધોધમાર વરસતા પાણીના પુર જોવા મળ્યા હતા વરસાદ સવારના વિરામ બાદ બપોરે બે વાગ્યે ફરી ધોધમાર વરસાદ વરસતા રોડ રસ્તાઓ ઉપર પાણી ફરી વળ્યુ હતું આ વરસાદ ના લીધે સાગરખેડૂ ઓ માં મુંજવણમાં મુકાયા છે. સિઝનની પ્રથમ સારું વાતથી અનેકવાર નુકશાન વેઠવું પડ્યું હોય સરકાર તરફથી સહાય ની આશા રાખતા સાગરખેડૂ ઓ અનેક કષ્ટ વેઠીને દરિયો ખેડવા મોકલે બોટ દ્વારા મધદરિયે થી ખલાસીઓ દ્વારા રાત-દિવસ એક કરી દરિયા ના પેટાળમાંથી માછલીઓ માળી બંદર સુધી લાવવામાં આવે છે. તે બોમ્બે ડગ ( બુમલા) ને બહેનો દ્વારા સુકવણી કરવામાં આવે છે. તે માટે બહેનો ને મંજુરી પણ આપવામાં આવે છે. પરંતુ સુકવણી કરવામાં આવેલ બોમ્બે ડગ (બુમલા) સુકાય તે પહેલાં વરસાદ ખાબકતા તમાંમ સુકવણી કરવામાં આવેલ બોમ્બે ડગ (બુમલા) રિક્ષાઓ તથા ટ્રેક્ટરો દ્વારા ફેંકી દેવામાં આવે છે. અને મોટા પ્રમાણમાં સાગરખેડૂ ઓ ને નુકશાન ભોગવવું પડી રહ્યું છે.

## આરોગ્ય વિભાગ ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસની આંકડાકીય માહિતી છુપાવવામાં આવી રહી છે

સુશીલ પવાર, ડાંગ

આરોગ્ય વિભાગની બેદરકારી ડેન્ગ્યુ અને મલેરિયાનાં કેસની આંકડાકીય માહિતી છુપાવતા કોંગ્રેસ આગેવાન ને રજુવાત. ડાંગ જિલ્લાનાં આહવા ખાતે આરોગ્ય વિભાગ દ્વારા બેદરકારી દાખવવામાં આવી રહી છે.તેમજ ડેન્ગ્યુ અને મેલેરિયાના કેસની આંકડાકીય માહિતી છુપાવવામાં આવી રહી છે.તેવા આક્ષેપો સાથે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ દ્વારા જિલ્લા કલેક્ટર, DDO અને જિલ્લા આરોગ્ય અધિકારી ને અરજી કરવામાં આવી છે.હાલ વર્ષાઋતુ ચાલી રહી છે.ત્યારે ડાંગ જિલ્લા અને તાલુકાના મથકે ઘણા આરોગ્ય લક્ષી કેસોની નોંધણી થયેલ છે.જે બાબતે કચેરી દ્વારા કે આરોગ્ય વિભાગ દ્વારા તકેદારીનાં પગલા રૂપે થયેલ કાર્યો તથા સર્વેની કામગીરી ખુબજ નબળી કરવામાં આવેલ હોવાનું જણાઇ આવેલ છે.તેમજ ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિનાં કાર્યકારી પ્રમુખ દ્વારા ગત દિવસોમાં આહવા ગામની ગ્રામસભામાં રજુ કરાયેલ આરોગ્ય લક્ષી પ્રશ્નો અને રજૂઆતો બાબતે પણ આરોગ્ય વિભાગ દ્વારા ઘોર બેદરકારી અને નિષ્કાળજી રાખવામા આવેલ છે. તેમજ તે બાબતે આજ દિન સુધી કોઈ પણ પ્રકારની સંતોષકારક કામગીરી કરવામાં આવેલ નથી કે યોગ્ય પગલા લેવામાં આવેલ નથી. તેમજ હાલ ડાંગ જિલ્લામાં અને ડાંગ જિલ્લાના ત્રણેય તાલુકા મથકે ડેંગ્યુ અને મલેરિયા જેવા જીવલેણ રોગોનો નોંધપાત્ર વધારો જણાયેલ છે.જે બાબતે છેલ્લા છ માસમાં ડાંગ જિલ્લા ખાતે આવા ડેંગ્યુ અને મલેરિયાના નોંધાયેલ તમામ કેસોની માસીક આકડાકીય વિગતવાર માહિતી પણ ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિનાં કાર્યકારી પ્રમુખ દ્વારા માંગવામાં આવેલ છે.વધુમાં કૉંગ્રેસનાં કાર્યકારી પ્રમુખ સ્નેહલભાઈ ઠાકરેએ જણાવ્યુ હતુ કે તા.25/09/2024 ના રોજ 38માંથી 09 જેટલા પોઝિટિવ કેસો આવેલ છે.જેની વિગત મારી પાસે છે.તથા લગભગ 24% એવરેજ કેસો પોઝિટિવ આવે છે તેમ છતાંય આરોગ્ય વિભાગ દ્વારા આંકડા છુપાવવામાં આવી રહ્યા છે.

## ગુજરાતના શહેર સહકારી બેંકો (UCBs) રાષ્ટ્રીય સાથીઓની તુલનામાં શક્તિશાળી NPA નિયંત્રણ દર્શાવ્યું છે, એમ NUCFDCના અધ્યક્ષ શ્રી જ્યોતિન્દ્ર મેહતાએ જણાવ્યું

### ગુજરાતની સહકારી બેન્કોના સરેરાશ GNPA માત્ર 0.5% છે, જે ભારતની તમામ UCBs માટેના રાષ્ટ્રીય સરેરાશ 3.8% ની તુલનામાં નોંધપાત્ર રીતે ઓછું છે

ગાંધીનગર । તા.26

ગુજરાતની શહેરી સહકારી બેન્કો મજબૂત કામગીરી દર્શાવી રહી છે, જેમાં એનપીએનું પ્રમાણ માત્ર 0.5% છે. શ્રી જ્યોતિન્દ્ર મેહતા, NUCFDCના અધ્યક્ષે 2024ના સહકાર સેતુ - પશ્ચિમ ભારત શહેરી સહકારી બેંકિંગ સમ્મેલનના પ્રારંભિક પેનલમાં આ બાબતને ઉજાગર કર્યો. આ ધોરણ રાજ્યની UCB ઈકોસિસ્ટમ માટે મજબૂત આર્થિક દૃષ્ટિકોણ સૂચવે છે. દિવસભર ચાલેલ આ સમ્મેલન, જે લિલા હોટલ, ગાંધીનગરમાં યોજાયો હતો, જેમાં ઉદ્યોગના નેતાઓએ ડિજિટલ ક્રિયાપ્રવર્તનની મહત્વતાનો સમાવેશ કર્યો. ઉદ્યોગના નેતાઓએ વિવિધ સિમ્પોઝિયમોમાં ભાગ લીધો, તેમણે જણાવ્યું કે મજબૂત ગ્રાહક કેન્દ્રિતતા, આંતરિક સમૂહોને કસ્ટમાઈઝ્ડ ઉકેલોમાં પહોંચવા માટેની પ્રતિબદ્ધતા અને શાસન અને નિયમનકર્તા ધોરણોમાં અનુકૂળતા



UCBsને વ્યાપક બેંકિંગ પ્રણાલી અંદર મહત્વપૂર્ણ સ્થાન મેળવવામાં સહાય કરી રહી છે. ઉદ્ઘાટન સત્ર દરમિયાન બોલતા શ્રી ભૂપેન્દ્ર પટેલ, માનનીય મુખ્યમંત્રી, ગુજરાત સરકાર એ સ્પષ્ટ અભિપ્રાય વ્યક્ત કર્યો હતો કે સહકારી બેંકિંગ ક્ષેત્ર માટે પારદર્શક સંચાલન અને તકનીકી નવીનતા દ્વારા વિકાસ કરવાનો આજનો સુવર્ણ સમય છે. તેમણે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં કો-ઓપરેટિવ બેન્કિંગ સેક્ટરના સસ્ટેનેબલ ગ્રોથ માટે સફળ પરિણામદાયી પ્રયાસો હાથ ધરાયા છે. કો-ઓપરેટિવ બેન્કિંગથી લઈને PACS સુધી દરેક ક્ષેત્રે 'સહકારથી સમૃદ્ધિ'નો મંત્ર સાકાર થયો છે તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતુ. વિકસિત ભારત@૨૦૪૭માં કો-ઓપરેટિવ બેન્કિંગ સેક્ટરથી લઈને સામાન્યમાં સામાન્ય માનવીના આર્થિક, સામાજિક ઉત્કર્ષ માટેના દરેક સેક્ટરમાં વડાપ્રધાનશ્રીએ ટેક્નોલોજી ટ્રાન્સફોર્મેશન અને ટ્રાન્સપરન્સીનો વ્યૂહ અપનાવ્યો છે. શ્રી નરેન્દ્રભાઈ-અમિતભાઈની જોડીએ ગુજરાતના સહકારી ક્ષેત્રનો બે દાયકામાં ક્રાન્તિકારી વિકાસ કરીને સમય સાથે નહિ, પરંતુ સમય કરતા બે ડગલા આગળ ચાલતું કર્યું છે.

# નર્મદા જિલ્લામાં ચોરોની દહેશત વચ્ચે અજાણ્યા વ્યક્તિઓ પર પ્રજા ત્રાટકી

ભરત શાહ દ્વારા - રાજપીપળા

તાજેતરમાં રાત્રીના સમયે ચોરોની ટોળકી આવે છે ગામેગામ ફરે છે એવા પ્રકાર ના મેસેજ સોસિયલ મીડિયા માં વાયરલ થઈ રહ્યા છે જેથી લોકોને ભયભીત કરી દીધા છે. અને ગામે ગામ રાત્રીના લોકો જાગરણ કરી પોતાના ગામ અને ઘરની સુરક્ષા કરે છે. ત્યારે શહેરોમાં અને ગામડાઓ માં સવારે પણ લોકો કોઈપણ અજાણયા ફેરિયાને કે વેપારીઓ ને ઘૂસવા દેતા નથી, નાંદોદ તાલુકાના પ્રતાપનગર ખાતે એક સાધુ જનતાના રોષનો ભોગ બન્યો, ચોરોની દહેશત વચ્ચે કંટાળેલી જનતા હવે અજાણ્યો દેખાય તેને મેથીપાક ચખાડે છે. નર્મદા જિલ્લાના પ્રતાપનગર ગામ ખાતે આવેલ એક સાધુને ગ્રામજનોએ મેથીપાક ચખાડ્યો આ અજાણ્યો સાધુ પ્રતાપનગર ગામ ખાતે આવેલ એટલે સાધુને ગ્રામજનો એ ઘેરી ને પૂછતાછ કરી, પરંતુ સાધુ તરફથી ગ્રામજનો ને યોગ્ય જવાબ ન મળતા સાધુ ને મેથીપાક આપતો એક વિડિઓ



વાયરલ થયો છે. જોકે ગ્રામજનો એ પોલીસ ને જાણ કરી છે તેમ જાણવા મળ્યું છે. અફવાના ગરમ વાતવરણમાં પોલીસે જાહેર જનતા જોગ સંદેશો સોશિયલ મીડિયા માં ફરતો કર્યો છે. જે સોસીયલ મીડિયામાં ફરતા વાયરલ થયેલા વિડિઓ છે જે જુના અને અન્ય વિસ્તારોના છે.

## ગાંધીનગર કેપિટલ-ભુજ સ્પેશિયલ અને ભુજ-બરેલી એક્સપ્રેસ ટ્રેન આંશિક રીતે રદ રહેશે.

અમદાવાદ । તા.26

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના ભુજ સ્ટેશન પર ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ (EI) કાર્ય હેતુ પ્રસ્તાવિત બ્લોકને કારણે ગાંધીનગર કેપિટલ-ભુજ-ગાંધીનગર સ્પેશિયલ અને ભુજ-બરેલી-ભુજ એક્સપ્રેસ ટ્રેનો ભુજ અને ગાંધીધામ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. જેની વિગતો નીચે મુજબ છે:- 1. 29 સપ્ટેમ્બર, 2024 ના રોજ, ગાંધીનગર કેપિટલથી ચાલતી ટ્રેન સંખ્યા 09455 ગાંધીનગર કેપિટલ-ભુજ સ્પેશિયલ ગાંધીધામ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ(સમાપ્ત) થશે અને ગાંધીધામ-ભુજ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. 2. 30 સપ્ટેમ્બર 2024ની ટ્રેન સંખ્યા 09456 ભુજ-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ ગાંધીધામથી શોર્ટ ઓરીજીનેટ (પ્રારંભ) થશે અને આ ટ્રેન ભુજ-ગાંધીધામ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. 3. 28 સપ્ટેમ્બર, 2024 ના રોજ, બરેલીથી ચાલતી ટ્રેન નંબર 14311 બરેલી-ભુજ એક્સપ્રેસ ગાંધીધામ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ(સમાપ્ત) થશે અને આ ટ્રેન ગાંધીધામ-ભુજ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. 4. 29 સપ્ટેમ્બર 2024ની ટ્રેન સંખ્યા 14322 ભુજ-બરેલી એક્સપ્રેસ ગાંધીધામથી શોર્ટ ઓરીજીનેટ (પ્રારંભ) થશે અને આ ટ્રેન ભુજ-ગાંધીધામ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના, રૂટ અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

# કુક્ડનખી ગામે આવેલ એસ.એસ.માહલા કેમ્પસની યોગ્ય તપાસ કરવા કોંગ્રેસ ની માંગ

સુશીલ પવાર, ડાંગ

ડાંગ જિલ્લાનાં વઘઇ તાલુકાનાં કુક્ડનખી ગામે એસ. એસ.માહલા કેમ્પસ નામની કોલેજ આવેલ છે.ત્યારે આ એસ.એસ.માહલા કેમ્પસ દ્વારા આચરવામાં આવેલ ભ્રષ્ટાચાર બાબતે ગંભીર બાબતો પ્રકાશમાં આવેલ છે.જેને લઇને યોગ્ય તપાસ કરવામાં આવે તેવી માંગ સાથે ડાંગ જિલ્લા કોંગ્રેસ સમિતિનાં આગેવાનોએ રાજ્યપાલ, મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય આદિજાતિ કમિશનર વગેરેને લેખિતમાં ફરિયાદ કરી છે. ડાંગ જિલ્લાનાં કુક્ડનખી ગામે એસ.એસ.માહલા કેમ્પસ નામની કોલેજ આવેલ છે.

ત્યારે આ એસ.એસ.માહલા કેમ્પસ દ્વારા આચરવામાં આવેલ ભ્રષ્ટાચાર બાબતે ગંભીર બાબતો પ્રકાશમાં આવેલ છે. જે ખૂબ જ દુ:ખદ બાબત છે.આ એસ. એસ.માહલા કેમ્પસ દ્વારા સરકારનાં નાણાનો દુરુપયોગ કરવામાં આવેલ હોય તેવુ જણાઈ આવેલ છે.તેમજ ગરીબ



આદિવાસી ભોળા વિદ્યાર્થીઓ સાથે અને પ્રજા સાથે દગો કરેલ છે જેથી આ સમગ્ર બાબતે એસ. એસ.માહલા કેમ્પસ સાથે જોડાયેલ તમામ બાબતોની ઊંડાણપૂર્વક તેમજ ન્યાયિક તપાસ કરવામાં આવે તેવી માંગ સાથે ડાંગ કોંગ્રેસ સમિતિ દ્વારા કાર્યકારી પ્રમુખ સ્નેહલ ઠાકરે,ડાંગ IT CELLનાં પ્રમુખ મનીષભાઈ મારકણા, યુથ પ્રમુખ રાકેશ પવાર, ડાંગ આદિજાતિ પ્રમુખ હરેશ ચૌધરી, આહવા તાલુકા કૉંગ્રેસ પાર્ટી સંગઠનનાં પ્રમુખ સુભાષભાઈ વાઘની આગેવાનીમાં એસ.એસ.માહલા કેમ્પસની તટસ્થ નિષ્પક્ષ તપાસ કરવા માટે આવેદનપત્ર પાઠવ્યુ હતુ. તેમજ આવેદનપત્રમાં જણાવ્યા મુજબ, એસ. એસ.માહલા કેમ્પસની માન્યતા કે રજીસ્ટ્રેશન બાબતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે થયેલ કરારો બાબતે ઝીણવટ પૂર્વક તપાસ કરી તમામ સાધનીક દસ્તાવેજોની તપાસ કરવામાં આવે,એસ. એસ.માહલા કેમ્પસ દ્વારા શરુઆતથી આજ દીન સુધી જેટલા કોર્સ ચાલે છે કે ચલાવાયેલ છે.

## ઝાલોદ હિન્દુ સમાજ અને સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા સિંગવડમા બાળકી સાથે થયેલ ધૃણાસ્પદ બનાવના વિરોધમાં મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું

દિપક રાવલ, દાહોદ

તા.19-09-2024 ગુરુવારના દિવસે સિંગવડ તાલુકાના તોરણી પ્રાથમિક શાળાની ધોરણ 1 મા અભ્યાસ કરતી 6 વર્ષની બાળકી સાથે તેની જ શાળાના આચાર્ય ગોવિંદ નટ દ્વારા દાનત બગાડી હતી , આ આચાર્યનો બદઈરાદો પૂરો ન થતાં તે આચાર્ય એ બાળકીને શ્વાસ રુંધાઈ તે રીતે બાળકીને પકડી મારી નાખી હતી. શિક્ષક અને શિક્ષણ જગતને શરમાવે તેવુ જઘન્ય કૃત્ય કરનાર શિક્ષક વિરુદ્ધ ચારે બાજુ વિરોધ થઈ રહેલ છે અને આવા



રાક્ષસી વૃત્તિ રાખનાર આચર્યને તાત્કાલીક ફાંસીની સજા મળે તેવી માંગ ઝાલોદ નગરના હિન્દુ સમાજ તેમજ સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા કરવામાં આવી હતી. ઉપસ્થિત સહુ લોકોએ બાળકીને શ્રદ્ધાંજલિ આપી હતી અને બાળકીની તસવીર લઈ આચાર્ય ગોવિંદ નટને ફાંસી આપો, પીડિત પરિવારને ન્યાય આપો તેવા સૂત્રોચ્ચાર સાથે ભરત ટાવર થી શહિદ રાજેશ ચોક ,ડબગર વાસ ,આંબેડકર ચોક ,સરદાર પટેલ ચોક ,ઝાલા વસૈયા ચોક થી મામલતદાર ઓફિસ સુધી રેલી કાઢી મામલતદાર કચેરીએ આવેદનપત્ર આપવામાં આવ્યું.

## કોયલીપાડા થી ચિકાર ગામની વચ્ચે જી.ઇ.બીનો સિમેન્ટનો થાંભલો તૂટી પડતા યુવકને ગંભીર ઈજા

સુશીલ પવાર, ડાંગ

પ્રાપ્ત વિગતો અનુસાર અજીત કુમાર મંડલ બાકેબિહારી મંડલ ( ઉ.વ.આ.35 રહે.ઈસ્માઇલપુર તા. ઈસ્માઈલપુર જી.ભાગલપુર બિહાર રાજ્ય) જેઓ ગઈ તા.23/09/2024નાં રોજ વઘઇ તાલુકાનાં કોયલીપાડા ગામથી ચિકાર ગામની વચ્ચે જી.ઇ.બી.નાં સિમેન્ટના થાંભલા ઉપર ચઢી જુના તાર ઉતારી નવા એમ.વી.સી. સી. કેબલ ફીટ કરતા હતા.તે દરમ્યાન અચાનક સિમેન્ટનો થાંભલો તુટી જતા આ યુવક નીચે પડી જવાથી તેમને બન્ને હાથમાં તથા પગમાં તેમજ માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી.ત્યારે તેમને પ્રથમ સારવાર માટે વાંસદાની શ્રી હોસ્પિટલ ખાતે તથા વધુ સારવાર અર્થે કિરણ હોસ્પિટલ સુરત ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. ત્યારે તેઓ હજુ સુધી ભાનમાં આવેલ નથી.આ બનાવને લઈને વઘઈ પોલીસે જાણવાજોગ ફરિયાદ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અત્યંત જટિલ બનાવેલી શિષ્યવૃત્તિની પ્રક્રિયાને સરળ બનાવવાની માંગ સાથે આમ આદમી પાર્ટીએ તમામ જિલ્લાના કલેકટરોના માધ્યમથી મુખ્યમંત્રીને આવેદનપત્ર સોંપ્યું

અમદાવાદ । તા.26

હાલ સમગ્ર ગુજરાતમાં શિષ્યવૃત્તિની ઓનલાઇન કેવાયસી ની જટિલ વ્યવસ્થા મુદ્દે બાળકો અને વાલીઓ ખૂબ જ હેરાન પરેશાન થઈ રહ્યા છે. માટે આજે આમ આદમી પાર્ટી દ્વારા સમગ્ર ગુજરાતના તમામ જિલ્લાઓમાં આ શિષ્યવૃત્તિની ઓનલાઇન કેવાયસી ની પદ્ધતિને સરળ બનાવવા માટે જિલ્લાના કલેકટર ના માધ્યમ થી રાજ્યના મુખ્યમંત્રીને આવેદનપત્ર સોંપવામાં આવ્યું.

અમદાવાદ, કચ્છ, ભુજ, જામનગર, ડેડીયાપાડા, સુરેન્દ્રનગર સહિત તમામ જિલ્લાઓમાં આમ આદમી પાર્ટીના પદ અધિકારીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓએ કલેક્ટર કચેરી ખાતે કલેકટરને આવેદનપત્ર સોંપ્યું હતું. આમ આદમી



પાર્ટી એ આ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, સને 2024 -25માં ડિજિટલ ગુજરાત પોર્ટલ પર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની ઓનલાઈન દરખાસ્ત કરવામાં અનેક ટેકનિકલ અને વ્યવહારિક મુશ્કેલીઓ છે, જે કારણે આ કામ સમય મર્યાદામાં પૂર્ણ કરવું અશક્ય છે અને પાત્રતા ધરાવતા અનેક વિદ્યાર્થીઓ ડોક્યુમેન્ટ સમયસર રજૂ ન કરી શકવાના કારણે શિષ્યવૃત્તિથી વંચિત રહે તેવી સંભાવના છે. તો આ બાબતે ઓછામાં ઓછા ડોક્યુમેન્ટ સાથે સરળતાથી લાયક વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ મળી રહે તે માટે શરતોમાં જરૂરી ફેરફાર કરવા અને ઓનલાઈન પ્રોસેસમાં પણ સોફ્ટવેરમાંએ સંબંધે સુધારા કરવા વિનંતી કરવામાં આવે છે. ઓનલાઈન દરખાસ્તમાં આવતી મુખ્ય અડચણો આ મુજબ છે, ચાલુ વર્ષ 2024 - 25થી રેશનકાર્ડમાં વિદ્યાર્થીઓનું નામ હોવું - એ પણ એમના પ્રિન્ટેડ કોડ સાથે હોવું અને એ આધારકાર્ડ સાથે લીંક હોવું ફરજીયાત છે.

## દાહોદમાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી કરણસિંહ ડામોરના અધ્યક્ષ સ્થાને આદિવાસી ભવન ખાતે નારી સંમેલન અને પોષણ માહની સંયુક્ત ઉજવણી કરાઈ

દિપક રાવલ, દાહોદ

સમગ્ર રાજ્યભરમાં અત્યારે આઈ સી ડી એસ વિભાગ દ્વારા પોષણ માસની ઉજવણી અન્વયે અનેકવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે જેમાં આંગણવાડી બહેનો ત્યારે દાહોદ જિલ્લામાં પણ રોજ બ રોજ વિવિધ પ્રવૃતિઓ થકી અનેકો કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. જે નિમિતે દાહોદમાં આદિવાસી ભવન ખાતે ગુજરાત રાજ્ય મહિલા આયોગ અને દાહોદ જિલ્લા પંચાયતના સંયુક્તક્રમે તાલુકા કક્ષાના નારી સંમેલન અને પોષણ માહની સંયુક્ત ઉજવણી કરવામાં આવી હતી.

નારી તું નારાયણી સૂત્રને આજની બહેનોએ સિદ્ધ કરી બતાવ્યું છે એમ કહેતાં જિલ્લા પંચાયત પ્રમુખશ્રી કરણસિંહ ડામોરએ ઉમેર્યું હતું કે, આજની નારી વિવિધ ક્ષેત્રોમાં સફળતાની સીડીઓ સર કરતી થઇ છે. આંગણવાડી બહેનોને સંબોધતા એમણે કહ્યું હતું કે, તમારા થકી જ સરકારશ્રીની ઘણી યોજનાઓ અમે છેવાડાના લોકો સુધી ફોન પહોંચતી કરી શક્યા છીએ. જે ખુબ જ સરાહનીય કાર્ય છે. સરકારશ્રી દ્વારા પણ બહેનોને આર્થિક સહાય માટે



અનેકો યોજનાઓ હેઠળ મદદ કરી રહી છે. આ કાર્યક્રમ દરમ્યાન નારી અદાલત, ૧૮૧ અભયમ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આપવામાં આવતી બહેનો સંબંધિત સેવાઓ અંગેની વિસ્તાર પૂર્વક જાણકારી પણ આપવામાં આવી હતી. ઉપરાંત દૂધ મંડળી ચલાવનાર બહેને પોતાના અનુભવ રજૂ કરીને પોતે તેમજ અન્ય બહેનોને આર્થિક રીતે સદ્ધર કઈ રીતે બન્યા એ જણાવ્યું હતું. તે સાથે આંગણવાડીમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર બહેનોનું તેમજ રમત - ગમત ક્ષેત્રે રાજ્ય કક્ષાએ પસંદગી પામનાર વિદ્યાર્થીનીનુ પણ અન્યોને પ્રેરણા દાયક બની રહે તે માટે સન્માન કરવામાં આવ્યું હતું તેમજ લાભાર્થી બહેનોને પોષણ કીટ, તેમજ કિશોરીઓને માતૃ શક્તિનું કીટ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ 130 વિધાનસભાના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા એ હવસખોર આચાર્યનો ભોગ બનેલી બાળકીના પરિવારની મુલાકાત કરી સાંત્વના પાઠવી બારમાના કરજ માટે 25000 મદદ કરી

દીપક રાવલ, દાહોદ

દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકાના તોરણી ગામની પ્રાથમિક શાળાના આચાર્ય દ્વારા ધોરણ એક ની માસુમ બાળકી સાથે શારીરિક અડપલા કરી દુષ્કર્મનો પ્રયાસ કરી મોતને ઘાટ ઉતારી દેવાની ઘટના બનતા સમગ્ર ગુજરાતમાં હડકમ મચી જવા પામ્યો છે.

ત્યારે નરાધમ આચાર્યની વાસનાનો ભોગ બનેલી માસુમ બાળકીના પરિવારને સાંત્વના પાઠવા માટે 130 ઝાલોદ વિધાનસભાના ધારાસભ્ય પીપળી દુ આવી પહોંચ્યા હતા સિંગવડ તાલુકાનું



તોયણી ગામ હાલ સમગ્ર ગુજરાતમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે કારણ કે આ જ ગામની સરકારી પ્રાથમિક શાળા ના ધોરણ 1 મા અભ્યાસ કરતી છ વર્ષની બાળકી સાથે શાળાના આચાર્યએ જ પોતાની કારમાં દુષ્કર્મ કરવાનો પ્રયાસ કરી હત્યા કરી દેતા સમગ્ર દાહોદ જિલ્લા સહિત ગુજરાતમાં આ નરાધમ આચાર્ય પ્રત્યે ફિટકારની લાગણી ફેલાઈ રહી છે ત્યારે આ હૃદય દ્રાવક ઘટના જે પરિવાર સાથે બની છે એ પરિવારમાં હાલ શોક નો મહોલ છવાયો છે ત્યારે આજે 130 ઝાલોદ વિધાનસભાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ ભુરીયા એ બાળકીના પરિવારને મળીને દુઃખની ઘડીમાં મળી તેમને હૂફ અને સાંત્વના પાઠવી હતી મહેશભાઈ ભુરીયા એ બાળકીને પુષ્પમાળા અર્પણ કરી શ્રદ્ધાંજલિ પાઠવી તેના પવિત્ર આત્માને શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

## પીપલોદ - દેવગઢ બારિયામાં હિન્દૂ સમાજ અને સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા સિંગવડનાં બાળકીના હત્યારાનું પૂતળું બાળી મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું

દિપક રાવલ, દાહોદ



ન્યાય આપો ન્યાય આપો અત્યાચાર કરનાર નેં ફાંસી આપો. ના નારા સાથે દેવગઢ બારીયા અને પીપલોદ ગમે રેલી કાઢવામાં આવી. પીપલોદ પોલીસ સ્ટેશન થી પીપલોદ ગામમાં સનાતન વર્લ્ડ પરિવાર પીપલોદ દ્વારા રેલી કાઢી બાળકીના હત્યારા આચાર્ય ના ફોટા ને ચપ્પલ અને લાતો મારી સરકાર શ્રીને જાહેરમાં ફાંસી આપવા ઉગ્ર માંગણી કરવામાં આવી. ત્યારબાદ દેવગઢ બારિયા ટાવર સર્કલ પર હિન્દૂ સમાજ અને સનાતન વર્લ્ડ પરિવાર દ્વારા ટાવર થી એકબત્તી થઈ નગરમાં સૂત્રોચાર કરી ટાવર પર હત્યારા આચાર્ય નું પૂતળું સળગાવવામાં આવ્યું.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# વિકરાળ આગમાં એક વ્યક્તિ ભડથું

## સુરતમાં ત્રણ માળના મકાનમાં ગમને મિક્સિંગ કરવા કેમિકલ નાખતી વખતે આગ લાગી, પાંચ લોકો દાઝ્યા

(એજન્સી) સુરત | તા. 26

સુરતના સીમાડા નાકા વિસ્તારમાં ત્રણ માળના મકાનમાં આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. ત્રીજા માળ ઉપર આગ લાગતા ખૂબ મોટા પ્રમાણમાં ધુમાડો નીકળવાનો શરૂ થઈ ગયો હતો. તેમજ ઉપર ટેક્સ્ટાઈલના જોબવર્કનું કામ ચાલતું હતું. આ દરમિયાન આ ઘટના બની હતી, અંદર કામ કરતા પાંચ લોકો દાઝી ગયા હતા. તેમજ એક વ્યક્તિનું મોત થયાનું પણ સામે આવ્યું છે. મેયર દક્ષેશ માવાણી અને શિક્ષણમંત્રી પ્રફુલ પાનસેરિયાએ સ્મીમેર હોસ્પિટલ ખાતે સારવાર લઈ રહેલાની મુલાકાત લીધી હતી.

સુરતના સીમાડા ખાતે આવેલા વાલમ નગરમાં એક મકાનમાં ત્રીજા મળે પતરાના રૂમમાં પટ્ટા પર ડાયમંડ લગાવવાનું કામકાજ ચાલી રહ્યું હતું. દરમિયાન ગમને મિક્સિંગ કરવા માટે કેમિકલ નાખતા સમયે અચાનક આગ લાગી ગઈ હતી. જેને પગલે અંદર કામ કરી રહેલા 8થી વધુ કારીગરોને અસર થઈ હતી. જેમાંથી 5 જેટલા દાઝી જતા સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જ્યારે એકનું સળગીને મોત થતાં તેની ડેડબોડી પોસ્ટમોર્ટમ અર્થે લાવવામાં આવી છે. આ સાથે જ બારીમાંથી બાજુના મકાન પર કૂદી જનાર મહિલા સહિત બેને સારવાર અર્થે સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે.

સીમાડા નાકા વિસ્તારની અંદર લાગેલી આગને કારણે પાંચ લોકો દાઝી ગયા છે. મળતી માહિતી મુજબ, ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળના મકાનમાં ઘટના બની હતી. ત્રીજા માળ ઉપર ડ્રેસ અને સાડી ઉપર ટીકી ચોંટાડવાનું કામ કરવામાં આવતું હતું. જેમાં કેમિકલનો પણ ઉપયોગ થતો હતો. આ ટીકી ચોંટાડવા માટે જે કેમિકલનો ઉપયોગ થાય છે તે ખૂબ જ જ્વલનશીલ હોવાને કારણે આ ઘટના બની હોવાનું અત્યારે જાણવા મળી રહ્યું છે.

ફાયર ઓફિસર જગદીશ પટેલે જણાવ્યું કે, કોલ મળતાની સાથે જ અમારી ટીમ ઘટનાસ્થળ ઉપર પહોંચી હતી. ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળના મકાનમાં આગ લાગવાની ઘટના બનતા આગ ઉપર કાબૂ મેળવવાનું શરૂ કરી દેવાયું હતું. જોબ વર્કનું કામ ચાલતું હોવાને કારણે કેમિકલનો ઉપયોગ થતો હતો અને જેના કારણે આગ ખૂબ મોટા પ્રમાણમાં પ્રસરી ગઈ હતી. એક વ્યક્તિ ગંભીર રીતે દાઝી ગયો હોવાથી તેનું મોત નીપજ્યું છે. તેમાં પાંચ લોકોને ઈજા થઈ છે. તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. કેટલાકને હોસ્પિટલમાં લઈ જવાયા છે. બચી જનાર કામદાર ધવલે જણાવ્યું હતું કે, સવારમાં શેઠ કઈક કામ કરી રહ્યા હતા.

ત્યારે અચાનક આગ લાગી ગઈ હતી. જેથી અમુક લોકો દાઝી ગયા છે. હું અંદર હતો. આગ લાગી ત્યારે હું ત્રીજા માળેથી બાજુના ધાબા પર ગયો હતો. ત્યારબાદ મારી પત્ની સ્નેહાને પણ બચાવી હતી. પતરાના શેડમાં ડાયમંડમાં કેમિકલ લગાવવાનું કામ કરવામાં આવતું હતું. ઈજાગ્રસ્ત દિશાંતની બહેન સ્નેહાએ જણાવ્યું હતું કે, મારો ભાઈ આ કારખાનામાં કામ કરતો હતો. આજે સવારે ત્યાં આગ લાગતા મારા ભાઈના હાથમાં ઈજા પહોંચી છે. હાલ તેની સારવાર ચાલી રહી છે. આગની ઘટનામાં ઈજાગ્રસ્ત લોકોની રાજ્યમંત્રી પ્રફુલ પાનસુરીયાએ સ્મીમેર હોસ્પિટલમાં મુલાકાત લીધી હતી અને વાતચીત કરી હતી. આ અંગે રાજ્યમંત્રી પ્રફુલ પાનસુરિયાએ જણાવ્યું હતું કે, મને સવારમાં જ આ ઘટનાના સમાચાર મળ્યા હતા. અમારા અગ્રણી દિનેશભાઈ દેસાઈ સ્થાનિકોને બચાવવા કામે લાગ્યા હતા. આ સાથે સુરતના મેયર પણ અહીં ઘટનાસ્થળે ઈજાગ્રસ્તોને મળવા પહોંચ્યા હતા. આગની ઘટનામાં ફાયરની કામગીરી બિરદાવાલાયક છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર મળે તે માટે જરૂરી સુચનાઓ આપી દેવામાં આવી છે. બધા દર્દીઓ સ્ટેબલ છે. ચારેય દાઝેલા વ્યક્તિને સામાન્ય ઈજા પહોંચી છે. નાના એવા મકાનમાં આ ગૃહ ઉદ્યોગ શરું કરવામાં આવ્યો હતો. સાડી ઉપર ડાયમંડ લગાવવાનું અને રેણ કરવાનું કામ ચાલતું હતું. જો કે, આજે આગ ક્યાં કારણોસર લાગી તે અંગે ચોક્કસ તપાસ કરવામાં આવશે.

### ન્યૂઝ કોર્નર

## મૂળીના ભેટ ગામે વીજળી પડતા 30થી વધુ બકરાના મોત

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગર જિલ્લામાં વાતાવરણમા અચાનક પલટો આવ્યા બાદ સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. આ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લાના મૂળીના ભેટ ગામે વિજળી પડતા 30થી વધુ બકરાના મોત નિપજવાનો ગોઝારો બનાવ બન્યો હતો.

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ અને ચોટીલામા દોઢ ઈંચ વરસાદ, મુળી, ચોટીલા અને દસાડામા એકાદ ઈંચ વરસાદ અને લીંબડીમા અડધો ઈંચ વરસાદ નોંધાયો હતો. આ દરમિયાન સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકાના ભેટ ગામે વિજળી પડતા 30થી વધુ બકરાના મોત નિપજવાનો ગોઝારો બનાવ બન્યો હતો. જેના લીધે પશુપાલક ઉપર આભ તૂટી પડતા ભારે નુકસાની ઉઠાવવાની નોબત આવી હતી.

## સગીરાનું લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી લઈ જતા ફરિયાદ

ઊંઝા | ઊંઝા પંથકની સગીરાને લલચાવી ફોસલાવી પટાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી અપહરણ કરી લઈ જતા હારીજ તાલુકાનાં ઈસમ સામે ઊંઝા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર ઊંઝા પંથકમા રહેતા મૂળ પાટણ જિલ્લાના શ્રમજીવી પરિવારની સગીરા તેના માતા-પિતા સાથે રહે છે. આ સગીરાને અલ્પેશજી નામનો યુવાન લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી અપહરણ કરી લઈ ગયો હતો. સગીરાના વાલીએ શોધખોળ કરતાં તેણીની મળી આવી ન હતી. જેથી તપાસ કરતા અલ્પેશજી નામનો યુવાન તેણીને પોતાનાં ઘરેથી ભગાડી લઈ ગયો હોવાનું જાણવા મળ્યું હતું. આ બનાવ સંદર્ભે સગીરાના પિતાએ ઊંઝા પોલીસ સ્ટેશનમાં અલ્પેશજી હવસીજી ઠાકોર હાલ રહે ગંગાપુરા રોડ ઊંઝા તા ઊંઝા મૂળ રહે કાઠીવાડા તા હારીજ જી પાટણ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### વડોદરામાં 110 કિમીની ઝડપે પવન ફૂંકાતા 20 મિનિટમાં તબાહી, 4નાં મોત, 29 વાહન દટાયા; 2 મહિનામાં વરસાદ, પૂર, પવને શહેરને હચમચાવ્યું

# વડોદરા વિકાસમાં પાછળ, આફતમાં આગળ...

**વડોદરા | વડોદરામાં ગઈકાલે (25 સપ્ટેમ્બરે) મોડી સાંજે 110 કિમીની ઝડપે પવન ફૂંકાતા 20 મિનિટમાં તબાહી મચી ગઈ. 4ના મોત 300થી વધુ વૃક્ષો, વીજપોલ અને હોર્ડિંગ ધરાશાયી થઈ ગયા. તો 26 ઓગસ્ટે 12 ઈંચ વરસાદથી 13ના મોત અને 24 જુલાઈએ વરસેલા 7 ઈંચ વરસાદે શહેરને બાનમાં લીધું હતું. ઉલ્લેખનીય છે કે ગત માર્ચમાં વિકાસનાં કામોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવા વડોદરા પહોંચેલા મુખ્યમંત્રીએ ટકોર કરતા કહ્યું હતું કે, અમદાવાદ-સુરત બંનેનો વિકાસ થયો છે, ત્યારે વચ્ચે રહી ગયેલું વડોદરા કેમ પાછળ રહી ગયું?**





## 110 કિમીએ પવન ફૂંકાતા શહેરમાં તબાહી

વાતાવરણના નીચલા ભાગ પર પવનોના કારણે બનેલા નવા વાદળો અને અપર એર સર્ક્યુલેશનને કારણે વડોદરામાં બુધવારે મોડી સાંજે 6 વાગ્યે વાવાઝોડા અને વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ પડ્યો હતો. અનેક સ્થળોએ વસ્તુઓ હવામાં ઉડતી જોવા મળી હતી. એક રેસ્ટોરન્ટ પાસે આખે આખું કેબીન ઉડીને દૂર ફેંકાઈ ગયું ગયું હતું. આ ઘટના CCTVમાં કેદ થઈ ગઈ હતી. સાંજે 20 મિનિટ પવનની ઝડપ 110 કિમીએ જતા 300થી વધુ વૃક્ષ ધરાશાયી થયા છે. જ્યુબિલીબાગ સહિત 3 સ્થળે વીજ થાંભલા પડ્યા હતાં. જ્યારે વાવાઝોડાને કારણે ચાર લોકોના મોત થયા છે. સાંજે 6થી રાતના 8 સુધીમાં 3 ઈંચ વરસાદ પડતાં ચાર દરવાજા સહિત 20થી વધુ વિસ્તારમાં પાણી ભરાયા હતાં.

ફાયર વિભાગમાં મળેલા કોલ મુજબ સવારે 6 વાગ્યા સુધીમાં 150 ઝાડ કટિંગની કામગીરી પૂર્ણ કરેલી છે. હજુ પણ શહેરમા એનેક જગ્યાએ ઝાડ પડેલા છે. અત્યાર સુધીમાં 14 કાર, 14 ટુ-વ્હીલર, 1 રિક્ષા મળી કુલ 29 વાહનોને નુકસાન થયું છે.

**ઝાડ અને બોર્ડ પડતા વાહનચાલકોના મોત:** પ્રચંડ વાવાઝોડાના કારણે એક 24 વર્ષીય યુવકનું મોત નીપજ્યું છે, તો જિલ્લાના પાદરામાં કિરણસિંહ છત્રસિહ રાઠોડ (ઉં.વ.50 રહે. પીપળીગામ ઘંટીવાળુ ફળિયુ તા.પાદરા જી. વડોદરા) ગઈકાલે સાંજે પોતાની બાઈક પર જતા હતા તે દરમિયાન અંબાશકરી નજીક રોડ ઉપર નીલગીરીનું મોટુ ઝાડ માથા પર પડતા ગંભીર ઈજા થતા તેમનું મોત નીપજ્યું હતું. તો બીજી તરફ શહેરના કપુરાઇ નજીક મૂળ વરાછા સુરતના 45 વર્ષીય જગદીશ હીરપરા પોતાની કાર લઈને હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન વિશાળ બોર્ડ તેમના પર પડતા તેમનું પણ મોત થયું હતું.

## કોઈ અધિકારી અહીં જોવા આવ્યા નથી

આ અંગે સ્થાનિક અશોકભાઈએ જણાવ્યુ હતું કે, સાંજે વાવાઝોડા સાથે વરસેલા વરસાદના કારણે મુકુલ ભારતી સ્કૂલ પાસેનું ઝાડ પડવાથી દુકાનોને નુકસાન થયું છે સાથે બે વીજ પોલ ધરાશાયી થતાં વીજ પુરવઠો ખોરવાયો છે. આ અંગે વીજ કંપનીમાં અમે જાણ કરવા છતાં પણ કોઈ અધિકારી અહીં જોવા આવ્યા નથી. સાથે જ ફાયરને પણ જાણ કરી છે.

પરંતુ અહીં કોઈ આવ્યું નથી. વેમાલી રોડ પર આવેલા અનેક ફ્લેટમાં બારીઓના કાચ તૂટી ગયા હતાં. શટર બારીઓમાં જે કાચ હતા તે કાચ પવનોના કારણે તૂટી નીચે પડતા રહીશોમાં ભય ફેલાયો હતો. ભયજનક સ્થિતિ વચ્ચે રહીશો દરવાજા અને બારીઓથી દૂર જ રહ્યાં હતાં. ગરબા ગ્રાઉન્ડમાં પાણી ભરાતા કાદવ થઈ ગયો હતો. જ્યારે મેદાનને કોર્ડન કરેલા પતરાં પણ ઉડી ગયા હતાં. કેટલાક ગરબા મેદાનો પર તોરણ સહિતનું જે પણ ડેકોરેશન કર્યું હતું તેને પણ નુકસાન થયું હતું. આમ આયોજકોને ફરીથી તૈયારી કરવાનો વારો આવ્યો છે.

## 57 જેટલા વીજપોલ ધરાશાયી

વાવાઝોડાના કારણે વીજ પુરવઠા અંગે માહિતી આપતા એમજીવીસીએલના સુપરિટેન્ડેન્ટ એન્જિનિયર ધર્મેશ પટેલે જણાવ્યું હતું કે, ગઈકાલે ભારે વાવાઝોડાના કારણે 40 જેટલા ફીડરો વડોદરા શહેરમાં બંધ પડ્યા હતા. જે મોડીરાત સુધીમાં કાર્યરત કરવામાં આવ્યા છે. હાલ સુધીમાં 57 વીજપોલ ધરાશાયી થયા છે.

જ્યારે હાલમાં શહેરના તરસાલી માંડવી સહિતના બેથી ચાર જેટલા વિસ્તારોમાં વીજ પુરવઠો આપવાની કામગીરી ચાલી રહી છે. આ સાથે વરસાદી માહોલ વચ્ચે દાહોદના 29 વર્ષીય જનક નીનામા હાલોલથી વડોદરા તરફ આવી રહ્યા હતા. તે દરમિયાન ટોલટેક્સ પાસે જ તેઓની બાઈક સ્લીપ થઈ હતી અને તેઓને ગંભીર ઈજા પહોંચતા તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં હાજર તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ તમામ મૃતક વ્યક્તિઓની સયાજી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## કોઠી કચેરીની દિવાલ પડતાં વાહનો દબાયાં

વરસાદને કારણે અનેક જગ્યાએ ઝાડ પડવાની ઘટના બની હતી. ઐતિહાસિક કોઠી કચેરીની દિવાલ પડી જતા પાર્ક કરેલા ટુ-વ્હીલર્સ અને કાર દબાઈ હતી. 110 કિમીની ઝડપે પવન ફૂંકાતા 10થી વધુ હોર્ડિંગ્સ ધરાશાયી થયા હતાં. સદનસીબે જાનહાનિ થઈ નહોતી. જો કે, કેટલાક રસ્તાઓ પર અવરોધો ઉભા થયા હતાં.

ફાયરબ્રિગેડે કામગીરી કરી રસ્તા ક્લિયર કર્યા હતા. બીજી તરફ વડોદરા શહેરના હરણી એરપોર્ટ બહાર આવેલ પેસેન્જર એરિયામાં છત પરથી પાણી પડતું હોવાનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં એરપોર્ટ પર આવેલ મુસાફરો ઉપર વરસાદી પાણી પડી રહ્યું છે. જેનાં કારણે મુસાફરોને ભારે હાલાકીને સામનો કરવો પડી રહ્યો છે.

## અમરેલીના લીલીયામાં મોડી રાત્રે ધોધમાર વરસાદ: નાવલીમાં પૂર

(એજન્સી) અમરેલી | તા. 26

અમરેલી જિલ્લામાં ગતરાત્રે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ખાસ કરીને લીલીયામાં ધોધમાર વરસાદ પડતા રોડ રસ્તા પર પાણી જ પાણી જોવા મળી રહ્યું હતું. તેમજ નાવલી નદીમાં પૂર આવ્યું હતું. લીલીયા ઉપરાંત બગસરા શહેર સહિત પંથકમાં પણ મધ્ય રાત્રીએ ધોધમાર વરસાદ ખાબક્યો હતો. બગસરા, સાપર, મુંજ્યાસર સહિત આસપાસના ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. રાજ્યમા ચોમાસુ વિદાય લેવાની તૈયારીમાં છે, જોકે, જતા જતા પણ રાજ્યના અનેક વિસ્તારમાં વરસાદ વરસાવ્યો છે. અમરેલી જિલ્લામાં મોડી રાતથી વહેલી સવાર સુધી ધોધમાર વરસાદ પડ્યો હતો. લીલીયામાં ધોધમાર વરસાદ પડતાં નાવલી નદીમાં પુર આવ્યું હતું. ઉપરાંત આસપાસના ગામડામાં પણ વરસાદ વરસ્યો હતો. વડીયા, બગસરા શહેર સહિત સાપર, મુંજ્યાસર, અરજણ સુખ, રામપુર, તોરી સહિતના ગામડામાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો. સાવરકુંડલાના આંબરડી સહિતના ગામડામાં વરસાદ ખાબક્યો હતો. ચલાલા શહેરમાં ધોધમાર વરસાદ ખાબક્યો હતો. રાતે મોટાભાગના વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યો હતો.

## વડોદરામાં જીવના જોખમે એજન્સીના કામદારોએ ઠેર-ઠેર બેનરો લગાવ્યાં : દુર્ઘટના સર્જાય તો જવાબદારી કોની...?

(એજન્સી) વડોદરા | તા. 26

વડોદરા સહિત સમગ્ર દેશમાં નવરાત્રિ પર્વની ઉજવણી અંગેની તૈયારીઓ તડામાર ચાલી રહી છે. મીઠાના ભાવે કોર્પોરેશનના મેદાનો મેળવી કરોડોની કમાણી કરતા આયોજકો પોતાની જાહેરત કરવા માટે શહેરમાં થેક ઠેકાણે પોસ્ટર-બેનર લગાવવા એજન્સીઓને કામ સોંપતા હોય છે. ત્યારે આ એજન્સીના કર્મચારીઓ રાત્રિના સમયે 66 કેવી હાઈ ટેન્શન લાઈવ પર જાહેરાતના બેનારો લગાવતા હોવાનો વીડિયો દિવ્ય ભાસ્કરના કેમેરામાં કેદ થયો છે. પોતાના જીવના જોખમે કામદારોએ નવરાત્રિની જાહેરાત કરતા બેનારો લગાવી દેધા છે. ત્યારે અહીં સવાલ એ થાય છે કે, આ કામગીરી દરમિયાન વીજ કરંટ લાગવો કે અન્ય કોઈ પ્રકારની દુર્ઘટના સર્જાય તો જવાબદારી કોની રહેશે?

શહેરના સરદાર એસ્ટેટથી વૃંદાવન ચાર રસ્તા અને ત્યાંથી વાઘોડિયા ચોકડી તરફ જતી હાઈ ટેન્શન લાઈન પર ઠેર-ઠેર નવરાત્રિની જાહેરાતના પોસ્ટર અને બેનર લગાવી દેવામાં આવ્યા છે. જાહેરાતનું કામ કરતી એજન્સીના માણસો રાત્રિના સમયે પોતાના જીવના જોખમે બેનરો લગાવી રહ્યોનો વીડિયો દિવ્ય ભાસ્કરના કેમેરામાં કેદ થયો છે. આ કામગીરી દરમિયાન જો શોર્ટ સર્કિટ થાય તો નીચે કામ કરી રહેલા લોકોના મોત પણ થઈ શકે છે. ત્યારે આવી એજન્સીઓ સામે વીજ વિભાગ કાર્યવાહી કરશે છે કે કેમ? તે જોવાનું રહ્યું.

આ અંગે વીજ વિભાગના અધિકારી કે. એચ. રાઠોડે ટેલિફોનિક વાતચીમાં જણાવ્યું હતું કે, આ બાબતે અમે સૂચનાઓ લગાવીએ છીએ અને આ અંગેની જાહેરાત પણ આપતા હોઈએ છે. જે એજન્સીએ આ પોસ્ટર અને બેનર લગાવ્યા હશે, તેઓની સામે અમે કાર્યવાહી કરીશું. હાલમાં અમારાં કર્મચારીઓ આ બાબતે સ્થળ તપાસ કરી બાદમાં કાર્યવાહી કરીશું.'વધુમાં આ બાબતે વડોદરા મહાનગરપાલિકાની જમીન મિલકત શાખાના અધિકારી વિક્રમ વસાવાએ જણાવ્યું હતું કે, કોર્પોરેશન દ્વારા કોર્પોરેશન હસ્તકના રોડ-રસ્તા અને જ્યાં બેનર લગાવી શકાય છે તે વિસ્તારમાં જ પરમિશન આપવામાં આવતી હોય છે. વીજ પુરવઠાની હાઈ ટેન્શન લાઇન પર લગાવેલા પોસ્ટર અને બેનર અંગે અમે અગાઉ પણ વીજ કંપનીના અધિકારી સાથે વાતચીત કરેલી છે. આવી પરમિશન અમે ક્યારે આપતા નથી. જવાબદાર સામે વીજ કંપની કાર્યવાહી કરી શકે.

અહીં સૌથી મોટો સવાલ એ છે કે, કોર્પોરેશનની પરવાનગી સિવાયની એનેક જગ્યાએ આવી એજન્સીઓ પોસ્ટર બેનર લગાવે છે અને તે ચાલતું રહે છે. પરંતુ વીજ કંપનીની 66 કેવી હાઈ ટેન્શન લાઈન પર ચડી જીવના જોખમે જાહેરાતનું વિશાળ બેનર લગાવવુ કેટલું યોગ્ય છે? આ બેનર લગાવનાર કામદારો માત્ર રોજ કમાઈને રોજ ખાનાર હોય છે. તેઓને માત્ર સૂચના આધારે કામગીરી કરવાની હોય છે.

**બ્રેકિંગ ન્યૂઝ**

## ભાડથર ગામે જુગાર રમતા કુલ સાત શખ્સો ઝડપાયા

દ્વારકા ખંભાળિયા | ખંભાળિયા પંથકમાં સ્થાનિક પી.આઈ. બી.જે. સરવૈયાના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન તાલુકાના ભાડથર ગામની ખાટલા ધાર સીમ વિસ્તારમાં ગત મોડીરાત્રીના પોલીસે જુગાર દરોડો પાડ્યો હતો. અહીંના એ.એસ.આઈ. હેમતભાઈ નંદાણીયા, હેડ કોન્સ્ટેબલ યોગરાજસિંહ ઝાલા તેમજ સામતભાઈ ગઢવીને મળેલી ચોક્કસ બાતમીના આધારે આ શખ્સો પાસેથી પોલીસે કુલ રૂપિયા 40,000નો મુદ્દામાલ કબજે કરી, જુગાર ધારાની કલમ હેઠળ ધોરણસર કાર્યવાહી કરી હતી.

## 17 વર્ષની સગીરા પર 3 સંતાનના પિતાએ દુષ્કર્મ આચર્યું:

સુરત | સુરતના અઠવા વિસ્તારમાં રહેતા શ્રમિક પરિવારની 17 વર્ષીય પુત્રીને ત્રણ સંતાનના પિતાએ લગ્નની લાલચ આપીને બિહાર ભગાડી ગયો હતો. પોલીસે સગીરાનું પગેરૂ દબાવીને બિહારના દરભંગા પંથકમાંથી પકડી પાડીને પરણિત પુરૂષની ચુંગાલમાંથી મુક્ત કરાવી હતી. નાનપુરા વિસ્તારમાં શ્રમિક પરિવાર વસવાટ કરે છે. આ પરિવારની નજીક ભાડે રહેતા 28 વર્ષીય મહંમદ જુનેદ મુસ્લિમ શેખ પ્લમ્બરિંગનું કામ કરતો હતો. દરમિયાન 17 વર્ષીય પુત્રીને જુનેદ પ્રેમસબંધના બહાને લગ્નની લાલચ આપીને ગત 10 સપ્ટેમ્બરના રોજ બપોરે અપહરણ કરી ગયો હતો.

## આઇશરે ટક્કર મારતાં પોલીસની કાર આગળ જતાં ટ્રકમાં ઘૂસી, 1 કર્મીનું મોત

(એજન્સી) બારડોલી | તા. 26

સુરતના નાના બોરસરા ગામ પાસે આરોપીને લઈને રાજકોટ જઈ રહેલી રાજકોટ જિલ્લા એલસીબી ટીમને અકસ્માત નડ્યો હતો. જેમાં આઈશર ટેમ્પોએ પાછળથી ટક્કર મારતાં કાર આગળ જઈ રહેલા ટ્રકમાં ઘૂસી ગઈ હતી. આ અકસ્માતમાં એક પોલીસકર્મીનું મોત નિપજ્યું છે. જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને હાલ ભરૂચના અંકલેશ્વરની જયાબા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

સુરત જિલ્લામાં પસાર થતા નેશનલ હાઈવે પર દિન પ્રતિદિન અકસ્માતના બનાવો વધી રહ્યા છે. ત્યારે વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. વહેલી સવારે રાજકોટ એલસીબીની ટીમ સુરતના હજીરા ખાતેથી બ્લેક ક્રેટા કારમાં પેરોલ જમ્પ આરોપીને લઈને ચાર એલસીબી પોલીસ જવાનો જઈ રહ્યા હતા. તે દરમિયાન પાછળથી પૂરઝડપે આવી રહેલ આઈશર ટેમ્પો ચાલકે ક્રેટાને ટક્કર મારી હતી. જેને લઈને કારચાલકે સ્ટેરીંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને કાર સીધી આગળ જઈ રહેલા ટ્રકમાં ઘૂસી ગઈ હતી. જેને લઈને કાર પડીકું વળી ગઈ હતી. કારમાં સવાર ચાર પોલીસકર્મી અને એક આરોપી દબાઈ ગયા હતા.

બનાવને પગલે સ્થળ પર દોડી ગયેલા હાજર લોકોએ કારમાં સવાર લોકોને બહાર કાઢ્યા હતા. જોકે ગંભીર ઈજાઓના કારણે દિગ્વિજયસિંહ રાઠોડ નામના પોલીસકર્મીનું મોત નિપજ્યું હતું. તેમજ અન્ય ઈજાગ્રસ્તોને ભરૂચ જિલ્લાના અંકલેશ્વરની જયાબા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ત્યારે આ ગમખ્વાર અકસ્માતની ઘટનામાં પોલીસકર્મીનું મોત થતાં પોલીસ બેડામાં શોક પ્રસરી ગયો છે. રાજકોટ જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાલ ઘટના સ્થળે આવવા રવાના થયા છે.

## વડોદરામાં ભાઈ-બહેન ટિકિટ વિના ટ્રેનમાં મુસાફરી કરતા ઝડપાયા દંડ અંગે મહિલા TCએ મહિલાને ગળાથી પકડી માર માર્યો

(એજન્સી) વડોદરા | તા. 26

ગાંધીધામ એક્સપ્રેસ ટ્રેનમાં ભાઈ અને બહેન ટિકિટ વગર યાત્રા કરી હતી. આ મામલે વડોદરા રેલવે સ્ટેશન પર પેનલ્ટી અંગે રકઝક થતાં મહિલા ટીસીએ મહિલા યાત્રીને ગળાથી પકડીને લઈ ગયા બાદ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી હતી. તો મહિલાના ભાઈએ TCને થપ્પડ મારી હતી. આ મામલે પણ TCએ ફરિયાદ નોંધાવી છે. આ બનાવ બનતાં વડોદરા રેલવે પોલીસે તપાસ હાથ ધરી છે. રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં-1 પર યાત્રીઓની હાજરીમાં આ ચોંકાવનારો બનાવ બનતાં યાત્રીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

વડોદરા રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ પ્રમાણે અર્ચના મહેશભાઈ પાટીલ (ઉં. વ.32), (રહે. મારૂતિ નગર-એ, વિજલપોર, તા. જલાલપુર, જિ. નવસારી)એ વડોદરા રેલવે પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તે પરિવાર સાથે અમદાવાદ રેલવે સ્ટેશનથી સુરત જવા માટે ગાંધીધામ-બેંગ્લોર એક્સપ્રેસ ટ્રેનના એસ-2 કોચના દરવાજા પાસે ઉભા રહી સુરત તરફ જવા માટે મુસાફરી કરતાં હતાં. તે દરમિયાન વડોદરા રેલવે સ્ટેશન આવે તે પહેલાં અમારા કોચમાં મહિલા ટીટીઈ આવીને અમારી પાસે ટિકિટ માગતા અમે જણાવ્યું હતું કે, અમદાવાદ રેલવે સ્ટેશનથી ઉતાવળમાં ટ્રેન પકડી હતી, જેથી અમારી પાસે ટિકિટ નથી, જેથી કુલ રૂ.1050નો દંડ ભરવા મહિલા ટીસીએ જણાવ્યું હતું. જેથી અમે દંડ ઓછો કરવા માટે કહ્યું હતું, તે દરમિયાન વડોદરા રેલવે સ્ટેશન આવી ગયું હતું. જેથી અર્ચના પાટીલને મહિલા ટીસીએ ટ્રેનમાંથી ઉતારી દીધા હતા પણ દંડ ઓછો કરવા વિનંતી કરતા મહિલા ટીસી મંજુલા ચૌહાણ ઉશ્કેરાઈ ગયા હતા

મહિલા યાત્રીને ગળાથી પકડીને યાત્રીઓ વચ્ચે તેમની ઓફિસ તરફ લઈ ગયા હતા અને કહ્યું હતું કે, તને હું જોઈ લઈશ અને દંડ તો હું કહું છું એ ભરવો જ પડશે તેમ કહીને મને બરડા તથા ગળાના ભાગે ઈજાઓ પહોંચાડી હતી અને માર માર્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની પણ ધમકી આપી હતી. આ બનાવ બન્યો ત્યારે અર્ચના પાટીલ સાથે તેમના પરિવારજનો પણ હતા. આ બનાવના સંબંધમાં વડોદરા રેલવે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

એક મહિલા અને પુરૂષ પાસે ટિકિટ ન હોવાથી રિઝર્વેશનનો દંડ ભરવા જણાવ્યું હતું. જેથી મને મહિલા પેસેન્જરે દંડ ઓછો કરવા વિનંતી કરી હતી. જેથી મેં કહ્યું હતું કે, દંડ ઓછો નહીં થાય, રેલવેના નિયમ અનુસાર દંડ થશે. જેથી દંડ ભરવા બાબતે તે મહિલા પેસેન્જર તેમજ તેના ભાઈએ મારી સાથે બોલાચાલી અને ગાળાગાળી કરી હતી. મહિલા પેસેન્જરના ભાઈએ તેની બહેનને ટ્રેનમા બેસી જા, હું આ ટીટીઈને જોઈ લઈશ અને મહિલા પેસેન્જર ટ્રેનમા ચઢવા જતા મેં રોક્યા હતા.

# સિહોર પાલિકાના ચકચારી બોગસ રોજમદાર પ્રકરણમાં સુપરવાઇઝર સહિત 3 ઝડપાયા

(એજન્સી) સિહોર | તા.26

સિહોર નગરપાલિકામાં ચકચાર મચાવનાર બોગસ રોજમદાર પ્રકરણમાં આખરે ચીફ ઓફિસરે તપાસ હાથ ધર્યા બાદ વોટર વર્કસ વિભાગના સુપરવાઈઝર અને રોજમદાર મળી ત્રણ વ્યક્તિ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.આ બનાવ સંદર્ભે પોલીસે સુપરવાઈઝરની સહિત ત્રણ શખ્સની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.આ બનાવ અંગે પ્રાપ્ત વિગત મુજબ સિહોરમાં આવેલ દવે શેરીમાં રહેતા અરૂણભાઇ કાળુભાઈ ગોહેલ ગત જાન્યુઆરી માસમાં સિહોર નગરપાલિકાના વોટર વર્કસ ડંકી વિભાગમાં રોજમદાર કી મેન તરીકે જોડાયેલ હોય અને ચાલુ નોકરી છોડી બહારગામ જતા રહ્યા હતા. અને તેમની જગ્યાએ ભરતભાઈ ગોવિંદભાઈ ગોહેલ (રહે. શિહોર)ને નોકરી ઉપર મોકલી તેમના નામે પગાર મેળવી લીધો હતો, તેમ જ વોટર વર્ક વિભાગના સુપરવાઇઝર અશ્વિનભાઈ રામભાઈ મીયાત્રા એ પણ અરુણભાઈ કાળુભાઈ ગોહિલના નામની હાજરીપત્રકમાં જાન્યુઆરી ૨૦૨૪ થી ઓગસ્ટ ૨૦૨૪ દરમિયાન ખોટી હાજરી બતાવી, ખોટા પ્રમાણપત્ર આપી તેનો સાચા તરીકે ઉપયોગ કરી ત્રણેય પૂર્વ નિયોજીત કાવતરું રચીને સિહોર નગરપાલિકા પાસેથી રૂ.૧,૦૦,૩૫૫ અરુણભાઈના પગાર પેટે જમા કરાવી એકબીજાની મદદગારી કરી અને નગરપાલિકા સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. સિહોર શહેરમાં ચકચાર જગાવનાર આ પ્રકરણ અંગે પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ દ્વારા તપાસ અહેવાલ મંગાવવામાં આવ્યા બાદ ચીફ ઓફિસરે સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી.

## ન્યુઝ ફ્લેશ

### ખંભાત પાલિકા પ્રમુખ અને કારોબારી ચેરમેનના ગજગ્રાહના લીધે બે મહિનાથી સ્ટ્રીટ લાઈટો બંધ

આણંદ : ખંભાત નગરપાલિકામાં અંદાજે ૪,૧૦૦ સ્ટ્રીટ લાઈટો આવેલી છે. જે પૈકી છેલ્લા બે મહિનાથી ૪૫૭થી વધુ સ્ટ્રીટ લાઈટો બંધ છે. પરિણામે શહેરના વિવિધ વિસ્તારોમાં રાત્રિના સમયે અંધારપટ છવાયેલો રહેતા શહેરીજનોને મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.

ખંભાત પાલિકા પ્રમુખ દિગ્વિજયસિંહ અને કારોબારી કમિટીના ચેરમેન જીતેન્દ્ર ખારવા વચ્ચે ગજગ્રાહના લીધે બે મહિનાથી શહેરમાં સ્ટ્રીટ લાઈટો બંધ છે. તે સમયે કારોબારી કમિટીના ચેરમેન જીતેન્દ્રભાઈ વિદેશ ગયા હતા. જેથી પાલિકા પ્રમુખ દિગ્વિજયસિંહે અન્ય ટેન્ડરો ખોલીને કામગીરી કોન્ટ્રાક્ટરોને સોંપી હતી. જોકે, પાલિકાનું સ્ટ્રીટ લાઈટનું વાર્ષિક રૂ.૨૨ લાખનું બજેટનું ટેન્ડર ખેલીને સ્ટેટમેન્ટ બનાવી તેને ફાઈલમાં મૂકી દીધું હતું.

### ઠાસરાની શેઢી નહેરમાં તણાયેલા 8 પૈકી 7 નું રેસ્ક્યૂ, એક લાપતા

ઠાસરા : ઠાસરામાં બાળકીના અંતિમવિધીમાં ગયેલા ડાઘુઓ શેઢી શાખાની મુખ્ય નહેરમાં નહાવા ગયા હતા. તેમાં આઠ વ્યક્તિઓ તણાયા હતા. જેમાંથી સાત વ્યક્તિઓનું રેસ્ક્યૂ કરાયું હતું. જોકે, એક અઢાર વર્ષિય યુવક તણાઈ ગયો હતો. આ અંગે પાલિકાની ટીમે સ્થાનિક તરવૈયાઓની મદદથી યુવકની શોધખોળ હાથ ધરી હતી. જોકે, મોડી રાત સુધી યુવકનો કોઈ પત્તા લાગ્યો ન હતો. ઠાસરાના બહાર ફળિયામાં એક બાળકીનું મૃત્યુ થતાં બુધવારે બપોરે સગા-સંબંધીઓ પાલિકાના મોટા સ્મશાન પાસે આવેલા સમાજના સ્મશાનમાં અંતિમવિધી કરવા ગયા હતા. અંતિમવિધી બાદ નહાવાની પરંપરા હોવાથી ડાઘુઓ શેઢી શાખાની મુખ્ય નહેરમાં નહાવા ગયા હતા.

### ગોબલજના ગોડાઉનમાં ધમધમતી ડુપ્લીકેટ ઈનોની ફેક્ટરી ઝડપાઈ

નડિયાદ : ખેડા તાલુકાના ગોબલજ ગામની સીમમાં આવેલા ગોડાઉનમાં ધમધમતી ડુપ્લીકેટ ઈનો બનાવવાની ફેક્ટરી ઝડપાઈ છે. પોલીસને સાથે રાખીને પડાયેલી રેડમાં રૂપિયા ૨.૨૯ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આ મામલે ખેડા શહેર પોલીસે ત્રણ ઈસમો વિરુદ્ધ કોપી રાઈટ ભંગનો ગુનો નોંધ્યો છે. આ તરફ ખેડા જિલ્લામાં એક બાદ એક નકલી સામગ્રી બનતી હોવાનું સામે આવતા જિલ્લો જાણે નકલ કરવાનું હબ બની ગયો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

ખેડાના ગોબલજ-પાણસોરી રોડ, ઓ.એન.જી.સી. ગેટ નં.૩ પાછળ આવેલા ગોડાઉનમા ઈનોનું પરવાના વગર પેકિંગ થઈ રહ્યું હતું. જ્યાં ખેડા શહેર અને અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસે સાથે રાખી ગઈકાલે તપાસ આદરી હતી. આ સમયે ત્યાં ભગવાન રૂપા ભાટી મશીન પર ગેરકાયદે ઈનોનું પેકિંગ કરી રહ્યા હતા. ગોડાઉનમાં ડુપ્લીકેટ ઈનોના પાઉચ બનાવવામાં આવતા હોવાનું સામે આવ્યું હતું.

## બોટાદના રાણપુર તાલુકાના કુંડલી સ્ટેશન નજીક મધ્યરાત્રિએ બન્યો બનાવ : સદનસીબે કોઈ જાનહાનિ નહીં

# ઓખા-ભાવનગર ટ્રેનના એન્જિન સાથે ધડાકાભેર પાટાનો કટકો અથડાયો

(એજન્સી) બોટાદ | તા.26

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના કુંડલી રેલવે સ્ટેશન નજીક મધ્યરાત્રિએ પસાર થયેલી ઓખા-ભાવનગર પેસેન્જર ટ્રેનનું એન્જિન રેલવે ટ્રેકની વચ્ચે પડેલાં મીટરગેજ લાઈનના પાટાનો કટકા સાથે અથડાતાં ટ્રેન થંભી ગઈ હતી. જેના પગલે નિદ્રાંધિન પેસેન્જરો સફાળા જાગી ગયા હતા. સંભવિત અકસ્માતની દુર્ઘટના સર્જાઈ તેના એક કલાક પહેલા જ અહીંથી માલગાડી પસાર થઈ હતી. જેથી કોઈ અજાણ્યા શખસો દ્વારા ટ્રેન ઉથલાવાના કથિત ષડયંત્રને માત્ર એક કલાકની અંદર જ અંજામ આપવામાં આવ્યો હોવાની શંકાના પગલે રેલવેના અધિકારીઓ, આરપીએફની ટીમ, બોટાદ એસ.પી., ડિવાયએસપી, ડોગ સ્કવોડ, એલસીબી-એસઓજી, રાણપુર પોલીસનો મસમોટો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. અને અજાણ્યા શખસો વિરૂદ્ધ ફરિયાદ નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.



ચકચાર મચાવનારી ઘટનાની મળતી વિગત મુજબ ઓખાથી ગત મંગળવારે ટ્રેન નં.૧૯૨૧૦ ભાવનગર આવવા નીકળી હતી. દરમિયાનમાં શરૂ રાત્રિના ૨.૫૮ કલાકે ઓખા ટ્રેન રાણપુર તાલુકાના કુંડલી સ્ટેશનથી બોટાદ રેલવે સ્ટેશન વચ્ચેથી પસાર થઈ રહી હતી. ત્યારે કિ.મી.૬૯/૪થી કિ.મી.૬૯/૫ની વચ્ચે પહોંચતા ટ્રેનના લોકો (એન્જિન) સાથે ધડાકાભેર કંઈક અથડાતા ભરનિંદ્રામાં રહેલા મુસાફરો ડરના માર્યા જાગી ગયા હતા. તો બીજી તરફ ટ્રેન થોડી આગળ ધપ્યા બાદ એન્જિન બંધ પડી જતાં ઉભી રહી ગઈ હતી. જેથી લોકો પાયલોટે નીચે ઉતરી તપાસ કરતા મીટરગેજ લાઈનના પાટાનો કટકો એન્જિન સાથે અથડાતા ટ્રેન ઉભી રહી ગઈ હોવાનું જાણવા મળ્યું હતું.

મુસાફરોને હાનિ પહોંચાડવા ટ્રેન ઉથલાવવાનો પ્રયાસની આશંકા સાથે લોકો પાયલોટે સમગ્ર બનાવની જાણ ઉચ્ચ અધિકારીઓને કરી હતી. જેના પગલે રેલવે પ્રોટેક્શન ફોર્સ (આરપીએફ), ભાવનગર રેલવેના અધિકારીઓ, બોટાદ જિલ્લા પોલીસ વડા, ડિવાયએસપી, રાણપુર પોલીસ, ડોગ સ્કવોડ, લોકલ ક્રાઈમ બ્રાંચ, સ્પેશિયલ ઓપરેશન ગુરપની ટીમ સહિતના પોલીસ કાફલોએ બનાવ સ્થળે પહોંચી સ્થળનું નિરીક્ષણ કરી તપાસનો ધમધમાટ આદર્યો હતો. રેલવે ટ્રેક પાસેથી પોલીસને મીટર ગેજની જૂની રેલવે લાઈનનો આશરે ચારેક ફૂટ લાંબો લોખંડના પાટાનો કટકો મળ્યો હતો. જેની સાથે ટ્રેનનું એન્જિન અથડાતા દબાણ ઓછું થઈ જવાથી એન્જિન બંધ પડયું હોવાનું પોલીસ અને રેલવે તંત્રની સયુંકત પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. વધુમાં આ અકસ્માતના એક કલાક પૂર્વે જ મધરાત્રે આ રેલવે ટ્રેક પરથી માલગાડી પણ પસાર થઈ હતી. જેના સંભવિત એકાદ કલાક બાદ આ અકસ્માત સર્જાતાં કોઈ અજાણ્યા શખસો દ્વારા એક કલાકની અંદર જ સ્લીપર અને બેલાસ્ટરની વચ્ચે ખાડો કરી લોખંડના પાટાનો કટકો ત્રાંસો ખોડી ટ્રેનનો અક્સ્માત સર્જવાનું ષડયંત્ર રચ્યું હોવાની શંકા સાથે પોલીસ અને રેલવે વિભાગે આ દિશામાં પણ તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળેલ છે. જો કે, આ અક્સ્માતની ઘટના માવસર્જિત ષડયંત્ર છે કે નહીં? તેની હાલ રેલવે તંત્રએ કોઈ સ્પષ્ટતા કરી ન હતી. બીજી તરફ, સમગ્ર ઘટનાને પગલે ટ્રેનમાં મુસાફરી કરી રહેલા યાત્રિકોમાં ભય ફેલાયો હતો અને જાણે મોતને હાથતાળી આપી પાછા ફર્યા હોય તેવો અહેસાસ કર્યો હતો.

## નડિયાદમાં ઉછીના નાણાં આપવાની ના પાડતા મહિલા પર એસિડ એટેક

નડિયાદ : નડિયાદમાં ઉછીના લીધેલા રૂ. પાંચ હજાર પાછા આપવાનું કહી મહિલાને મળવા બોલાવી પડોશી મહિલાએ રૂ. એક લાખ ઉછીના માગ્યાં હતાં. જેથી મહિલાએ વધુ નાણાં આપવાની ના પાડતા પડોશી મહિલાએ તેણી પર એસિડ ફેંક્યું હતું. બાદમાં મહિલાના કાનમાંથી સોનાની ૯ કડીઓ ખેંચીને કાઢી લઈ, ઈંટથી માર મારી, જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે નડિયાદ ટાઉન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. નડિયાદમાં સિવિલ હોસ્પિટલ પાછળ આવેલા ખોડિયારનગરમાં રહેતા મનિષાબેન ભાવેશભાઈ ગામેતી બુધવારે સવારે નરેન્દ્રપાર્ક સોસાયટીમાંથી ઘરકામ પુરુ કરીને શિવનગર તરફ જઈ રહ્યાં હતાં. ત્યારે તેમની પડોશમાં રહેતા શોભનાબેન પૂનમભાઈ રાવળે તેણીને ફોન કર્યો હતો અને મેં તારી પાસેથી ઉછીના લીધેલા રૂ. ૫ હજાર પાછા આપવાના છે, હું હાલ મોટા કુંભનાથ મહાદેવ મંદિર પાસે ઉભી છું ત્યાં આવ, એમ જણાવ્યું હતું. જેથી મનિષાબેન ત્યાં પહોંચ્યાં હતાં. ત્યારે શોભનાબેને પૈસાની જરૂર હોવાનું જણાવી વધુ રૂ. ૧ લાખની માંગ કરી હતી.

## વહિવટી તંત્રએ આળસ મરડી, આખરે દબાણોનો સફાયો

# બરવાળા પાલિકાએ 15 કોમર્શિયલ એકમ તોડી 4500 ચો.મી. જમીન પરથી દબાણ હટાવ્યું

(એજન્સી) બરવાળા | તા.26

બરવાળા નગરપાલિકાનાં અમદાવાદ-ભાવનગર હાઈવે રોડ ઉપર આવેલ ગામતળની જમીન ઉપર વર્ષોથી કરાયેલા કોમશયલ અનઅધિકૃત બાંધકામ દબાણ દુર કરાયા હતા. જેમાં મામલતદાર, ચીફ ઓફિસર, પોલીસ, પીજીવીસીએલ સહિતનાં અધિકારીઓ, કર્મચારીઓ,પોલીસ સ્ટાફ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ગામતળની સરકારી જમીન ઉપરના દબાણો દુર કરાતા લોકોમાં ફફડાટ મચી જવા પામ્યો હતો દબાણ કામગીરીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

બરવાળા નગરપાલિકા દ્વારા બુધવારે સવારથી અમદાવાદ-ભાવનગર હાઈવે રોડની જમણી બાજુએ અવેડાવાળી જગ્યાની પૂર્વ દિશા તરફ તેમજ ઉતાવળી નદીની ઉત્તર દિશા તરફ આવેલ કોમશયલ પ્રકારના ૧૫ જેટલા ગેરકાયદેસર બાંધકામવાળા એકમોને તોડી પાડવામાં આવ્યા હતા. બરવાળા નગરપાલિકા દ્વારા ગત તા. ૧૮ સપ્ટેમ્બરના નોટિસો પાઠવી અનઅધિકૃત બાંધકામ સ્વૈચ્છિક દુર કરવા હુકમ કરવામાં આવ્યા હતા. જે અન્વયે દબાણકર્તા ઈસમો દ્વારા પતરાના શેડ સ્વૈચ્છિક ઉતારી લેવામાં આવ્યાં હતા. જ્યારે દિવાલ તેમજ પાકું બાંધકામ નગરપાલિકા દ્વારા અનઅધિકૃત ગેરકાયદેસર ૧૫ જેટલા એકમોના દબાણો દુર કરવામાં આવ્યા હતા . બરવાળા નગરપાલિકાની ગામતળની જમીન ઉપરની જમીન ઉપર ૧૫ જેટલા કોમશયલ એકમોના ૪૫૦૦ ચો.મી. જેટલી જમીન ખુલ્લી કરાવવામાં આવી હતી. બરવાળા નગરપાલિકા વિસ્તારમાં આવેલ કોમશયલ પ્રકારના ગેરકાયદેસર દબાણ દુર કરાતા દબાણકારોમાં ફફડાટ મચી જવા પામ્યો હતો. બરવાળા નગરપાલિકા વિસ્તારના ગામતળની જમીન ઉપરના ગેરકાયદેસર બાંધકામ દુર કરવાની કામગીરીમાં નગરપાલિકાના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. જ્યારે આ કામગીરી અન્વયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે બરવાળા પોલીસ સ્ટેશન દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ઘણા સમયથી દબાણ હટાવવા મામલે અફવાઓ ચાલતી હતી કેમ કે, મોટા ભાગના દબાણો મોટા રાજકીય આગેવાનોના હતા જેના કારણે લોકમુખે ચર્ચા થતી હતી કે, આ તો અફવા જ છે. પરંતુ તંત્રએ કોઈની શેહશરમ રાખ્યા વગર દબાણો દૂર કરી દીધા હતા અને આગામી દિવસોમાં હાઇવે, સરકારી જમીનો અને ગૌચર પરના તમામ દબાણો દૂર કરવા સરકારી તંત્રએ માસ્ટર પ્લાન તૈયાર કરી રાખ્યો છે જેના પરિણામે દબાણ કરનાર ઈસમો ભારે દબાણની અનુભૂતિ કરી રહ્યા છે



## મહી નદીમાં પાણી છોડાતા કાંઠા વિસ્તારમાં ફસાઈ ગયેલા 11 પશુપાલકોનું રેસ્ક્યૂ

(એજન્સી) આણંદ | તા.26

કડાણા ડેમમાંથી મહીસાગર નદીમાં પાણી છોડવામાં આવ્યું હતું. જેને પગલે આંકલાવ તાલુકાના ખડોલ-ઉમેટા વિસ્તારમાં આવેલી મહીસાગર નદીમાં પાણીનો પ્રવાહ એકાએક વધી ગયો હતો. પરિણામે નદીના કાંઠા વિસ્તારમાં સવારથી પશુ ચરાવવા આવેલા ૧૧ પશુપાલકો અને ૩૦૦થી વધુ પશુઓ કાંઠા વિસ્તારમાં ફસાઈ ગયા હતા. આ બનાવની જાણ થતાં સ્થાનિક લોકો અને તરવૈયાઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. આ ઉપરાંત માછીમારી કરતા લોકોએ ખાનગી બોટ મારફતે તમામ ૧૧ વ્યક્તિઓનું રેસ્ક્યૂ કર્યું હતું. જોકે, પાણીનો પ્રવાહ વધુ હોવાથી પશુઓને બહાર કાઢી શકાયા નહતા. સ્થાનિકોએ રેસ્ક્યૂ કર્યા બાદ જિલ્લા વહીવટી તંત્ર ફાયરબ્રિગેડ સાથે ઘટનાસ્થળે પહોંચ્યું હતું અને પશુઓના રેસ્ક્યૂ માટે તજવીજ હાથ ધરી હતી. આંકલાવ તાલુકાના ખડોલ- ઉમેટા વિસ્તારમાં બુધવારે સવારે પશુપાલકો મહીસાગર નદીના કાંઠા વિસ્તારમાં પશુઓ ચરાવવા ગયા હતા.



## ખેડાના નડિયાદ તાલુકામાં 1 અને મહેમદાવાદમાં અડધો ઈંચ વરસાદ

(એજન્સી) નડિયાદ | તા.26

એક માસ અગાઉ રાજ્યમાં ભારે વરસાદ દરમિયાન ખેડા જિલ્લામાં પણ મેઘરાજાએ ધડબડાટી બોલાવી હતી, ત્યારે મહિના બાદ પુનઃ મેઘ મહેર થઈ છે. નડિયાદમાં એક અને મહેમદાવાદમાં અડધો ઈંચ વરસાદ પડયો છે. ખેડા જિલ્લામાં બુધવારે નડિયાદ તાલુકામાં સરેરાશ ૧ ઈંચ વરસાદ નોંધાયો છે, જ્યારે મહેમદાવાદ તાલુકાની વાત કરીએ તો સરેરાશ અડધો ઈંચ મોડી સાંજના સુમારે વરસાદ પડયો છે. માતરમાં પણ સામાન્ય ઝરમર વરસાદ થયો છે. આ તરફ અન્ય તાલુકાઓમાં દિવસ દરમિયાન વરસાદી વાતાવરણ સર્જાયું હતું. વાદળોએ ઘેરાવો કર્યો હતો પરંતુ, મેઘરાજાએ હાથતાળી આપી હતી. મહુધા અને ડાકોરના વિસ્તારોમાં ઝરમર વરસાદ થયો હતો. જિલ્લાના અત્યાર સુધીના કુલ સરેરાશ વરસાદના આંકડા જોતા કપડવંજમાં ૧૨૦૧ મિ.મી, કઠલાલમાં ૧૦૨૭, મહેમદાવાદમાં ૧૦૫૮, ખેડામાં ૧૦૦૬, માતરમાં ૧૧૨૩, નડિયાદમાં ૧૮૭૯, મહુધામાં ૧૧૯૨, ઠાસરામાં ૬૩૦, ગળતેશ્વરમાં ૯૦૯ અને વસોમાં ૧૦૭૧ મિ.મી. વરસાદ નોંધાયો.



## કપડવંજના લાલ માંડવામાં શ્વાનનો આતંક : 5 વ્યક્તિને બચકાં ભર્યાં

(એજન્સી) કપડવંજ | તા.26

કપડવંજ તાલુકાના લાલ માંડવામાં મંગળવારે પાંચ વ્યક્તિઓ અને બે શ્વાનને હડકાયા શ્વાને બચકાં ભર્યાં હતા. નજીકના ગામ ભોજાના મુવાડામાં પણ બે પશુઓને હડકાયું કુતરૂ કરડયું હતું. ભોગ બનનારા દર્દીઓને ગાંધીનગર અને નડિયાદ રિફર કરાયા હતા. કપડવંજ તાલુકામાં હડકાયા શ્વાન કરડવાના બનાવોમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. થોડા સમય પહેલા કપડવંજ તાલુકાના વડોલ ગામમાં એક જ રાતમાં ૪૦ ગ્રામજનોને હડકાયા શ્વાન કરડયા હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો હતો. ત્યારબાદ આંતરસુબા તેમજ આસપાસના વિસ્તારોમાં ઓગસ્ટ મહિનામાં ૧૨ લોકોને શ્વાન કરડવાના કિસ્સા નોંધાયા હતા. તે પછી ફરી વડોલ ગામમાં સાત લોકોને શ્વાને બચકાં ભર્યા હતા. જ્યારે ગઈ કાલ તા. ૨૪મીને મંગળવારે કપડવંજ તાલુકાના લાલ માંડવામાં અંદાજે ૧૧ વાગ્યાંના સુમારે પાંચ વ્યક્તિઓ અને બે શ્વાનને તેમજ નજીકના ગામ ભોજાના મુવાડામાં બે પશુઓને હડકાયું શ્વાન કરડયું હોવાનું બહાર આવ્યું છે.



## ઉમરાળા - રંઘોળા રોડ પરની શ્યામ હોટલમાંથી 2500 લીટર જ્વલનશીલ પ્રવાહી ઝડપાયું

(એજન્સી) ભાવનગર | તા.26

ઉમરાળા તાલુકાના રંઘોળા ગામ નજીક આવેલ શ્યામ હોટલમાં એલસીબીએ દરોડો પાડી ૨૫૦૦ લિટર જ્વલનશીલ પ્રવાહીનો જથ્થા ઝડપી લઇ બે ઇસમો વિરુદ્ધ ઉમરાળા પોલીસ મથકમાં ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.આ અંગે પ્રાપ્ત વિગત મુજબ એલસીબી પોલીસ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, આ બાતમીના આધારે એલસીબી પોલીસે શ્યામ હોટલમાં દરોડો પાડી હોટલના ગ્રાઉન્ડમાં રાખેલ અંડરગ્રાઉન્ડ લોખંડના ટાંકામાં તેમજ હોટલની પાછળની ઓરડીમાંથી મળી કુલ ૨૫૦૦ લિટર જ્વલનશીલ પ્રવાહી, કિં. રૂ. ૧,૨૫,૦૦૦, પ્લાસ્ટિકનો ટાંકો, પેટ્રોલ ડીઝલ પુરવાના મશીન, નોઝલ, નોઝલમાં ફીટ કરેલ ગન, ઈલેક્ટ્રીક મોટર તેમજ મોબાઈલ ફોન મળી કુલ રૂ ૧,૫૯,૫૦૦ નો મુદ્દામાલ કબજે કરી દરોડા દરમિયાન હાજર મળી આવેલ કિશોર જગદીશભાઈ ડાંગર અને પરેશ ઉર્ફે પીયુષ જગદીશભાઈ ડાંગર વિરુદ્ધ ઉમરાળા પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ઈન્સ્ટાગ્રામ પર પાકિસ્તાની સાથે પ્રેમ, કાશ્મીરી યુવક કચ્છ સરહદે પહોંચ્યો, પોલીસને કહ્યું - વિઝા આપો

(એજન્સી) ભુજ | તા.26

મુઝે પાકિસ્તાન જાના હૈ, વિઝા કહાં સે મિલેગા. ખાવડામાં એસ.ટી. બસ ઉભી રહી તેમાંથી ઉતરેલાં પ્રથમ નજરે જ કાશ્મીરનો હોય તેવી સ્કીન ધરાવતા યુવકે પોલીસ કર્મચારીને આ વાત કરી. એમ.એડ. સુધીનો ઉચ્ચ અભ્યાસ કરી ચૂકેલો ૪૪ વર્ષનો ઈમ્તિયાઝ શેખ ઈન્સ્ટાગ્રામથી પાકિસ્તાનના પંજાબ પ્રાંતની આલિયા નામની યુવતીના એકતરફી પ્રેમમાં પાગલ બન્યો હતો. કચ્છ સરહદે ખાવડા પોલીસ પાસે જ પહોંચેલાં ઈમ્તિયાઝ અને તેના પરિવારની એજન્સીઓએ તપાસ કરી હતી. પોતાને પ્રેમ થઈ ગયો છે તેવી પાકિસ્તાની યુવતી સુધી પહોંચવા કાશ્મીરથી ગુગલ મેપના આધારે કચ્છ સરહદે પહોંચેલા ઈમ્તિયાઝને કચ્છ પોલીસ અને એજન્સીઓએ ઊંડી તપાસ કર્યા બાદ વતન કાશ્મીર પરત મોકલ્યો છે. ઈન્સ્ટાગ્રામ પર ડોકટર આલિયા સોહેબ નામની આઇ.ડી. ઉપરથી એક તરફી પ્રેમમાં પડેલો કાશ્મીરના ગોડજાહાંગીર ગામનો યુવક પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં માશુકાને મળવા ગુગલ મેપના સહારે અમદાવાદ, વડોદરા બાદ ભુજ થઈને ખાવડા પહોંચ્યો હતો. કચ્છ સરહદના ખાવડામાં ઉતરતાં જ સ્થાનિક પોલીસ પાસે જઈને પાકિસ્તાનના વીઝા માંગતા પોલીસ જવાનો ચોંકી ઉઠયા હતા. કાશ્મીરના અને પાકિસ્તાન જવા ઈચ્છતા ઈમ્તિયાઝ શેખ નામના યુવકની પોલીસ સહિતની એજન્સીઓએ ઊંડાણભરી પૂછપરછ કરી હતી. આ યુવક એક તરફી પ્રેમમાં માનસિક વિચલિત થયો હોવાનું અને ઘરેથી કોઇને કહ્યા વગર જ નીકળી ગયો હોવાનું પરિવારજનોએ પોલીસને જણાવ્યું હતું.



## ચૂંટણી પ્રચારમાં આવતા નેતાઓને અને ગ્રામસભામાં રજૂઆત પણ પરિણામ શૂન્ય

# અસમતોલ વિકાસનું ઉદાહરણ : અંતિમ સંસ્કાર કરવા એક કિમી દૂર નદી ઓળંગીને જવું પડે છે

(એજન્સી) ભાવનગર | તા.26

વિકાસની હરણફાળના દાવાઓ વચ્ચે ગુજરાતમાં વાસ્તવિકતા જુદી જ છે. મહુવા તાલુકાના કોટિયા ગામના પરા વિસ્તારમાં ૬૫થી ૭૦ દેવીપુજક પરિવારો વસે છે. કોટિયા ગામથી એક કિમી દૂર આવેલી દેવીપુજક પરિવારોની વસાહતમાં રહેતા કોઈ વ્યક્તિનું મૃત્યું થાય તો તેમણે ૧ કિમી દૂર નદી ઓળંગીને અંતિમ સંસ્કાર કરવા માટે જવું પડે છે. ચૂંટણી પ્રચારમાં આવેલા નેતાઓથી લઈને ગ્રામસભામાં આ મુદ્દે રજૂઆત થઈ પરંતુ હજુ કોટિયા ગામ અને પરા વિસ્તારને જોડતો માર્ગ કે નદી પર પુલ બન્યો નથી.




૨૧મી સદીમાં વિકાસની હરણફાળના દાવાઓ વચ્ચે ગુજરાતમાં વાસ્તવિકતા જુદી જ છે. મહુવા તાલુકાના કોટિયા ગામથી એક કિમી દૂર દેવીપુજક પરિવારોની એક વસાહત આવેલી છે. આ વસાહતમાં ૬૫ થી ૭૦ પરિવારોના ૨૦૦ સભ્યો રહે છે. પરંતુ ગરીબોની આ વસાહતમાં હજુ વિકાસ પહોંચ્યો નથી. કોટિયા ગામના પરા વિસ્તારમાં આજે ૧૦૫ વર્ષિય વૃદ્ધાનું મૃત્યું થતાં તેમના પરિવારના સભ્યોએ ૧ કિમી ચાલી નદી ઓળંગીને અંતિમ સંસ્કાર કરવા જવું પડયું હતું અને કોટિયા ગામમાં આવુ દ્રશ્ય પહેલીવાર નથી. કોટિયા ગામના વહતુભાઈ કામળિયાના જણાવ્યા અનુસાર ગામથી ૧ કિમી દૂર આવેલા આ પરા વિસ્તારમાં રહેતા લોકો નાની મોટી ખરીદી કરવા કોટિયા ગામમાં આવવું પડે છે અને ગામમાં જવા આવવા માટે પાકો રસ્તો નથી અને રસ્તામાં એક નદી આવે છે તેના પર પુલ નહી હોવાથી નદી ઓળંગીને આવવું-જવું પડે છે. આજે ૧૦૫ વર્ષના વૃદ્ધાના અવસાન બાદ તેમના અંતિમ સંસ્કાર માટે મૃતદેહને ૧ કિમી દુરથી નદી ઓળંગીને લાવવામાં આવ્યો હતો. આ દ્રશ્ય અમારા માટે નવું નથી જ્યારે પણ કોઈ મૃત્યું થાય છે ત્યારે આવી રીતે જ અંતિમયાત્રા આવે છે. મોતનો મલાજો પણ નથી જળવાતો. પરા વિસ્તારમાં ૧૦૮ એમ્બ્યુલન્સ પણ પહોંચી શકતી નથી. કોઈ સગર્ભા મહિલા કે દર્દીઓને હોસ્પિટલ લઈ જવા હોય તો ૧ કિમી ચાલીને જ લાવવા પડે છે. થોડા દિવસ પહેલા એક નાના છોકરાનું સર્પદંશથી મૃત્યું થયું હતું.

## સર્વર ડાઉનની સમસ્યાઃ ગાંધીધામ મામલતદાર કચેરીમાં લોકોની ભીડ


(એજન્સી) ગાંધીધામ | તા.26

સમગ્ર રાજ્યમાં ઇ-કેવાયસીની વેબસાઇટ ખૂબ ધીમી ચાલી રહી છે. તેની સીધી અસર સામાન્ય લોકો પર પડી રહી છે. સરકારી સિસ્ટમ ધીમી ચાલી રહી હોવાથી લોકોને કલાકો લાઇનમાં ઊભા મજબૂર થવું પડી રહ્યું છે. ત્યારે ગાંધીધામમાં સ્થિતિ વધુ ખરાબ છે. દરરોજ લગભગ ૩૦૦૦ લોકોની અરજીઓ આવી રહી હોવા છતાં સર્વર એકદમ સ્લો ચાલી રહ્યું હોવાથી લોકોની સાથે કર્મચારીઓ પણ ત્રાસી ગયા છે. આ અંગે મળતી માહિતી મુજબ શિષ્યવૃતિમાં નિયમ મુજબ ઇ-કેવાયસી કરાવવું ફરજિયાત છે. જેથી જેટલા પણ બાળકોને શિષ્યવૃતિનો લાભ લેવો હોય તેના વાલીએ મામલતદાર કચેરીએ જઇ જરૂરી આધાર-પુરાવા સાથે પોતાના અંગૂઠાની નિશાની આપવાની હોય છે. જે પણ આગામી ૩૦મી તારીખ સુધીમાં જ ઇ-કેવાયસી કરાવી લેવા સમય અપાયો છે. ત્યારે ગાંધીધામમાં દરરોજ ૩૦૦૦થી વધુ આવી અરજીઓ આવે છે. પરંતુ સર્વર ધીમો હોવાથી લોકોના કામ થવામાં ઝડપ ન આવી શક્તી હોવાથી લાંબી લાઈનો લાગી રહી છે અને લોકો કલાકો સુધી તડકામાં ઊભા રહેવા મજબૂર બન્યા છે.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
આજે તમારી આર્થિક સ્થિતિમાં સુધારો થશે. તમારા સાથીદારો પ્રત્યેનું તમારું વર્તન ઉદાર રહેશે અને તમે તેમની બધી ભૂલોને માફ કરવા માટે તૈયાર છો.




**વૃષભ (બ,વ,ઉ)**
લાંબા સમય પછી આજે તમને કોઈ સારા સમાચાર મળશે. મહત્વપૂર્ણ કાર્ય પૂરા થતાં લાભદાયી તકો પ્રાપ્ત થશે.




**મિથુન (ક,છ,ઘ)**
તમે ક્યારેય કાર્યક્ષેત્રમાં થતાં ફેરફારોથી ડરતા નથી. પરંતુ, આજે સરકાર કે તંત્ર તરફથી કેટલાંક બદલાવ આવી રહ્યા છે જે તમને ખૂબ પરેશાન કરી શકે છે.




**કર્ક (ડ,હ)**
તમે હંમેશાં બીજાના ભરોસે બેઠા છો. જો બીજા લોકો કાર્ય કરશે તો જ તમે કામ કરશો. તમારે આજે આ ટેવ બદલવી પડશે. નહીં તો તમે ઘણું ગુમાવશો. જે તમને નુકસાન પહોંચાડી શકે છે.




**સિંહ (મ,ટ)**
આજે તમે અનેક પ્રકારની મૂંઝવણોમાં રહેશો. એકતરફ તમારા પ્રેમી અથવા પ્રિય વ્યક્તિ માટે કોઈપણ વસ્તુ અથવા ભેટ ખરીદવાની ઉતાવળ થશે.




**કન્યા (પ,ઠ,ણ)**
સમાજસેવા એક એવું ક્ષેત્ર છે જ્યાં તમારી બમણી પ્રગતિ થશે. જો તમે કોઈ સંસ્થા સાથે સંકળાયેલા છો તો સારી વાત છે. આજે તમને ઘણી તક મળશે.




**તુલા (ર,ત)**
આજે કેટલાંક લોકો તમારા કામમાં મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. તમે નારાજ થઈ શકો છો અને તમારા કાર્યો પૂરા કરતા પહેલા જ તે છોડી શકો છો.




**વૃશ્ચિક (ન,ય)**
આજે તમે તમારા મિત્રો અને પ્રિયજનો માટે ખૂબ ચિંતા કરી શકો છો. તમારું કાર્ય છોડીને તમે અન્ય લોકો સાથે તેમના કોઈ કાર્યમાં ભાગ લઈને તમારો કિંમતી સમય બગાડો છો.




**ધન (ભ,ધ,ફ)**
તમારું મન સંત સાથેની મુલાકાતથી ખુશ રહેશે. તમે ગુસ્સે થશો ત્યારે પણ ગુસ્સો નહીં આવે. આની મદદથી તમે ખરાબ વાતાવરણને વધુ સારું બનાવી શકશો.



**મકર (ખ,જ)**
આજે ઉદાસ વલણ અને શંકાના વાદળ તમારા મનને ઘેરી લેશે. જે તમને માનસિક રીતે નુકસાન પહોંચાડી શકે છે. ઘરમાં શાંતિનું વાતાવરણ રહેશે.



**કુંભ (ગ,શ,સ)**
આજે તમારે કોઈ નિર્ણય લેવો હોય તો તે કાળજીપૂર્વક લો નહીં તો તમારી કરુણા અને ઉદારતા તમને મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.



**મીન (દ,ચ,ઝ,થ)**
આજે કાર્યસ્થળમાં બીજા પર ભરોસો રાખવાને બદલે તમારી મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરો. જે તમને ફાયદો કરાવશે, નહીં તો તમારે આ ક્ષેત્રમાં ભારે નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

# F&O સંબંધિત ધોરણોમાં તોળાતા ધરખમ ફેરફારો

(એજન્સી) મુંબઈ | તા 26




વાયદા-ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ (ડેરિવેટીઝ)ના વેપારમાં અનેક લોકો ટ્રેડીંગમાં ખુવાર થઈ રહ્યા હોઈ અને યુવા પેઢી બરબાદ થઈ રહ્યાના ચોંકાવનારા અને ચિંતાજનક આંકડા સેબી અભ્યાસમાં બહાર આવતાં હવે સેબીની આગામી ૩૦, સપ્ટેમ્બર ૨૦૨૪ની બોર્ડ મીટિંગમાં ડેરિવેટીઝમાં ટ્રેડીંગને હાઈ નેટવર્થ અને સંસ્થાકીય ઈન્વેસ્ટરો પૂરતું મર્યાદિત કરી દેવા માર્જિન આવશ્યકતા માપદંડો અને નેટવર્થ લિમિટમાં મોટો વધારો તેમ જ ખાસ ઈન્ડેક્સ ડેરિવેટીઝ માળખામાં ફેરફારો થવાની શકયતા છે. ખેલો ઈન્ડિયા ખેલોનો ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સના કેસીનોમાં પાછલા દિવસોમાં રોજે રોજ કોઈને કોઈ કોન્ટ્રેક્ટ્સની એક્સપાયરી ધરાવતા સંખ્યાબંધ વાયદા શરૂ કરી દેનારા નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ)ના ઈન્ડેક્સ ડેરિવેટીઝ વાયદાઓની સંખ્યા ઘટાડવા મજબૂર કરતાં ફેરફારો આ મીટિંગમાં કરવામાં આવે એવી સંભાવના સૂત્રો બતાવી રહ્યા છે. નાના રિટેલ ઈન્વેસ્ટરો ટ્રેડીંગમાં ખુવાર થઈ રહ્યા હોવાથી આ ઈન્વેસ્ટરો, યુવા પેઢીની એન્ટ્રી મુશ્કેલ બનાવવા માટે લઘુતમ કોન્ટ્રેક્ટ મૂલ્ય પણ વધારીને રૂ.૧૫થી રૂ.૨૦ લાખ કરવામાં આવી, ત્યાર બાદ આ મૂલ્ય વધારીને રૂ.૨૦થી રૂ.૩૦ લાખ કરવામાં આવશે એ ઉપરાંત સ્ટ્રાઈક પ્રાઈસમાં પણ ફેરફાર થવાની શકયતા છે. નાણા પ્રધાન નિર્મલા સીતારામન અને સેબી ચેરપરસન માધબી પુરી બુચ દ્વારા ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ (એફ એન્ડ ઓ)માં ટ્રેડીંગ જે પ્રકારે થઈ રહ્યું છે એમાં તાત્કાલિક ધોરણે પગલાં લેવાની આવશ્યકતા પર ટિપ્પણી અવારનવાર કરવામાં આવી છે અને આ બાબતે જનતા પાસેથી ટિપ્પણી માંગવાની મુદત પણ ૨૦, ઓગસ્ટના પૂરી થઈ ગઈ હોઈ સેબીની આ વખતની બોર્ડ મીટિંગમાં એફ એન્ડ ઓ ટ્રેડીંગમાં અંકુશ માટેના સખ્ત પગલાં, ફેરફારો થવાની પૂરી શકયતા બતાવાઈ રહી છે. ૩૦, જુલાઈના સેબીએ સેના કન્સલટેશન પેપર થકી દરેક સ્ટોક એક્સચેન્જ દીઠ એકમાત્ર ઈન્ડેક્સ બેઝડ વિક્લી કોન્ટ્રેક્ટ સહિત પ્રસ્તાવિત કર્યું છે. જેથી આ સંબંધિત સુધારા પણ થવાની શકયતા છે. સેબી બોર્ડ મીટિંગમાં આ સિવાય કેટલાક મહત્વના નિર્ણયો, ફેરફારોમાં ઓગસ્ટ ૨૦૨૩માં સર્કયુલર થકી ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ) માટે જારી કરાયેલા વધારાના ડિસ્કલોઝર ધોરણોનું પાલન કરવાનું સરળ બનાવવામાં આવે એવી પણ સંભાવના છે. ૨૦૨૩ના સર્કયુલરમાં કોર્પોરેટ ગુરૂપમાં કોન્ટ્રન્ટ્રેટેડ હોલ્ડિંગ્સ અથવા ભારતીય બજારમાં ઊંચું એક્સપોઝર ધરાવતાં એકમોને એ ચોક્કસ એફપીઆઈઝમાં તેમની માલિકી, અંકુશ અથવા હિત સંબંધિત જીણવટભર્યા ડિસ્કલોઝર કરવા જણાવ્યું હતું. સેબી મીટિંગમાં ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝરો અને રિસર્ચ એનાલિસ્ટો માટે શિક્ષણ લાયકાત અને અનુભવ જરૂરીયાત સંબંધિત કમ્પલાયન્સ ધોરણોને સરળ બનાવવામાં આવે અને નેટવર્થ આવશ્યકતાને રદ કરવામાં આવે તેમ જ બન્ને ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર અને રિસર્ચ એનાલિસ્ટ તરીકે રજીસ્ટ્રેશનની મંજૂરી આપવામાં આવે એવી પણ શકયતા છે. જ્યારે મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગ માટે સંબંધિત બે પ્રમુખ ફેરફારોમાં એક પેસિવલી મેનેજડ ફંડો માટે ઓછા કમ્પલાયન્સની આવશ્કતા માટે મ્યુચ્યુઅલ ફંડ લાઈટ રેગ્યુલેશન્સ દાખલ કરવામાં આવી શકે અને બીજું તેમના ડોક્યુમેન્ટ્સમાં રિસ્ક એડજસ્ટ રિટર્ન જાહેર કરવાનું આવશ્યક બનાવવામાં આવી શકે છે.

# 2023-24માં ભારતનું ખાદ્યાન્ન ઉત્પાદન રેકોર્ડ 333 મિલિયન ટન

(એજન્સી) મુંબઈ | તા 26



ઘઉં અને ચોખાના બમ્પર ઉત્પાદનને કારણે જૂનમાં પૂરા થયેલા ૨૦૨૩-૨૪ પાક વર્ષમાં ભારતનું ખાદ્યાન્ન ઉત્પાદન રેકોર્ડ ૩૩૨.૨૨ મિલિયન ટન પર પહોંચ્યું છે. ૨૦૨૩-૨૪ માટે અંતિમ અંદાજ અગાઉના વર્ષના ૩૨૯.૬ મિલિયન ટનથી ૨.૬૧ મિલિયન ટનનો વધારો દર્શાવે છે તેમ કૃષિ મંત્રાલયે જણાવ્યું હતું. ચોખાનું ઉત્પાદન ૨૦૨૨-૨૩માં ૧૩૫.૭૫ મિલિયન ટનથી વધીને ૧૩૭.૮૨ મિલિયન ટનના રેકોર્ડને સ્પર્શ્યું હતું. ઘઉંનું ઉત્પાદન પણ અગાઉના વર્ષના ૧૧૦.૫૫ મિલિયન ટનની સરખામણીએ ૧૧૩.૨૯ મિલિયન ટનની ઊંચી સપાટીએ પહોંચ્યું હતું.

જોકે, કઠોળનું ઉત્પાદન ૨૬.૦૫ મિલિયન ટનથી ઘટીને ૨૪.૨૪ મિલિયન ટન થયું હતું અને તેલીબિયાંનું ઉત્પાદન ૪૧.૩૫ મિલિયન ટનથી ઘટીને ૩૯.૬૬ મિલિયન ટન થયું હતું.

શેરડીનું ઉત્પાદન ૪૯૦.૫૩ મિલિયન ટનથી ઘટીને ૪૫૩.૧૫ મિલિયન ટન થયું અને કપાસનું ઉત્પાદન ૩૩.૬૬ મિલિયન ગાંસડીથી ઘટીને ૩૨.૫૨ મિલિયન ગાંસડી (૧ ગાંસડી બરાબર ૧૭૦ કિલો) થયુ હતું. પ્રદેશો પાસેથી મળેલી માહિતી પર આધારિત છે, એમ મંત્રાલયે ઉમેર્યું હતું. મંત્રાલયે જણાવ્યું હતું કે કઠોળ, બરછટ અનાજ, સોયાબીન અને કપાસના ઉત્પાદનમાં થયેલા ઘટાડા માટે મહારાષ્ટ્ર સહિત દક્ષિણી રાજ્યોમાં દુષ્કાળ જેવી સ્થિતિ અને ઓગસ્ટ દરમિયાન ખાસ કરીને રાજસ્થાનમાં લાંબા સમય સુધી સુકા સ્પેલને આભારી છે.

## NEWS BRIEF

### 223 ગણું સબ્સ્ક્રિપ્શન, રોકાણકારોએ આ IPO પર ભારે રોકાણ

મુંબઈ। નોન બેંકિંગ ફાઈનાન્સ કંપની (NBFC) મનબા ફાઈનાન્સ લિમિટેડના IPO ને અદ્ભુત પ્રતિસાદ મળ્યો છે. 151 કરોડનો આ IPO 23 સપ્ટેમ્બરે રોકાણ માટે ખુલ્લો હતો અને આજે 25 સપ્ટેમ્બરે બંધ થયો હતો. આ સમયગાળા દરમિયાન, બિડિંગના ત્રીજા અને છેલ્લા દિવસ બુધવાર સુધી આ IPO 223.12 વખત સબસ્ક્રાઈબ થયો હતો. IPO માટે પ્રાઈસ બેન્ડ 114-120 રૂપિયા પ્રતિ શેર નક્કી કરવામાં આવી હતી.NSE ડેટા અનુસાર નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપની (NBFC) મનબા ફાઈનાન્સના રૂ. 151 કરોડના IPOને 87,99,000 શેરની સૂચિત ઓફર સામે 1,96,32,02,000 શેર માટે બિડ મળી હતી. બિન-સંસ્થાકીય રોકાણકારો સેગમેન્ટ 510.89 વખત સબસ્ક્રાઈબ થયું હતું, જ્યારે ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યુશનલ બાયર્સ (QIB) ક્વોટા 148.55 વખત સબસ્ક્રાઈબ થયો હતો. રિટેલ વ્યક્તિગત રોકાણકારો (RIIs)ના શેર 142.40 ગણા સબસ્ક્રાઈબ થયા હતા. IPOમાં 1,25,70,000 નવા ઈક્વિટી શેર જાહેર કરવામાં આવ્યા છે. Investorgain.com અનુસાર, આજે ગ્રે માર્કેટમાં મનબા ફાઈનાન્સ લિમિટેડનો IPO રૂ. 58ના પ્રીમિયમ પર ઉપલબ્ધ છે. મતલબ કે કંપનીના શેરની સંભવિત લિસ્ટિંગ કિંમત રૂ. 178 હોઈ શકે છે. તેનો અર્થ એ કે રોકાણકારો પહેલા જ દિવસે 49% નો જંગી નફો કરી શકે છે. તમને જણાવી દઈએ કે કંપનીના શેરની સંભવિત લિસ્ટિંગ તારીખ 30 સપ્ટેમ્બર છે.

### ટાટા નિઓએ 15થી વધુ કેટેગરીમાં 100થી વધુ બ્રાન્ડ્સ સાથે નવુ ગિફ્ટ કાર્ડ સ્ટોર શરૂ કર્યું

મુંબઈ । દેશમાં તહેવારોની સિઝનની ઝાકમઝોળ વચ્ચે ટાટા નિઓ તેનો "ગિફ્ટ કાર્ડ સ્ટોર" શરૂ કરવા બદલ ઉત્સુક છે. તે વ્યાપક ગિફ્ટિંગ માર્કેટપ્લેસ ગ્રાહકોને સુલભતા, રિવોર્ડિંગ, અને વ્યાપક રેન્જ ઓફર કરતાં ગિફ્ટિંગનો અલાયદો અનુભવ કરાવવા સજ્જ છે. ટાટા અને નોન-ટાટા બ્રાન્ડ્સ સહિત 100થી વધુ બ્રાન્ડ્સ અને 15થી વધુ આકર્ષક કેટેગરીને આવરી લેતાં આ સ્ટોર પર દરેક માટે કંઈક ઉપલબ્ધ છે. ટાટા નિઓના ગ્રાહકો પ્રત્યેક ગિફ્ટ કાર્ડ બ્રાન્ડ્સ દ્વારા ઓફર કરવામાં આવતા આકર્ષક ડિસ્કાઉન્ટ્સ, પ્રોત્સાહનો ઉપરાંત નિઓકોઈન્સ પણ મેળવી શકે છે. વધુમાં ટાટા નિઓ એચડીએફસી બેન્ક ક્રેડિટ કાર્ડ હોલ્ડર્સ તમામ ગિફ્ટ કાર્ડની ખરીદી પર વધારાના 5 ટકા નિઓકોઈન્સ રિવોર્ડ પેટે મેળવી શકશે. આ સાથે તેઓ કુલ 15 ટકા નિઓકોઈન્સ સુધીનો લાભ મેળવશે. નિઓકોઈન્સમાં ઉપલબ્ધ તમામ રિવોર્ડ ટાટા નિઓ ઈકોસિસ્ટમમાં રિડિમ કરાવી શકાશે. ગિફ્ટિંગ એક્સપિરિયન્સમાં વધારો કરતાં ટાટા નિઓ એક્સક્લુઝિવ તાજ એક્સપિરિયન્સ ડાઈનિંગ વાઉચર્સ પણ રજૂ કરી રહ્યું છે. આ વાઉચર્સ ગ્રાહકોને દેશની પસંદગીની તાજ રેસ્ટોરન્ટ્સમાં બે જણ માટે સ્વાદિષ્ઠ ભોજન માણવાની તક આપશે.

### 400ને પાર કરશે આ સરકારી પાવર શેર ! LIC પાસે છે 21 કરોડ શેર

મુંબઈ | આ સરકારી પાવર શેર બુધવારે અને 25 સપ્ટેમ્બરના રોજ લગભગ 5% વધીને 366.25 રૂપિયાની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. આ તેની 52 સપ્તાહની ઊંચી કિંમત હતી. ઉર્જા મંત્રાલયે કેન્દ્ર અને રાજ્ય ટ્રાન્સમિશન સિસ્ટમ માટે નેશનલ પાવર પ્લાન (NEP) 2023-2032ને અંતિમ સ્વરૂપ આપ્યું છે. રાષ્ટ્રીય વીજળી યોજનાનો કુલ ખર્ચ 9.15 લાખ કરોડ રૂપિયા છે. આ યોજનાનો ઉદ્દેશ્ય વધતી જતી ઉર્જાની માંગને પહોંચી વળવાનો છે. તમને જણાવી દઈએ કે કંપનીમાં LICની પણ મોટી ભાગીદારી છે. LIC પાવર ગ્રીડના 21,40,66,996 શેર એટલે કે 2.30% હિસ્સો ધરાવે છે. સ્થાનિક બ્રોકરેજ ફર્મ મોતીલાલ ઓસવાલે પાવર કંપનીના શેર પર 'બાય' રેટિંગ સાથે કવરેજ શરૂ કર્યું છે. બ્રોકરેજ ફર્મે આ શેર પર 425 રૂપિયાનો ટાર્ગેટ ભાવ નક્કી કર્યો છે. તે જ સમયે, વૈશ્વિક બ્રોકરેજ ફર્મ ગોલ્ડમૅન સૅશ નેશનલ ઈલેક્ટ્રિસિટી સ્કીમને એસેટ ડેવલપર્સ, ખાસ કરીને પાવર ગ્રીડ માટે સકારાત્મક માને છે. GS શેર દીઠ 370ના લક્ષ્ય ભાવ સાથે શેર પર 'બાય' રેટિંગ જાળવી રાખે છે. ગોલ્ડમૅન સૅશને અપેક્ષા છે કે પાવર ગ્રીડ $500 બિલિયનથી વધુનો સૌથી મોટો લાભાર્થી હશે. બ્રોકરેજે જણાવ્યું હતું કે મોટી બેલેન્સ શીટ સાથે ભારતનો સૌથી મોટો ટ્રાન્સમિશન એસેટ ડેવલપર ગ્રીડ કેપેક્સ સુપરસાઈકલ પર રમી રહ્યો છે.

# Mark Zuckerberg 200 અબજ ડોલરની સંપત્તિ સાથે વિશ્વના ત્રીજા સૌથી ધનિક વ્યક્તિ

(એજન્સી) મુંબઈ | તા 26



મેટા પ્લેટફોર્મ્સના સહ-સ્થાપક અને CEO માર્ક ઝકરબર્ગ પણ $200 બિલિયનની નેટવર્થ સાથે સૌથી ધનાઢ્ય અબજોપતિઓની ક્લબમાં જોડાયા છે. ટેસ્લાના ચીફ એલોન મસ્ક અને એમેઝોનના સ્થાપક જેફ બેઝોસ આ ક્લબમાં પહેલાથી જ સામેલ છે. બ્લૂમબર્ગના બિલિયોનેર ઈન્ડેક્સ દ્વારા બહાર પાડવામાં આવેલા અબજોપતિઓના તાજેતરના ડેટા અનુસાર, એલોન મસ્ક $268 બિલિયનની નેટવર્થ સાથે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ છે. જેફ બેઝોસ 216 બિલિયન ડોલરની સંપત્તિ સાથે વિશ્વના બીજા સૌથી ધનિક વ્યક્તિ છે. ત્રીજા સ્થાને માર્ક ઝકરબર્ગ છે જેમની પાસે $200 બિલિયનની સંપત્તિ છે અને તે પ્રથમ વખત $200 બિલિયનની સંપત્તિના ક્લબમાં સામેલ થયો છે. માર્ક ઝકરબર્ગની સંપત્તિમાં આ વર્ષે સૌથી વધુ $71 બિલિયનનો ઉછાળો જોવા મળ્યો છે. જ્યારે જેફ બેઝોસની સંપત્તિમાં $39.3 બિલિયનનો ઉછાળો જોવા મળ્યો છે અને એલોન મસ્કની સંપત્તિમાં $38.9 બિલિયનનો ઉછાળો જોવા મળ્યો છે. લૂઈસ વીટનના ચેરમેન બર્નાર્ડ આર્નોલ્ટ $200 બિલિયનની સંપત્તિ ક્લબમાં જોડાવાથી થોડાક જ પગલાં દૂર છે. બર્નાર્ડ આર્નોલ્ટ પાસે $183 બિલિયનની સંપત્તિ છે. ડેટાબેઝ કંપની ઓરેકલના લેરી એલિસન પણ ક્લબની $200 બિલિયનની નેટવર્થથી થોડે દૂર છે અને તેમની પાસે $189 બિલિયનની સંપત્તિ છે. આ વર્ષે બર્નાર્ડ આર્નોલ્ટની સંપત્તિમાં $24.2 બિલિયનનો ઘટાડો થયો છે, જ્યારે લેરી એલિસનની સંપત્તિમાં $55.6 બિલિયનનો વધારો થયો છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, ભારતના સૌથી ધનિક ઉદ્યોગપતિ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી પાસે $113 બિલિયનની સંપત્તિ છે. જ્યારે અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણી પાસે $105 બિલિયનની સંપત્તિ છે. મુકેશ અંબાણીની સંપત્તિમાં આ વર્ષે 16.7 અબજ ડોલર અને ગૌતમ અદાણીની સંપત્તિમાં 20.9 અબજ ડોલરનો વધારો થયો છે.

# 24મી સપ્ટેમ્બરે 20.84 બિલિયન યુ.એસ.ડોલરના 'ઓલ-ટાઈમ હાઈ ઓપન ઈન્ટરેસ્ટ'ની GIFT Niftyની અનોખી સિદ્ધિ

(એજન્સી) મુંબઈ | તા 26

ભારતીય ઈક્વિટી-બજારની વૃદ્ધિની એક અનોખી કહાની સમાન GIFT Niftyએ એક સીમાચિહ્નરૂપ નવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે અને તા. 24 સપ્ટેમ્બર, 2024ના રોજ યુ.એસ. ડોલર 20.84 બિલિયનના સર્વોચ્ચ ઓપન ઈન્ટરેસ્ટ મેળવવાના સંદર્ભમાં પોતાની યશકલગીમાં એક વધુ પિચ્છ ઉમેર્યું છે. તા.23 સપ્ટેમ્બર, 2024ના રોજ યુ.એસ. ડોલર 18.50 બિલિયનનો પોતાનો જ અગાઉનો ઓપન ઈન્ટરેસ્ટ રેકોર્ડ અતિક્રમી જઈને તેણે આ સિદ્ધિ મેળવી છે. ઓપન ઈન્ટરેસ્ટમાં સતત વધારો વ્યાપક સહભાગિતાને હાઈલાઈટ કરે છે અને GIFT Niftyમાં વૈશ્વિક રોકાણકારોના વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે.

તા.3 જુલાઈ, 2023ના રોજ GIFT Niftyની સંપૂર્ણ-કદની કામગીરીની શરૂઆત થઈ ત્યારથી NSE IX ઉપર ટ્રેડિંગ ટર્નઓવર ઝડપથી વધી રહ્યું છે. પૂર્ણ માપની કામગીરીના પ્રથમ દિવસથી GIFT Niftyએ કુલ 26.61 મિલિયનથી વધારે કૉન્ટ્રાક્ટ્સનું કુલ સંચિત વૉલ્યુમ તા.24 સપ્ટેમ્બર, 2024 સુધી યુ.એસ.ડોલર 1.15 ટ્રિલિયનનું કુલ સંચિત ટર્નઓવર નોંધ્યું છે. GIFT Niftyની આ સફળતાનાં સાક્ષી બનવામાં અમને આનંદ અનુભવાય છે અને તમામ સહભાગીઓને તેમના જબરદસ્ત સમર્થન તથા GIFT Niftyને સફળ કૉન્ટ્રાક્ટ બનાવવા બદલ તેમનો નિષ્ઠાપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

# AWS NHA, GeM અને પબ્લિક સેક્ટરની બેંકોને ભારતમાં ડિજિટલ સેવાઓને વેગ આપવા માટે સક્ષમ બનાવે છે

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

એમેઝોન વેબ સર્વિસીસ (AWS) ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડએ આજે જાહેરાત કરી કે નેશનલ હેલ્થ ઓથોરિટી (NHA), ગવર્નમેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) અને પબ્લિક સેક્ટર બેંક એલાયન્સ (PSBA) ભારતની ડિજિટલ ટ્રાન્સફોર્મેશન યાત્રાને આગળ વધારવા માટે નવીન, સ્કેલેબલ અને સુરક્ષિત ઉકેલો બનાવવા માટે AWS ટેકનોલોજી અપનાવી રહ્યા છે. ઓપન ડિજિટલ હેલ્થ ઈકોસિસ્ટમ બનાવવા માટે NHA ના મિશનને સમર્થન આપવું NHA એ AWS નો ઉપયોગ વસ્તીના ધોરણે હેલ્થકેરમાં પરિવર્તન કરવા અને ભારતમાં ઓપન ડિજિટલ હેલ્થ ઈકોસિસ્ટમ સ્થાપિત કરવા માટે કરી રહ્યું છે. તેનો હેતુ 1.4 અબજ નાગરિકો માટે ભારતમાં એકીકૃત ડિજિટલ આરોગ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવું અને ભારત સરકારની મુખ્ય યોજનાઓ - આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (AB-PMJAY) અને આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM) દ્વારા 550 મિલિયનથી વધુ નાગરિકોને આરોગ્ય કવરેજ પૂરું પાડવાનું છે. NHA લાભાર્થીની ઓળખનું સંચાલન કરવા અને સ્કેલેબલ, ચપળ અને સુરક્ષિત રીતે ટ્રાન્ઝેક્શન મેનેજમેન્ટનો દાવો કરવા માટે AB-PMJAY પ્રોગ્રામ-ક્રિટિકલ એપ્લિકેશન્સ જેમ કે લાભાર્થી ઓળખ સિસ્ટમ અને ટ્રાન્ઝેક્શન મેનેજમેન્ટ સિસ્ટમના મુખ્ય મોડ્યુલો બનાવવા માટે AWS સેવાઓની શક્તિનો લાભ લઈ રહ્યું છે. આજની તારીખમાં , 354 મિલિયનથી વધુ આયુષ્માન કાર્ડ જારી કરવામાં આવ્યા છે, 30 હજારથી વધુ હોસ્પિટલો સૂચિબદ્ધ કરવામાં આવી છે અને 25 રાજ્યો અને 8 કેન્દ્રશાસિત પ્રદેશોમાં 68 મિલિયનથી વધુ હોસ્પિટલો PMJAY દ્વારા આવરી લેવામાં આવી છે.

# મ્યુ. ફંડ ક્ષેત્રે લગભગ 5 કરોડ રોકાણકારો, આગામી 3-4 વર્ષમાં 10 કરોડ થશે

(એજન્સી) અમદાવાદ । તા. 26



મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોનો આધાર સપ્ટેમ્બરમાં ૫ કરોડને પાર થવાની ધારણા છે. ઈક્વિટી માર્કેટમાં સતત તેજી અને નવા ફંડ ઓફરિંગ (એનએફઓ)માં સતત વધારા વચ્ચે માત્ર ૧૨ મહિનામાં ફંડ રોકાણકારોની સંખ્યામાં ૧ કરોડથી વધુનો વધારો થયો છે. ફંડ રોકાણકારોની સંખ્યામાં છેલ્લે ૧ કરોડનો વધારો થતાં ઉદ્યોગને ૨૧ મહિનાનો સમય લાગ્યો હતો. જ્યારે રોકાણકારોની સંખ્યા ૨ કરોડથી ૪ કરોડ સુધી પહોંચવામાં ૨૬ મહિનાથી વધુનો સમય લાગ્યો હતો. રોકાણકાર નંબરની ગણતરી ફંડ સ્કીમ સાથે નોંધાયેલા પાન નંબર પરથી કરવામાં આવે છે. ફંડ ઉદ્યોગના જણાવ્યા અનુસાર, ઈક્વિટી રોકાણના વધતા વલણને કારણે રોકાણકારોની વૃદ્ધિમાં મદદ મળી છે. આ સમયે રોકાણકારો આપણા દેશના વિકાસમાં ભાગ લેવા માટે મ્યુચ્યુઅલ ફંડ્સ જેવા બજાર આધારિત રોકાણ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે, જે તમામ અર્થતંત્રો અને ક્ષેત્રોમાં ફંડ ઓફર કરે છે. જેમ જેમ દેશ અને વસ્તી ભારતની લાંબા ગાળાની સફળતામાં વધુ આત્મવિશ્વાસ ધરાવે છે, તેમ મૂડીબજારોમાં રોકાણકારોના રસમાં વધારો જોવા મળ્યો છે.. ઉદ્યોગના સુત્રોનું કહેવું છે કે ઈક્વિટી અને સિપ રોકાણ માટે વધતા રસને કારણે આગામી ૩-૪ વર્ષમાં ફંડ રોકાણકારોની સંખ્યા બમણી થઈને ૧૦ કરોડ થવાની ધારણા છે. ઉદ્યોગે વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦ કરોડ રોકાણકારોનો લક્ષ્યાંક રાખ્યો છે. ત્યાં સુધીમાં કુલ એસેટ્સ અંડર મેનેજમેન્ટ (એયુએમ) પણ રૂ. ૧૦૦ લાખ કરોડને પાર કરી શકે છે. વિશ્લેષકોનું કહેવું છે કે કોરોના પછી ઈક્વિટીમાં નાના રોકાણકારોની રુચિ ઝડપથી વધી છે, ત્યારે રોકાણકારોની સંખ્યામાં તાજેતરનો વધારો બજારની તેજી, ઈક્વિટી સ્કીમના મજબૂત પ્રદર્શન અને વધતી જતી એનએફઓ ઓફરને કારણે છે.

# PL એસેટ મેનેજમેન્ટએ અસાધારણ AQUA ડોલર ફંડ લોન્ચ કર્યું

(એજન્સી) મુંબઈ । તા. 26

PL એસેટ મેનેજમેન્ટ (PL કેપિટલ - પ્રભુદાસ લીલાધરની એસેટ મેનેજમેન્ટ પાંખ)એ AQUA ડોલર ફંડ લોન્ચ કર્યુ છે, જે ભારતનું અગ્રણી ક્વોન્ટામેન્ટલ, સ્ટાઈલ એગ્નોસ્ટિક અને ગ્રહણશીલ મલ્ટીફેક્ટર વ્યૂહરચના છે. ફ્લેક્સીકેપ ક્વાંટ-આધારિત રોકાણ વ્યૂહરચના વૈશ્વિક રોકાણકારોને ભારતના બાર્ગેનીંગ ઈક્વિટી માર્કેટ્સમાં ડોલરના મૂલ્યવાળા રોકાણોમાં સરળ પ્રવેશદ્વારા પૂરું પાડે છે. વ્યક્તિગત રોકાણકારો (વિદેશી નાગરિકો અને NRIs) અને સંસ્થાઓ સહિતના વૈશ્વિક રોકાણકારો આ ફંડમાં CAT I FPI રુટ મારફતે ઓછામાં ઓછા 125000 ડોલરના રોકાણ કદ સાથે રોકાણ કરી શકે છે. ભારતની અત્યંત વિશ્વસનીય નાણાંકીય સેવા સંસ્થાઓ અને તેની નવીનતા અને મૂલ્ય-ઉમેરણ માટેની તેની પ્રતિબદ્ધતા ધરાવે છે ત્યારે AQUA ડોલર ફંડએ PLના 80 વર્ષના વારસાનું પ્રમાણ છે. મશિન સાથે માણસનો અભિગમ સ્વીકારતા, ઓપન-એન્ડેડ, લોંગ-ઓન્લી ઈક્વિટી ફંડમાં PLની ઊંડી સંશોધન કુશળતા સાથે અદ્યતન ક્વોન્ટીટેટીવ ટેકનોલોજીનો સમાવેશ થાય છે. તેનું પરિણામ આ વ્યૂહરચના છે જેનો હેતુ ચડીયાતુ જોખમ વ્યવસ્થાપન અને ટકાઉ આલ્ફા (આઉટપર્ફોમન્સ) સમગ્ર મેક્રો અને માર્કેટ સાયકલ્સમાં ડિલીવર કરવાનો છે. PL એસેટ મેનેજમેન્ટ ખાતેના ક્વાંટ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિઝના ફંડ મેનેજર અને વડા સિદ્ધાર્થ વોરાએ જણાવ્યું હતુ કે "AQUA ડોલર ફંડ એ વૈશ્વિક લોકો સમક્ષ અમારી ક્વોન્ટીટેટીવ રોકામ કુશળતા લાવવામાં એક નોંધપાત્ર સિદ્ધિ છે.

# 2024-25 માટે ADBએ ભારતનો ગ્રોથ અંદાજ 7%પર જાળવી રાખ્યો

(એજન્સી) મુંબઈ । તા. 26




એશિયન ડેવલોપમેન્ટ બેંક (એડીબી)એ નાણાંકીય વર્ષ 2024-25 માટે ભારતનો આર્થિક ગ્રોથ સાત ટકાના દર પર જાળવી રાખ્યો છે. જ્યારે નાણાંકીય વર્ષ 2025-26માં ભારતનું અર્થતંત્ર 7.2 ટકાના ઝડપી દર સાથે ગ્રોથ કરશે તેવો અંદાજ રજૂ કર્યો હતો, 25મી સપ્ટેમ્બરના રોજ રિલિઝ કરવામાં આવેલા ડેટામાં આ આંકડા દર્શાવવામાં આવ્યા હતા. એડીબીના ભારત ખાતેના ડિરેક્ટરે જણાવ્યું હતું કે, ભારતની અર્થવ્યવસ્થાએ વૈશ્વિક ભૌગોલિક રાજકીય પડકારોનો સામનો કરવા માટે નોંધપાત્ર સ્થિતિસ્થાપકતા દર્શાવી છે અને અર્થતંત્રને સતત વૃદ્ધિ માટે તૈયાર કર્યું છે. આ અંદાજ વર્તમાન નાણાંકીય વર્ષ માટે ભારતીય રિઝર્વ બેંકના સાત ટકાના વૃદ્ધિના અનુમાન સાથે એકરૂપ છે. દેશના મોટાભાગના ક્ષેત્રોમાં ચાલુ વર્ષે ચોમાસું સારૂ રહ્યું છે. જે મજબૂત કૃષિ ઉત્પાદન તરફ દોરી જશે. જેથી ગ્રામીણ ભારતના અર્થતંત્રને મજબૂતી મળશે. એડીબીના સપ્ટેમ્બરના અંદાજ મુજબ, ફુગાવો અપેક્ષિત કરતાં વધુ ઝડપથી વધવાની શકયતા છે. એડીબીએ એપ્રિલના અહેવાલમાં 4.6 ટકાની સરખામણીમાં ફુગાવો 4.7 ટકાના દરે ઝડપથી વધવાનો અંદાજ રજૂ કર્યો હતો. ઉચ્ચ કૃષિ ઉત્પાદનની અપેક્ષાઓ હોવા છતાં ખાદ્યપદાર્થોના ઊંચા ભાવને કારણે નાણાંકીય વર્ષ 2023-24માં ગ્રાહક ફુગાવો વધીને 4.7 ટકા થવાનો અંદાજ રજૂ કરવામાં આવ્યો હતો. જેની અસર એ પડી હતી કે, ભારતની મધ્યસ્થ બેંકને અનુકૂળ નાણાંકીય નીતિ અપનાવવાથી દૂર રહેવું પડયું હતું. જો કે નાણાંકીય વર્ષ 2025-26માં ફુગાવો ઘટીને 4.5 ટકા થવાની સંભાવના છે. મધ્યસ્થ બેંકની આગામી બેઠકમાં મોનેટરી પોલિસી ઓછી પ્રતિબંધિત બનવાની ધારણા છે, પરંતુ દર અગાઉની અપેક્ષા મુજબ નહીં હોય. કરન્ટ એકાઉન્ટ ખાદ્ય નાણાંકીય વર્ષ 2024-25માં વધીને એક ટકા અને આગામી વર્ષમાં 1.2 ટકા થવાની ધારણા છે. ભૌગોલિક રાજકીય આંચકા વૈશ્વિક પુરવઠા શ્રોણી અને કોમોડિટીના ભાવોને અસર કરી શકે છે. એડીબીએ આ સાથે જણાવ્યું હતું કે, અન્ય એક જોખમ એ છે કે, 2024માં સરકાર તેના મૂડી ખર્ચના લક્ષ્યાંકને પહોંચી વળવામાં નિષ્ફળ રહી છે.

# પહેલીવાર વિશ્વભરની ફેકટરીમાં કામ કરતા રોબોટ્સની સંખ્યા 40 લાખને પાર

(એજન્સી) નવી દિલ્હી । તા. 26

વિશ્વભરના કારખાનામાં કામ કરી રહેલા રોબોટની સંખ્યા 40 લાખને પાર થઈ ચુકી છે. વર્લ્ડ રોબોટિક્સના તાજેતરના રિપોર્ટ અનુસાર વર્ષ 2023માં વિશ્વભરની ફેકટરીઓમાં અંદાજે 42.81 લાખ રોબોટિક યુનિટ કામ કરી રહ્યાં છે. આ સતત ત્રીજું વર્ષ છે, જ્યારે કોઈ 1 વર્ષમાં કારખાનામાં 5 લાખથી વધુ રોબોટ્સ તહેનાત કરાયા છે. 2023માં અંદાજે 5,41,302 રોબોટ્સ તહેનાત કરાયા હતા. 2022માં આ આંકડો 5,52,946 હતો. આ દૃષ્ટિએ 2023માં તહેનાત કરાયેલા રોબોટની સંખ્યામાં ઘટાડો થયો છે. આ વર્ષે તહેનાત કુલ રોબોટમાં સૌથી વધુ 70% એશિયાના કારખાનામાં તહેનાત કરાયા છે. યુરોપમાં 17% અને અમેરિકામાં 10% નવા રોબોટ્સ તહેનાત કરાયા છે. ઈન્ટરનેશનલ ફેડરેશન ઑફ રોબોટિક્સ અનુસાર 2025 થી 2027 સુધી વાર્ષિક રોબોટ ઈન્સ્ટોલેશનમાં 4%નો વધારો થયો છે.વિશ્વના ટોપ-5 રોબોટ માર્કેટમાં જર્મની ઉપરાંત તમામ દેશોમાં 2022ની તુલનામાં રોબોટ ઈન્સ્ટૉલેશનમાં મામૂલી ઘટાડો થયો છે.

# હ્યુન્ડાઈ ઈન્ડિયાના રૂ. 25,000 કરોડના સૌથી મોટા IPOને મંજૂરી

(એજન્સી) મુંબઈ | તા 26




દક્ષિણ કોરિયાની ઓટોમેકર હ્યુન્ડાઈ ઈન્ડિયાને તેના આઈપીઓ માટે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા તરફૃથી મંજૂરી મળી ગઈ છે. હ્યુન્ડાઈએ જૂન ૨૦૨૪માં સેબીમાં પેપર ફાઈલ કર્યા હતા. કંપની આશરે રૂ. ૧.૬૭ લાખ કરોડના વેલ્યુએશન સાૃથે અંદાજે રૂ. ૨૫,૦૦૦ કરોડ એકત્ર કરવાની યોજના ૃધરાવે છે. હ્યુન્ડાઈની સાથે ફૂડ ડિલિવરી એપ સ્વિગીને પણ સેબી તરફૃથી ગ્રીન સિગ્નલ મળી ગઈ છે. સ્વિગીએ આઈપીઓ માટે એપ્રિલમાં ડ્રાફ્ટ પેપર્સ સબમિટ કર્યા હતા.

નાણાકીય વર્ષ ૨૦૨૪માં મારૂતિ બાદ ભારતની સૌૃથી મોટી કારમેકર હ્યુન્ડાઈએ ૧૯૯૮માં ભારતમાં તેનો પહેલો પ્લાન્ટ સૃથાપ્યો હતો. ત્યારબાદ, ૨૦૦૮માં બીજો પ્લાન્ટ સૃથાપ્યો હતો. કારમેકર રૂ. ૧૦ના ફેસ વેલ્યુ સાૃથે ૧૪.૨ કરોડ શેર ઓફર કરી રહી છે.

જે કંપનીમાં લગભગ ૧૭.૫ ટકા હિસ્સો છે. કંપની દ્વારા હાલ કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નાૃથી. પરંતુ, આઈપીઓ ઓક્ટોબરમાં આવવાની સંભાવના છે.

હ્યુન્ડાઈનો આઈપીઓ સરકારી માલિકીની લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના અંદાજે રૂ. ૨૧,૦૦૦ના લિસ્ટિંગને પછાડીને દેશનો સૌૃથી મોટો આઈપીઓ બનશે. પરંતુ, તેનું આ નંબર-૧નું સૃથાન રિલાયન્સ જિયોના આઈપીઓ આવે ત્યાં સુૃધી જ રહેશે. જિયો બજારમાંૃથી આશરે રૂ. ૫૫,૦૦૦ કરોડ એકઠા કરે તેવી ૃધારણા છે. મારૂતિ સુઝુકી ૨૦૦૩નો આઈપીઓ ૨૦૦૩માં આવ્યો હતો. આ સિવાય ટાટા મોટર્સ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ભારતીય શેરબજારમાં લિસ્ટેડ છે. ફૂડ ડિલિવરી સ્ટાર્ટઅપનો આઈપીઓ તેની હરીફ કંપની ઝોમેટોના આઈપીઓના ત્રણ વર્ષ બાદ આવશે. સ્વિગીએ એપ્રિલ મહિનામાં આઈપીઓ માટે ડ્રાફ્ટ પેપર્સ સબમિટ કર્યા હતા. સ્વિગીની યોજના માર્કેટમાંૃથી રૂ.૧૦,૦૦૦ કરોડ એકત્ર કરવાની છે. જે તેને ભારતનો છઠ્ઠો સૌૃથી મોટો આઈપીઓ બનાવશે. તેની હરીફ કંપની ઝોમેટો એપ્રિલ ૨૦૨૧માં રૂ. ૯,૩૭૫ કરોડનો આઈપીઓ લાવી હતી. તે ૩૮ ગણો સબસ્ક્રાઈબ ૃથયો હતો.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2079, ભાદરવા સુદ-10

# ભોજનની શુદ્ધતા માટે

ઉત્તર પ્રદેશ સરકારે ખાન-પાનની શુદ્ધતા માટે અને વધતી ભેળસેળ અને છેતરપિંડીને નિયંત્રિત કરવાના ઈરાદે આ કારોબાર સાથે જોડાયેલ દુકાનો અને સંસ્થાઓ માટે જે નવા દિશા-નિર્દેશ જારી કર્યા છે, તે સ્વાગતયોગ્ય છે. આ દિશા-નિર્દેશો અનુસાર રાજ્યમાં ખાનપાનની દુકાનોના બોર્ડ પર સંચાલક, મેનેજરે પોતાનું નામ લખવું પડશે અને સાથે જ હોટેલો, ઢાબા અને રેસ્ટોરાંમાં સીસીટીવી કેમેરા પણ લગાવવા પડશે અને ત્યાં કામ કરનારા કર્મીઓએ માસ્ક પહેરવા પડશે. સરકારે સંબંધિત અધિકારીઓને સૂબાની હોટેલો, ઢાબા અને રેસ્ટોરાંની નિયમિત તપાસના આદેશ આપ્યા છે. દેખીતું છે સ્વચ્છતા એક એવી અપેક્ષા છે, જેના માટે શાસકીય હસ્તક્ષેપની જરૂર જ નહોતી પડવી જોઈતી, પરંતુ દુર્યોગથી આપણે આ મામલે એક લાપરવાહ સમાજ રહ્યા છીએ અને નફાખોરીની વધતી પ્રવૃત્તિઓએ આ લાપરવાહીને જીવલેણ હદ સુધી પહોંચાડી દીધી છે. એવામાં, યોગી સરકારના દિશા-નિર્દેશ બિલકુલ યોગ્ય અને જરૂરી છે અને આવી જ સજાગતા બીજા રાજ્યોએ પણ ત્વરિત દેખાડવી જોઈએ. જોકે દેશના દુર્ભાગ્યે આવા જરૂરી પગલાંને પણ વિપક્ષો રાજકારણથી પ્રેરિત ગણાવી દે છે. ઉત્તર પ્રદેશ સરકારે આ પગલું હાલમાં જ બનેલી કેટલીક ઘટનાઓને જોતાં ઉઠાવ્યું છે, જેમાં ખાવા-પીવાની ચીજોમાં થૂંકવું, તેમાં અખાદ્ય પદાર્થોની ભેળસેળ કરતા કેટલાય અસામાજિક તત્ત્વોના વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયા હતા અને સ્વાભાવિક રીતે જ સમાજનો આક્રોશ પણ વધ્યો. નાગરિક હિતો સાથે જોડાયેલો ગંભીર પ્રશ્ન એ છે કે આપણે જે ખાઈ-પી રહ્યા છીએ તે કેટલું શુદ્ધ છે અને જે લોકો આ વ્યવસાય સાથે જોડાયેલા છે તે કેટલી ઈમાનદારીથી લોકોના સ્વાસ્થ્યનો ખ્યાલ રાખે છે? દેશમાં ગ્રાહકના હિતોની રક્ષા માટે કઠોર કાયદાની કમી નથી, પરંતુ જમીની સ્તર પર તે લાગુ ન થઈ શકવાને કારણે સ્થિતિ બગડી છે, બલ્કે કેટલાક દુષ્ટ પ્રવૃત્તિના લોકોનું દુસ્સાહસ પણ વધ્યું છે. એકંદરે આ પ્રશાસનિક સક્રિયતાનો એ મતલબ પણ ન થવો જોઈએ કે આ દિશા-નિર્દેશ ગરીબ ખૂમચાવાળાઓની આજીવિકા પર સંકટ બની જાય. ખૂમચાવાળા પોતાના નામની પટ્ટી તો મૂકી શકે, પરંતુ સીસીટીવીની શરત પૂરી કરવા જેટલા તે સક્ષમ નથી હોતા. તેથી શરતોમાં સમાધાન અને સાથે જ ખાદ્ય પદાર્થોની શુદ્ધતા અને ગુણવત્તા પણ જળવાય તેવી પદ્ધતિ શોધવી પડશે. ઉત્તર પ્રદેશ સરકારની આ સારી પહેલને એક વ્યાવહારિક તંત્રની જરૂરછે, જે જનસ્વાસ્થ્ય અને જનવિશ્વાસને યથાવત રાખી શકે, જેથી મોટા પાયે અસંગઠિત ક્ષેત્રના લોકોના રોજગારનું પણ સંરક્ષણ થઈ શકે. ભારતમાં આર્થિક સમૃદ્ધિના વિસ્તારની સાથે બહાર ખાવાની પ્રવૃત્તિ વધી છે. પરંતુ હવે મહિલા પણ કામકાજી બની છે તે જોતાં આ પ્રવૃત્તિ સામાજિક જરૂરિયાત બની ગઈ છે.

### લોકોની રક્ષા કરતી, સતત ઉજાગરા, બંદોબસ્ત સાથે ફરજ બજાવનાર...

# નર્મદા પોલીસને પણ વીજ કંપનીની ઢીલી કામગીરી રાત્રે સૂવા દેતી નથી



**■ રાજપીપળા એસટી ડેપો ની બાજુની પાયગા પોલીસ લાઇન માં વીજળી ના દરરોજ ના ધાંધિયા**

ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા શહેરમાં સતત વ્યસ્ત રહેતી નર્મદા પોલીસ ઘણા સમય થી વીજળી ના ધાંધિયા વચ્ચે હેરાન થઈ રહી છે અને હાલમાં તો આ મુસીબત હદ વટાવી ચૂકી છે.

સતત બંદોબસ્ત, ઉજાગરા અને લોકો નો રક્ષા માં પોરવાયેલી નર્મદા પોલીસ ને રાત્રે પૂરતી ઊંઘ પણ નથી મળતી જેનું કારણ વીજ કંપની ની લાલીયાવાડી હોવાનું સામે આવ્યું છે, રાજપીપળા એસટી ડેપો ની બાજુમાં આવેલી પાયાગા પોલીસ લાઈન માં ઘણા ક્વાટર છે જેમાં પોલીસ સ્ટાફ પરિવાર સાથે રહે છે પરંતુ ઘણા મહિનાઓ થી આ તરફ ના પંચવટી ફીડર પર લાઈટો ની આવન જાવન થાય છે અને આ રામાયણ રોજની થઈ છે જેમાં ફરિયાદ કરતા પણ વારંવાર એકજ જવાબો મળે છે અને આ ફીડર પર નિયમિત વીજ પુરવઠો મળે એ દિશા માં વીજ કંપની ના અધિકારીઓ કોઈજ ધ્યાન આપતા નથી જેના કારણે સતત ફરજ પર વ્યસ્ત રહેતા પોલીસ સ્ટાફ ને પૂરતી ઉંઘ પણ મળતી નથી, સાથે સાથે પોલીસ પરિવાર માં કેટલાક ઉંમરલાયક વ્યક્તિઓ હોય જેમને હાર્ટ ની અને અન્ય બીમારી હોવાથી ગરમી માં જો લાઈટો જાય તો તેમના જીવ ને પણ જોખમ જણાય છે.

આ તરફ અંડર ગ્રાઉન્ડ લાઈનો નંખાઈ છે પરંતુ કે હજુ ચાલુ કરી નથી અને ઓવરહેડ લાઈન ચાલુ હોવાથી વારંવાર ફોલ્ટ થાય છે માટે લોકોની રક્ષા કરતી નર્મદા પોલીસ ની પોલીસ લાઈનો માં પૂરતો અને નિયમિત વીજ પુરવઠો મળે એ બાબતે વીજ કંપની યોગ્ય કરે તેવી માંગ છે.

### નશો કરેલી હાલતમાં ડ્રાઈવ કરતા

# વડોદરાના બે ઈસમોની ગાડી સાઈડમાં ઉતરી જતાં અંદરથી દારૂની બોટલો મળી

ભરત શાહ | રાજપીપળા

નર્મદા પોલીસ અવાર નવાર કેફી પીણું પી ગાડી ચલાવતા લોકો વિરૂદ્ધ ગુના દાખલ કરે છે પરંતુ હાલમાં દાખલ થયેલા ગુનામાં તો કેફી પીણું પીધા બાદ ગાડી રોડની સાઈડમાં ઉતારી દીધા બાદ ગાડી માંથી દારૂની બે બોટલ પણ મળી આવી હતી.

મળતી માહિતી મુજબ તિલકવાડા પોલીસ વાહન ચેકીંગ માં હતી ત્યારે આલમપુરા ગામ પાસે એક ફોરવ્હીલ ગાડી નંબર GJ-07-DA-9810 ના ચાલક જયભાઈ અમુલભાઈ ભરૂચકર રહે.ડી ૨૩ પુજન ટેનામેન્ટ,દરબાર ચોકડીની પાસે,માંજલપુર તા.જી. વડોદરા નાએ પોતાની કબ્જાની ફોરવ્હીલ ગાડીમાં તેની સાથેના અર્પણસિંહ રાજેન્દ્રસિંહ સોલંકી, રહે.સી ૧૯૯ વૈકુંડધામ સોસાયટી, દરબાર ચોકડીની પાસે, માંજલપુર તા.જી.વડોદરા બંન્ને ગે.કા. વગર પાસ પરમીટે કેફી પીણું પી ચાલકે ફોરવ્હીલ ગાડી ચાલાવી લાવી



આમલપુરા ગામ પાસે રોડની સાઈડમાં ગાડીને નીચે ઉતારી પાડતા જાહેરમાંથી મળી આવતા ફોરવ્હીલ ગાડીમાં વગર પાસ પરમીટ વિદેશી દારૂ બોટલ નંગ-૦૨ કિ.રૂ.૮૫૦૦/- ની પીવાના ઈરાદે રાખી અંગ જડતીમાંથી મોબાઈલ ફોન નંગ- ૦૨ કિ.રૂ.૧૦, ૦૦૦/- તેમજ ફોરવ્હીલ ગાડી નંગ-૦૧ કિ. રૂ.૩૦૦૦૦૦/- મળી કુલ મુદ્દામાલ રૂપિયા ૩.૧૮.૫૦૦/- સાથે પકડાઈ જતા તિલકવાડા પોલીસે કાયદેસર કાર્યવાહી કરી છે.

# દાહોદ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષ સ્થાને સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો

દિપક રાવલ | દાહોદ

સમગ્ર રાજ્યમાં જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કાર્યક્રમમાં જિલ્લાના નાગરિકો દ્વારા વિવિધ પ્રશ્નો રજૂ કરવામાં આવે છે જે પ્રશ્નોનું આ સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમમાં અરજદાર નાગરિકો અને સંબંધિત અધિકારીઓની હાજરીમાં સાંભળીને તેનું નિરાકરણ લાવવામાં આવે છે.

દાહોદ જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેના અધ્યક્ષ સ્થાને જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાયો. જેમાં જિલ્લાના અરજદાર દ્વારા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા, કલેકટરશ્રી દ્વારા જિલ્લા સ્વાગત અંતર્ગત જિલ્લા કક્ષાએથી ઉપસ્થિત અરજદારોના વણઉકલ્યા પ્રશ્નોને સાંભળી સંબંધિત અધિકારીશ્રીઓ સાથે વિગતે ચર્ચા કરી અરજદારોના પ્રશ્નોનું ઝડપથી અને સમયમર્યાદામાં નિરાકરણ કરવા માટે સૂચના આપી.



જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં, જિલ્લા વિકાસ અધિકારીશ્રી ઉત્સવ ગૌતમ, પ્રાયોજના વહીવટદાર શ્રી સ્મિત લોઢા,નિવાસી અધિક કલેકટર શ્રી જે. એમ.રાવલ,પ્રાંત અધિકારી સુશ્રી નીલાંજશા રાજપૂત, પ્રાંત અધિકારી શ્રી એ.કે.ભાટિયા, માર્ગ અને મકાન વિભાગના અધિકારી સુશ્રી સકીના વ્હોરા,નાયબ પોલીસ અધિક્ષક શ્રી રાઠોડ, સહિત અન્ય સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ તેમજ અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

### તિલકવાડા તાલુકામાં


# ઘરની સફાઈ કરતી આધેડ મહિલાને સાપ કરડી જતાં મોત નિપજ્યું

ભરત શાહ | રાજપીપળા



નર્મદા જિલ્લાના તિલકવાડા તાલુકાના કેસરપુરા (આમલીયા) ગામમાં ઘરની સફાઈ કરતી મહિલા ને સાપ કરડી જતાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. મળતી માહિતી અનુસાર હસમુખભાઈ દામુભાઈ ભીલ રહે કેસરપુરા (આમલીયા) નાઓ એ પોલીસ ને જાણ કર્યા મુજબ તેમના પત્ની ગંગાબેન હસમુખભાઈ ભીલ ઉ.વ. ૪૫ રહે કેસરપુરા (આમલીયા) નાઓ તારીખ ૨૫/૦૯/૨૦૨૪ ના સવાર ના પોતાના ઘરે ઘર સાફ સફાઈ કરતા હતા તે વખતે બપોરના સાડા બારેક વાગ્યાના અરસામાં જમણા હાથની હથેળીના નિચેના ભાગે સાપ કરડી જતા તિલકવાડા સરકારી દવાખાનામાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે રાજપીપલા સરકારી દવાખાનામાં રિફર કરતા રાજપીપલા સરકારી દવાખાનામાં સારવાર દરમ્યાન ફરજ ઉપરના ડોકટર મૃત જાહેર કરતા તિલકવાડા પોલીસે આ બાબતની નોંધ લીધી છે.

# ખોજલવાસા ગામમાંથી પોલીસને દારૂના ૯૦૦ કવાટરીયા મળ્યા



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના ખોજલવાસા જેવા નાનકડા ગામ માંથી પોલીસ ને મોટા જથ્થા માં કવાટરીયા મળી આવતા અનેક સવાલ ઉભા થયા છે. આમલેથા પોલીસે બાતમીના આધારે ખોજલવાસા ગામમાં છાપો મારી તપાસ કરતા ખોજલવાસા ગામની સીમમાં આવેલ શેરડીવાળા ખેતરમાં ગે.કા.નો વિદેશી દારૂ ના પ્લા.ના ક્વાટરીયા કુલ નંગ-૯૦૦ નો કુલ કિ. રૂ.૯૦,૦૦૦/ નો પ્રોહી. નો મુદામાલ શેરડીના વાવેતર વાળા ખેતરમાં સંતાડી રાખી હાજર નહી મળી આવી ગુનો કરતા પોલીસે (૧) ઉકડીયાભાઈ વસાવા (૨) રહીમભાઈ ઉકડીયાભાઈ ઉર્ફે દેવન જયંતીભાઈ વસાવા (૩) મહેશભાઈ છીતુભાઈ વસાવા તમામ રહે.ખોજલવાસા તા.નાંદોદ જી.નર્મદા નાઓ વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

### શ્રી રવાપર મહાકાળી મિત્ર મંડળને

# 50 વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ જયંતિ મહોત્સવની ઊજવણી કરવામાં આવશે

મહેશ એલ.સોની | નખત્રાણા

રવાપર મધ્યે શ્રી મહાકાળી મિત્ર મંડળને ૫૦ વર્ષ પૂર્ણ થતાં સૂવર્ણજયંતી ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગે મુંબઈ માં મળેલી મિટિંગમાં મહોત્સવને યાદગાર બનાવવાં અયોજન ઘડી કાઢવામાં આવ્યું હતું.

મુંબઈ લોહાણા મહાજનના ટ્રસ્ટી તેમજ અયોજન સમિતિના પ્રમુખ નિલેશભાઈ ચંદનની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં અયોજન સમિતિ ના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ અંગેની રૂપરેખા આપતાં રવાપર લોહાણા મહાજન ટ્રસ્ટના પ્રમુખ શ્રી અશ્વિન ભાઈ રૂપારેલે જણાવ્યું હતું કે તા .૨/૧૦ના ઘટ સ્થાપન, તા ૩/૧૦ ના મહાકાળી માતાજી પૂજન, આરતી તા.૫/૧૦ ના કેશર ચંદન



જળ અને ફળ રસો દ્વારા અભિષેક, તા.૬/૧૦ના માતાજીને છપન ભોગ તા ૭/૧૦ના કુમારિકાઓ દ્વારા ૧૦૮ દિપની મહાઆરતી તા.૮/૧૦ના ફૂલ બંગલો વૃક્ષ, હિંડોળા, તા ૯/૧૦ના નવદુર્ગા પૂજન, તા ૧૦/૧૦ ના શિવ રુદ્રાભિષેક પૂજન તા. ૧૧/૧૦ના હોમ હવન તા.૧૨/૧૦ના કુમારિકા ભોજન જેમાં ૭૦૦ કુમારિકા ભોજન પ્રસાદ લેશે.

મંડળને ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોય લોહાણા ટ્રસ્ટ પ્રમુખ અશ્વિન ભાઈ રૂપારેલ તેમજ ગામનાં સરપંચ પરેશ રૂપારેલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં સમસ્ત લોહાણા સમાજ, ગોસ્વામી સમાજ, બ્રાહ્મણ પરિવાર એકમ થી દશેરા સુધી મહાપ્રસાદ લેવા નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું..કાર્યક્રમને યાદગાર બનાવવાં રવાપર મહાજન મિત્ર મંડળ તેમજ ગણેશ મહોત્સવ મિત્ર મંડળના કાર્યકરો જહેમત ઊઠાવી રહ્યા છે એવું શ્રી રવાપર લોહાણા મહાજન ટ્રસ્ટના પ્રમુખ શ્રી અશ્વિન ભાઈ રૂપારેલે જણાવ્યું હતું.

# યક્ષ મેળામાં ચોરાયેલા મોબાઈલ અંગે તાત્કાલીક કાર્યવાહીની માંગ કરાઈ

મહેશ સોની | નખત્રાણા




મીની તરણેતર તરીકે ઓળખાણ પામેલા મોટા યક્ષના મેળામાં મોટી સંખ્યામાં મોંઘાદાટ મોબાઈલ ચોરાયા હોઈ પોલીસ તંત્ર દ્વારા ટ્રેસ પધ્ધતિથી મૂળ સુધી જઈ મોબાઈલ ચોરતી ગેંગને ઝડપી શોધી કાઢવાની માંગ નખત્રાણા તાલુકા પંચાયતના પૂર્વ વિપક્ષી નેતા અશ્વિનભાઈ રૂપારેલ દ્વારા કરવામાં આવી છે.

હાલ યક્ષના મેળામાં તેમના ભાઈ પાણી લેવા ઉભેલા ત્યારે કોઈ એક લાખ ની કિંમતનો મોબાઈલ પલક વારમાં સેરવી ગયો હતો જેનું લોકેશન ટ્રેસ થતાં પૂર્વ કચ્છ નું માલૂમ પડયું હતું. આમ અવાર નવાર બનતાં આવા બનાવો મેળામાં બનતાં હોય છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ચાલુ વર્ષે યક્ષ મેળામાં સૌથી વધુ મોબાઈલ ચોરાયા હતા વળી આસો નવરાત્રીને ગણતરીના દિવસો બાકી છે ત્યારે માં આશાપુરા ધામ ખાતે માને શીશ ઝુકાવવા લાખોની સંખ્યામાં ભાવિક ભકતો પગપાળા કે અન્ય રીતે આવતાં હોય છે. ત્યારે ફરી આવી ઘટના ના ઘટે તે માટે આ મુદ્દે પોલીસ તંત્ર ગંભીરતા સમજી મોબાઈલ ચોરતી ગેંગને તાત્કાલીક પકડી પાડવાની કાર્યવાહી કરે તેમજ આવા બનાવોને અંકુશમાં લે તેવી માંગ સાથે વિનંતી કરી છે.

# સીસોદ્રા ગામમાં આવેલી પાપડ ફેક્ટરી પર રાત્રીના સમયે વીજળી પડતાં મોટું નુકશાન

ભરત શાહ | રાજપીપળા

ગતરોજ નાંદોદ તાલુકાના સિસોદ્રા ગામમાં આવેલી એક પાપડ ફેક્ટરી પર રાત્રી દરમિયાન વરસાદ સાથે વીજળી પડતા ફેક્ટરી માં મોટું નુકશાન થયું હતું. નાંદોદ તાલુકાના સિસોદ્રા ગામમાં દક્ષાબેન પટેલ ની ચાલત પાપડ ફેક્ટરી માં દસેક કામદારો કામ કરે છે હાલમાં પડી રહેલા વરસાદ માં ગતરોજ રાત્રી ના લગભગ દોઢ બે વાગ્યા ના અરસામાં પડેલા વરસાદ માં અચાનક વીજળી પડતા પાપડ ફેક્ટરી પર પડેલી વીજળી ના કારણે સેડ ના પતરા મશીન સહિત અનેક વસ્તુઓ ને મોટું નુકશાન થયું હતું, જોકે રાત્રી ના સમયે વીજળી પડી માટે ફેક્ટરી બંધ હોવાથી કોઈ કામદાર હતું નહિ માટે ત્યાં ફરજ બજાવતા દસ જેટલા કામદારો નો આબાદ બચાવ થયો હતો. ફેક્ટરી પર વીજળી પડી અને નુકશાન થયું ત્યારે આ કુદરતી આફત હોવાના કારણે



ફેક્ટરી માલિકે ગામના સરપંચ અને તલાટી ને આ બાબત ની જાણ કરવા છતાં હજુ સુધી કોઈજ ત્યાં સર્વે કરવા કે જોવા સુધ્ધા આવ્યું નથી. કુદરતી આફત માં તત્ર ના લાગતા વળગતા કર્મચારીઓ જે તે સર્વે કરી તેની રિપોર્ટ આગળ મોકલતા હોય છે અને આવા સમયે તંત્ર ખડે પગે હોવાના દાવા પણ કરે છે છતાં આ પાપડ ફેક્ટરીમાં થયેલા મોટા નુકશાનની વાત ગામના સરપંચ કે તલાટી કેમ ગંભીરતા થી લેતા નથી..?

# પાલનપુરમાં ભારે ઉકળાટ બાદ મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થતાં વાતાવરણમાં ઠંડકનો અહેસાસ થયો



બનાસકાંઠા જિલ્લા માં ચોમાસુ વિદાય લીધી છે તેમ લાગતું હતું પણ છેલ્લા વીસ દિવસ દરમિયાન બનાસકાંઠા જિલ્લામાં ભારે ઉકળાટ જોવા મળતો હતો ઉકળાટ નાં કારણે વાતાવરણમાં ગરમી નો પારો ઉંચો રહેતાં ખેડૂતો મજદૂર આમ જનતા માટે બહાર નીકળવું અસહ્ય બની થયું ગયું હતું હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી હતી તે મુજબ બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર શહેર અને જિલ્લાના તાલુકા માં આજરોજ બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને ભારે પવન સાથે પાલનપુર શહેર અને આજુબાજુના તાલુકાઓમાં ગાજવીજ સાથે વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જતાં ભારે ઉકળાટ અને બફારાથી ત્રસ્ત જનતા માટે ઠંડકનો અહેસાસ થયો હતો.

# છ વર્ષની દીકરીની હત્યા કરનાર આચાર્ય સામે કડક કાર્યવાહી કરવા ચૈતર વસાવાની માંગ

ભરત શાહ | રાજપીપળા

દાહોદ જિલ્લા માં છ વર્ષીય દીકરી સાથે તેની જ શાળા ના આચાર્ય એ અડપલાં કરી માસૂમ ની હત્યા ના સમગ્ર ગુજરાત માં ઘેરા પ્રત્યાઘાતો પડયા છે ત્યારે ડેડીયાપાડા ધારાસભ્ય ચૈતર વસાવા એ આ દીકરી ના પરિવારની મુલાકાત લઈ આચાર્ય વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવા માંગ કરી હતી

મળતી માહિતી મુજબ દાહોદ જિલ્લા માં છ વર્ષની માસુમ દિકરી સાથે તેની શાળાના આચાર્ય દ્વારા અડપલાંની કોશિષ કરવામાં આવ્યા અને ત્યારબાદ તે આચાર્યએ આ માસુમ દીકરીને હત્યા કરી. આ ઘટનાથી સમગ્ર ગુજરાતના લોકોમાં રોષ છે. આમ આદમી પાર્ટી આ ઘટનાને સખત શબ્દોમાં વખોળે છે. આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાએ



આ દીકરીના પરિવારની મુલાકાત લીધી. ધારાસભ્ય ચૈતરભાઈ વસાવાએ દીકરીના પરિવારને સાંત્વના આપી અને આરોપી વિરુદ્ધ કડકમાં કડક પગલાં લેવામાં આવે તેવી સરકાર સમક્ષ માંગ કરી છે.

# NMMS, CET એકલવ્ય તથા જ્ઞાન સાધના પરીક્ષાઓમાં બાર મુખ્ય પ્રાથમિક શાળાનું નામ રોશન કરતા વિદ્યાર્થીઓ

દિપક રાવલ | દાહોદ

લીમખેડા તાલુકાના સી.આર.સી બારમાં આવેલી બાર મુખ્ય પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓએ NMMS, CET, એકલવ્ય અને જ્ઞાન સાધના જેવી પરીક્ષાઓમાં મેરીટમાં આવી પોતાની શાળાનું નામ રોશન કરેલ છે.

**NMMS પરીક્ષામાં 02 બાળકો**

(1) રાવત પ્રજ્ઞાબેન (2) સંગાડા પ્રિતિકાબેન

**જ્ઞાન સાધના પરીક્ષામાં 08 બાળકો**

(1) બારીયા ભાનુવતી (2) રાવત પ્રજ્ઞાબેન (3) રાવત મનપ્રીત કુમાર (4) સંગાડા પ્રિતિકાબેન (5) રાવત મનિષાબેન (6) બારીઆ તનવીર (7) મુંડેલ વિરેન્દ્ર કુમાર (8) મુંડેલ અસ્મિતાબેન





**CET પરીક્ષામાં 04 બાળકો**

(1) લવારિયા મેહુલકુમાર (2) રાવત પ્રશાંત કુમાર (3) રાવત યુવરાજભાઈ (4) મુંડેલ જયશ્રીબેન

**એકલવ્ય પરીક્ષામાં 02 બાળકો**

(1) રાવત પ્રશાંતભાઈ (2) રાવત યુવરાજભાઈ

બાર મુખ્ય પ્રાથમિક શાળામાં સી.આર.સી.કો. ઓર્ડીનેટર મેહુલભાઈ ચૌધરી, શાળાનાં આચાર્યશ્રી પર્વતભાઈ રાવત તેમજ શિક્ષક મિત્રોનાં સહિયારા પ્રયાસોથી અલગ અલગ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બાળકોએ પોતાની શાળાનું તથા સી.આર.સી. સેન્ટરનું નામ રોશન કરતા શાળા પરિવાર તથા સી.આર.સી.કો. ઓર્ડીનેટર મેહુલભાઈ ચૌધરીએ તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.

# ઉપલેટા મહિલા કોલેજમાં ICDS દ્વારા કિશોરીઓ માટે કાર્યક્રમ યોજાયો

વિજય રાડીયા | ભાયાવદર

ઉપલેટા ઘટકમાં આઈ સી ડી એસ મહીલા બાળ વિકાસ વિભાગ દ્વારા પૂર્ણા પ્રોગ્રામ અંતર્ગત સુપોષીત કિશોરી સશક્ત ગુજરાત અન્વયે ૧૫ થી ૧૮ વર્ષ ની કિશોરી આરોગ્ય અને પોષણ સ્તરમાં સુધારા માટે કાર્યક્રમ નું આયોજન કરવામાં આવેલ હતું. આજની કિશોરી તંદુરસ્ત અને સક્ષમ હશે તો આવતીકાલ ની માતા અને બાળક તંદુરસ્ત અને સુપોષીત બનેશે.

કિશોરી સશક્ત અને સુપોષીત બને તે માટે મહીલા અને બાળ વિકાસ વિભાગના માધ્યમ થી પૂર્ણા યોજનાની શરૂઆત કરવામાં આવી છે. આ યોજનાનો મુખ્ય હેતુ કિશોરીને આરોગ્ય પોષણ વિષે માહીતી સાથે સેવાઓ આપવી. તેમજ જીવન જીવવા માટેની આવડતો અને કૌશલ્યો વિષે માહીતગાર કરી તેમને સક્ષમ બનાવાનો છે.પૂર્ણા યોજના થકી કિશોરીને પોતાને જરૂરી પોષણ આરોગ્ય અને જીવન માટે જરૂરી કૌશલ્યોની સમજીને પરીવાર અને સમાજમાં એવું વાતાવરણ મેળવી શકે તેથી તેઓ પોતાના નિર્ણયો અને અનુભવોને મુક્ત મને જાતે લઈ શકે.આ ઉદેશ્યનેસફળ કરવા માટે દરેક આગણવાડી કેન્દ્રમાં એક સખી અને એક સહસખી બનાવવામાં આવી છે.જે ગામની દરેક અન્ય કિશોરીઓને આરોગ્ય,પોષણ



અને કૌશલ્યો વિષે માહિતી આપી જાગૃત કરવાનું કામ કરે છે.આ યોજનામાં ૧૫ થી ૧૮ વર્ષની શાળાએ જતી અને ન જતી તમામ કિશોરીનો સમાવેશ થાય છે.

કિશોરીને સક્ષમ બનાવવા માટે આંગણવાડી માં પૂર્ણા (ચોથો મંગળવાર ) ની ઉજવણી કરવામાં આવે છે.જેમાં પોષણ અને બિન પોષણ વિષયક( જીવન કૌશલ્યો, વ્યવસાયીક તાલીમ, કાયદાકીય માહિતી, સ્થાનિક ઉપલબ્ધ જાહેરસેવાઓ વગેરે) જાણકારી કિશોરીઓને આપવામાં આવે છે. સંકલિત બાળ વિકાસ સેવા હેઠળ કિશોરીઓને પોષણ માટે આપવામાં આવતા તૈયાર પોષણ આહાર(ટેક હોમ રેશન) પુર્ણા શકતી ના ચાર પેકેટ દર મહિને ૧૫ થી ૧૮ વર્ષની કિશોરીને આપવામાં આવે છે.જેમાં આઠ સુક્ષ્મ-પોષક તત્વોનો સમાવેશ કરવામાં આવે છે.જે કિશોરી ના સ્વસ્થ શરીર નિર્માણ માટે ખૂબ જરૂરી છે.

આજ રોજ તારીખ: ૨૬/૦૯/૨૦૨૪ ના રોજ શ્રી આર.પી. ભલોડિયા મહિલા કોલેજ ખાતે આરોગ્ય અને આઈ.સી.ડી.એસ. વિભાગના સંકલનથી ૧૫ થી ૧૮ વર્ષની કુલ ૫૦૦ કિશોરીઓને આરોગ્ય તપાસમાં (HB BMI વજન /ઊંચાઈ ટીટીવેક્સિન) કરવામાં આવેલ. તેમજ આઈ.સી.ડી.એસ યોજાના તરફથી પૂર્ણા યોજનાની જાણકારી પૂર્ણા શકતી માથી બનતી વાનગી નીદર્શન તેમજ કિશોરી ને આરોગ્ય પોષણ જીવન કૌશલ્યો,વ્યવસાયીક તાલીમ,કાયદાકીય માહિતી બાબતની સમજણ આપેલ તેમજ એનીમીયા મુક્ત ભારત પ્રોગામ અંતર્ગત એનીમીયાની સમજ આપવામાં આવેલ.

આ કાર્યક્રમ માં શ્રી આર.પી. ભાલોડિયાના આચાર્ય મહેન્દ્રભાઈ કલાવડિયા, બાળ વિકાસ યોજના અધીકારી ઉપલેટા ઉર્વશી બા જાડેજા, મુખ્યસેવીકા ઉપલેટા સીટી હેતલબેન લુવા,NNM બ્લોક કો ઓર્ડીનેટર રાજદીપભાઈ ગજેરા, પી એસ ઈન્સ્ટ્રક્ટર સાવનભાઈ મહીડા તથા આરોગ્ય અને આઈ.સી.ડી.એસ. વિભાગના તમામ ટીમ ઉપસ્થિત રહેલ અને કાર્યક્રમ સફળ બનાવેલ.

# ફરવા માટે સૌથી સુંદર અને મહિલાઓ માટે સુરક્ષિત સ્થળ



સપ્ટેમ્બરનું છેલ્લું સપ્તાહ એટલે ઉનાળાના અંતનો સમય છે અને હવામાન ખુશનુમા બનવાનું શરૂ થાય છે. આવા હવામાનમાં મુસાફરી કરવાનો એક અલગ જ આનંદ છે. જો તમે પણ આ સમય દરમિયાન મુસાફરી કરવાનું વિચારી રહ્યા છો, તો તમે આ સમયે વિદેશ પ્રવાસનું આયોજન કરી શકો છો. અહીં તમને એવા 6 દેશો વિશે જણાવી રહ્યા છીએ જ્યાં સપ્ટેમ્બરના અંતમાં અને ઓક્ટોબરની શરૂઆતમાં હવામાન સુંદર અને સારું હોય છે અને આ જગ્યાઓ મહિલાની સુરક્ષા માટે પણ બેસ્ટ છે.

**તુર્કીયે** | તુર્કીની સુંદરતા તમને મંત્રમુગ્ધ કરશે. યુરોપ અને એશિયાની વચ્ચે આવેલું તુર્કી ખૂબ જ સુંદર છે.


**આયર્લેન્ડ** | જો તમે કોફીના શોખીન છો તો તમારે ચોક્કસપણે આયર્લેન્ડ જવું જોઈએ. કોફી અને તેની સમૃદ્ધ સંસ્કૃતિ સમગ્ર વિશ્વમાં પ્રખ્યાત છે. આયર્લેન્ડમાં તમે બેલફાસ્ટ ઈન્ટરનેશનલ ટેટૂ, ઈન્ટરનેશનલ ઓઈસ્ટર એન્ડ સી ફૂડ ફેસ્ટિવલ અને ડબલિન ફ્રિન્જ ફેસ્ટિવલનો આનંદ માણી શકો છો.



**ગ્રીસ** | ગ્રીસ પ્રવાસીઓ માટે વિશ્વના શ્રેષ્ઠ સ્થળોમાંનું એક છે. ગ્રીસ, જૂના મંદિરો, સુંદર દરિયાકિનારા અને અદ્ભૂત ટાપુઓનો દેશ, તમને જીવનભર યાદ રહેશે.



**ફ્રાન્સ** | આ સમયે ફ્રાન્સમાં પિંક સૂર્યપ્રકાશ ચમકે છે અને રસ્તાઓ પર ખૂબ ઓછી ભીડ છે. સપ્ટેમ્બર મહિનામાં ફ્રાન્સમાં બ્રેડરી ડી લિલી, ફેસ્ટિવલ ડેસ જાર્ડિન્સ જેવા તહેવારો ઉજવવામાં આવે છે જેનો તમે આનંદ માણી શકો છો.



**જાપાન** | જાપાનમાં તમે કાબુકી બાથ, ઓન્સેન હોટ સ્પ્રિંગ્સ અને સુંદર ફૂલોનો આનંદ માણી શકો છો. અહીં તમે ટોક્યોના ડિઝનીલેન્ડની મુલાકાત લઈ શકો છો અને સુમો રેસલિંગ લાઈવ જોઈ શકો છો.



**સિંગાપોર** | સિંગાપોર ખૂબ જ સ્વચ્છ દેશ છે. અહીં , સ્થિતિ ખૂબ જ કડક છે જેના કારણે મહિલા એકલા પ્રવાસીઓ પણ અહીં એકદમ સુરક્ષિત અનુભવે છે. અહીંનું ભોજન ખૂબ જ સ્વાદિષ્ટ છે, તેથી ફૂડ પ્રેમીઓ અહીં જઈ શકે છે.



# આજ મૌસમ બડા બેઈમાન હે બડા, આજ મૌસમ...



આજ મૌસમ હે બડા બેઈમાન હે બડા, આજ મૌસમ...



**પંચાત રસ**

**- રુપાલી દવે**

વરસાદી મૌસમ માં તમને પ્રિય ચીજ કંઈ કરવી ગમશે? આ પ્રશ્ન ગુંજતા જ વીજળી ના ચમકારા સાથે ના અવાજ ની જેમ જય મંગલ સોસાયટી ના પટાંગણ માં વરસતા વરસાદની ભરપુર મોજ લેતું લેડિઝ ગ્રુપ બોલ્યું કે લેખિકા,ક્યારેક તો બધાનુ મનગમતું કરો,શું? ગોમતી બા બોલ્યા કે ઓય!!વાયડી બઝાર નકામી જ્ઞાન ની વાતો બંધ કરી ને સામે નજર કરો. કીધું કે ઓહ!!.. આહ!!.. ઓહો..બાપરે!! મોટી ઉંમરે પણ શોખ બદલાયા નથી. આ ઉંમરે તો માણસે જપ તપ વ્રત કરે ધ્યાન ધર્મ કરે આ શું પેલી વેવલીની હદ થી વધારે સેવામાં ડોહા લાગ્યા છે? ચીકુ બા એ કીધું કે ગોમતી તન ખબર વેવલી અને મારો ફ્લેટ વચ્ચે એકજ દીવાલ આડી છે અમારે તો દરરોજ નું થયું. સવાર ના ૯ વાગતા ને ડોહો આવી જાય તે રાત્રે વાળું કરીને જાય છે. રીટા માસી બન્ને ડોસીઓની વાત માં ટાપસી પુરાવતા બોલ્યા કે માન્યું કે મંજરી નું લવ લફરું પહેલા ડોહા ના છોકરા જોડે હતું,છોકરો માર્યો એ ભેગા ડોહા એ મંજરી ને દીકરી માંથી પ્રેમિકા બનાવી નાખી છે.મને તો એ જ સમજાતું નથી કે દેસાઈ ભાઈ ને બધી ખબર છે છતાંય આંખ આડા કાન કેમ કરે છે? સાંભળ્યું છે કે મંજરી ને માટે કરોડો નો બંગલો ખરીદ્યો છે. બેત્રણ મિનિટ બૈરા મંડળ માં બંગલા વાળી વાત માં સન્નાટો છવાઈ ગયો. ઊંડો નિસાસો નાખતા ચીકુ બા બોલ્યા કે મજબૂરી નું નામ ગાંધીજી સમજો,દેસાઈ ના ખરાબ દિવસો માં ડોહા ના દીકરા ભૂપેન એ ખૂબ મદદ કરી હતી. ભૂપેન અને દેસાઈ પાક્કા ભાઈબંધ એટલે આવર નવાર એકબીજા ના પરિવાર સાથે હળવા મળવાનું થતું હતું. યુવાન દિલ તે મંજરી ની સુંદરતા પર ભૂપેન નું દિલ બાગ બાન મતલબ રંગીન બની ગયું. છાનું છપનું અંદર ખાને મંજરી અને ભૂપેન ની રાસલીલા ચાલતી હતી. આ બધા વચ્ચે ડોહા પાક્કા ઘડા નો ઘડેલો ભૂપેન એ દેસાઇ ને કેટલા રૂપિયા આપ્યા એનો પાક્કો હિસાબ રાખ્યો હતો.

ગોમતી બા એ ચીકુ બા ની વાત વચ્ચે થી કાપતા કહ્યું કે નવા જમાના ના નવા લફરા સમજો. દેસાઈ કઈ ઓછો નથી એનું લફરું ભૂપેન ની કુંવારી બહેન સાથે આજ પણ પુર બહાર ચાલે છે. બાપરે!! કળયુગી લીલા મતલબ લીલા સમજાઈ નહિ એવી તદન અટપટી. ભાઈ બહેન ની મંજરી અને દેસાઈ સાથે ની રસ લીલા માં કેટલાય ની લાઈફ સમસ્યા માં છે.છોડો ને બુન આપણા ને શું પંચાત? આ તો વરસો થી ચાલે છે ઘર ના નથી પડી તો આપણા ને શું? અચાનક ધોધમાર વરસતા વરસાદ તરફ નજર કરતા એવું દૃશ્ય દેખાયું કે બધા બૈરા ગ્રુપ ની મોઢા ની ડાબલી ખુલી ને ખુલી રહી ગઈ..હોઈ નહિ નજરે જોઈએ છીએ એ સાચું છે કે ભ્રમ. ના બા સાચું છે એ રાહુલ અને કેત્તા જ છે પણ બન્ને સાથે કેમ? બન્ને ના ડિવોર્સ નો કેસ કોર્ટ માં ચાલે છે ને.ચીકુ બા અને ગોમતી બા અંદરો અંદર વાતચીત કરતા હતા ત્યાં ગોમતી બા નો દસમા ધોરણમાં ભણતો પૌત્ર ચેતન બોલ્યો સ્માઈલ કરતા કીધું કે બા,અભિષેક અને એશ્વર્યા વાળી થઈ લાગે છે એટલે તો કેતુ અંકલ આંટી સાથે દેખાય છે. ચેતન નો અવાજ સંભળાયો એ ભેગા એની મમ્મી નિરાલી તાડુકી ને ચેતન બોલી કે અલ્યા!! તું અત્યારે અહીંયા શું કરે છે? તને અંગ્રેજી ની ટેસ્ટ લખવા આપીને આવી હતી,ટેસ્ટ પૂરી કરી. બેટા!!બેત્રણ દિવસ પછી તારી પરીક્ષા છે,જા ઘરે જઈને ભણવામાં ધ્યાન આપ. કંટાળા સાથે ચેતન એ પૂછ્યું કે મમ્મી યાર,મારે પણ તમારા લોકોની જેમ વરસાદ ની મજા માણવી છે. પ્રોમિસ, ટેસ્ટ રાત્રે લખી નાખીશ.પ્લીઝ મમ્મી, મિહિર,ગુલ્લુ, જાનકી ની જોડે મને પલાળવા જવા દેને. નિરાલી એ એના મોટા લાલ લાલ ડોળા ગોળ ગોળ ફેરવતા કહ્યું કે ના બિલકુલ નહિ ઘરે જઈને ટેસ્ટ લખી ને આવ,પરીક્ષા માંથા પર છે. મમ્મી ના ધમકાવવાથી ચેતન નો રડમસ ચહેરો થતાંજ ગોમતી બા એની વહુ ને બોલ્યા કે કેમ મારા દીકરા પર ક્યારની રાડા રાડ કર્યા કરે છે? સાંભળ કાન ખોલી ને ચેતન દારૂ જુગાર રમવા નું નથી પૂછતો.ચેતન ભાઈબંધો સાથે વરસાદ ની મોજમજા માણવા નું પૂછે છે સમજી.

દાદીમા એ પૌત્ર નો પક્ષ લેધો એ ભેગા ચેતન દાદી પાસે રડતા રડતા ભરાઈ ને બેસી ગયો.દાદી એ પણ પૌત્ર ના આંસુ લૂછતાં કીધું કે કોઈની મજલ છે કે મારા લાડલા ને ઊંચા અવાજે બધાની હાજરી માં ધમકાવે.આમ બોલી સાસુ એ એની વહુ ની પટકી પાડી દીધી. ગોમતી બા અને પૌત્ર નો પ્રેમ નિહાળી બધા હસતા હસતા હતા.આ દ્રશ્ય થી નિરાલી ને સખત ગુસ્સો આવ્યો એટલે ચેર પરથી ફટાફટ ઊભી થઈ ને સાસુ ના ખોળામાં બેઠેલ ચેતનનો હાથ જબરદસ્તી થી ખેંચી ને એને ઉભો કર્યો. ઉભા કરતા કરતા બોલી કે ખુદ ગામડા ના ગમાર એટલે પૌત્ર ને પણ ગમાર બનાવવા બેઠા છે. નિરાલી તો ચેતન નો હાથ પકડી ને ઘર ભેગી થઈ ગઈ પણ પંચાત મંડળ નો માહોલ ગરમા ગરમ કરતી ગઈ. નિરાલી ની સાથે એની ફ્રેન્ડ ઋચા, મહેક, ગિરજા વગેરે પણ ઘર ભેગા થઈ ગયા. પંચાત મંડળ માં ડોસી મંડળ સન્નાટા સાથે બેઠું હતું.રીંગ લીડર ગોમતી બા ને ફટકડી ભણેલી વહુ એ ગમાર કીધું એથી મંડળ દુઃખી હતું.સોસાયટી ના તાકાતવર બાહુબલી ચીકુ બા અને ગોમતી બા ના ચહેરા પર ઉદાસી નિહાળતા વરસાદ પણ રીમ ઝિમ વરસવા લાગ્યો. પંચાત મંડળ વચ્ચે બેઠેલ એન.આઈ. આર મધુ બા નાની મોટી આંખો કરતા બોલ્યા કે બાપરે!! કાળજાળ કળજુગ છે લાજ શરમ બધી વહુઓ એ નેવે મૂકી છે,શું બોલવું એ ભાન જ ના મળે? ગોમતી બેન ખોટું ના લગાડતા નિરાલી ની તાકાત તો જુવો બધા વચ્ચે સાસુ ની પણ લાજ શરમ ના રાખી. અરે!!થોડા કલાક ચેતન ભણવા ના બેસત તો ક્યાં મોટું નુકશાન થવાનું હતું? ગોમતી બેન વહુઓ ને મુઠ્ઠી માં રાખવી પડે,બધી વહુઓ ને લાડ પ્યાર વધારે સદતા નથી. લગન કરીને સાસરે પ્રવેશતા જ પ્રથમ દિવસે હજુ માંથા પરનો મોડ પણ ઊતરિયો નહતો ત્યાં જ સાસુ એ ફરમાન કર્યું કે પચાસ માણસો ના રોટલા શાક બનાવી નાખો.મધુ બા ની વાતમાં સુર ના સુર પુરાવતા ચીકુ બા બોલ્યા કે મધુ તારું સાસરું તો રૂપાળું રૂપિયા વાળું એટલે થાકી તો ઓરડો તો ખુદનો મળિયો.મારા સાસરે તો આખા બે ઓરડા ને લાંબી પરસાળ એટલે રાત પડે ને બધા ત્યાં જ ઊંઘે. મધુ બા અને રેવતી બા એ ખડખડાટ હસતા હસતા પૂછ્યું કે ચીકુ, તો તો જીજાજી ની સુહાગ રાત ક્યાં વિતી? ચીકુ બા એ સીતેર વર્ષની ઉંમરે સહેજ સ્માઈલ સાથે શરમાતા શરમાતા નીચું જોઈને કીધું કે શું ખબર? પણ એજ વર્ષે કમળા નો જન્મ થઈ ગયો હતો એ પાકું..બધા ચીકુ બા ની વાત સાંભળતા જ પંચાત મંડળી ખડખડાટ હસવા લાગ્યા પરંતુ ગોમતી બા ના હાસ્ય માં આનંદ કરતા દર્દ વધારે દેખાતું હતું.

# કંઈ કામ ના કર્યું હોય તો પણ લાગે છે થાક? તો આજથી શરૂ કરી દો આ 6 સુપરફૂડ

સવારનો નાસ્તો આરોગ્ય માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે સવારનો નાસ્તો દિવસભર કામ કરવાની એનર્જી આપે છે અને થાકને દૂર કરે છે. ડાયેટ નિષ્ણાતોની માનીએ તો શરીરને સવારે એવી વસ્તુઓની જરૂર હોય છે, જે તેને દિવસભર સક્રિય અને ઉર્જાસભર બનાવી શકે છે. તેથી જ તંદુરસ્ત નાસ્તો કરવો ખૂબ જ મહત્વપૂર્ણ છે. નાસ્તામાં તમે ઓટમીલ, ફળો, પનીર, દહીંનો સમાવેશ કરી શકો છો.

સવારના નાસ્તામાં આચર-કુચર ચીજો ખાવાનું ટાળો, કારણ કે સવારનો નાસ્તો ન કરવાથી આરોગ્ય વધુ ખરાબ થઈ શકે છે. સ્વસ્થ નાસ્તામાં ફાઈબર અને પ્રોટીનથી સમૃદ્ધ ખોરાક શામેલ હોવા જોઈએ. તેનાથી પેટ લાંબા સમય સુધી ભરાઈ જાય છે, જે વજન ઘટાડવામાં પણ મદદ કરે છે.

## નાસ્તામાં આ વસ્તુનું સેવન કરો:

**1) કેળા :** સવારે દૂધ અને કેળા ખાવાથી શરીરમાં ભરપૂર એનર્જી મળે છે...દૂધ અને કેળાથી તમને વિટામીન, મિનરલ્સ પૂરતા પ્રમાણમાં મળી રહેશે..કેળા અને દૂધનું સેવન કરવાથી તમારૂ પેટ લાંબા સમય સુધી ભરેલું રહેશે અને થાક નહીં લાગે.

**2) દહીં :** દરેક વ્યક્તિએ નાસ્તામાં દહીંને શામેલ કરવું જોઇએ. દહીં આપણા આંતરડાના આરોગ્ય માટે ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. નાસ્તામાં દહીં ખાવાથી ઘણા ફાયદા થાય છે. દહીંમાં પ્રોબાયોટિક્સ હોય છે, જે તમારું પેટ સાફ રાખે છે અને તમારું પાચન સારું રાખે છે.

**3) ડ્રાયફ્રુટ :** ડ્રાયફ્રૂટ માત્ર સ્વાદિષ્ટ જ નહીં, પણ તે પોષક તત્વોથી પણ ભરપુર છે. સવારે નાસ્તામાં ડ્રાયફ્રુટનું સેવન કરવાથી વજન વધવાની સમસ્યાથી છૂટકારો મળશે. ડ્રાયફ્રુટથી હૃદયરોગ અને આરોગ્ય સંબંધિત અન્ય સમસ્યાઓનું જોખમ પણ ઓછું થશે.

**4) પનીર :** સવારના નાસ્તામાં પનીરનું સેવન કરવું એ ઉત્તમ ખોરાક છે. પનીર પ્રોટીનથી ભરપુર છે, જેના કારણે તે પેટ લાંબો સમય સુધી ભરેલું રહે છે. આ સિવાય સવારના નાસ્તામાં ફળો પણ સારો વિકલ્પ છે.

**5) પીનટ બટર :** રોટલી કે પરાઠા પર તમે પીનટ બટર લગાવીને પણ તમે ખાઈ શકો છો.. પીનટ બટરમાંથી તમને હેલ્ધી પ્રોટીન મળશે..પીનટ બટર વાળી બ્રેડ પણ તમે ખાઈ શકો છે.... પીનટ બટરના સેવનથી તમને ભરપૂર એનર્જી મળશે અને સહેજ પણ થાક નહીં લાગે...

**6) ઓટ્સ:** સવારના નાસ્તામાં ઓટનું સેવન ફાયદાકારક છે. ઓટ્સમાં વિટામિનથી માંડીને અનેક પ્રકારના ખનિજો અને એન્ટીઓકિસડન્ટો મળી આવે છે.

# કિંગ ખાનની એક ઝલક માટે ફેન્સ થયા બેકાબૂ

## એરપોર્ટ પર ધક્કા-મુક્કીના દૃશ્યો, મહિલાઓની બૂમા-બૂમ




(એજન્સી) મુંબઇ | તા.26

’બોલિવૂડ કિંગ’ શાહરૂખ ખાન ગુરુવારે સવારે મુંબઈથી અબુધાબી જવા રવાના થયા હતા. આ દરમિયાન મુંબઈ એરપોર્ટ પર મહિલાઓની ભીડે કિંગ ખાનને ઘેરી લીધો હતો. મહિલાઓએ શાહરૂખની નજીક જવાની કોશિશ શરૂ કરી, જેના કારણે ધક્કા-મુક્કી થવા લાગી હતી.
તાજેતરમાં જ મુંબઈ એરપોર્ટ પરથી શાહરૂખ ખાનનો એક વીડિયો સામે આવી રહ્યો છે. શાહરૂખ ખાન એરપોર્ટમાં પ્રવેશતાની સાથે જ તેને મળવા મહિલાઓની ભીડ ઉમટી પડી હતી. આ દરમિયાન ઘણી મહિલાઓએ શાહરૂખ ખાનનો સિક્યોરિટી ઝોન તોડીને તેની નજીક જવાનો પ્રયાસ કર્યો, જેના કારણે સિક્યુરિટીએ એલર્ટ થઈને શાહરુખ ખાનને બચાવવો પડ્યો. ભીડના ધક્કાને કારણે સુરક્ષાકર્મીઓ સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. શાહરૂખ ખાનનું બેલેન્સ પણ બગડ્યું જોવા મળ્યું.
આ દરમિયાન એક મહિલા ભીડમાં ઊભી રહીને શાહરૂખ ખાનનું નામ લઈને તેને મળવાની વિનંતી કરતી રહી. મહિલાએ હાથ લંબાવીને શાહરૂખને પકડવાનો પ્રયાસ પણ કર્યો હતો. અભિનેતા કેપ પહેરીને એરપોર્ટ પહોંચ્યો હતો, આ દરમિયાન તેની મેનેજર પૂજા પણ તેની સાથે હતી. શાહરૂખ ગેટમાં જવા લાગ્યો કે તરત જ તેની સાથે મહિલાઓએ પણ એરપોર્ટમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો અને ભયાનક રીતે ચીસો પાડવા લાગી તેમજ લાંબા સમય સુધી ચીસો પાડતી રહી. એરપોર્ટ સિક્યોરિટી સ્ટાફે તે મહિલાઓને કાબૂમાં લેવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમને પણ સંઘર્ષ કરવો પડ્યો હતો.
તમને જણાવી દઈએ કે, શાહરૂખ ખાન આ વર્ષે IIFA એવોર્ડ 2024 હોસ્ટ કરવા જઈ રહ્યો છે. આમાં તેની સાથે કરણ જોહર પણ જોવા મળશે. IIFA એવોર્ડ્સ ૨૦૨૪ નું આયોજન 27-29 સપ્ટેમ્બરના રોજ યાસ આઈલેન્ડ, અબુ ધાબી ખાતે થવાનું છે. આ વર્ષે વરુણ ધવન, શાહિદ કપૂર, જાહ્નવી કપૂર અને કૃતિ સેનન એવોર્ડમાં પરફોર્મ કરશે.
તાજેતરમાં શાહરૂખ ખાન IIFA એવોર્ડ્સના પ્રેક્ટિસ સેશનનો ભાગ બન્યો હતો. આ દરમિયાન તેણે કરણ જોહર સાથે રિહર્સલ કર્યું હતું. પ્રેક્ટિસ દરમિયાન શાહરૂખ ખાને કરણ જોહરની મજાક ઉડાવી હતી.
વર્ક ફ્રન્ટની વાત કરીએ તો શાહરૂખ ખાન ફિલ્મ કિંગમાં જોવા મળવાના છે, જેમાં તેની પુત્રી સુહાના ખાન અને અર્જુન રામપાલ મુખ્ય ભૂમિકામાં હશે. આ એક્શનથી ભરપૂર ફિલ્મનું શૂટિંગ લંડનમાં ચાલી રહ્યું છે. આ સિવાય પુત્ર આર્યનના નિર્દેશનમાં બની રહેલી સ્ટારડમ સિરીઝમાં શાહરૂખ ખાન પણ કેમિયો કરવા જઈ રહ્યા છે.

# અમિતાભ બચ્ચને ઐશ્વર્યા સાથે કર્યું ખરાબ વર્તન? છૂટાછેડાની અફવાઓથી લીધો નિર્ણય

(એજન્સી) મુંબઇ | તા.26

પૂર્વ મિસ વર્લ્ડ ઐશ્વર્યા રાય અને બચ્ચન પરિવાર વચ્ચે ખટરાગ હોવાના અહેવાલ છે. છેલ્લા કેટલાક સમયથી સમાચાર આવી રહ્યા છે કે, બચ્ચન પરિવારથી અલગ થઈને ઐશ્વર્યા રાય પોતાના પિયરમાં રહે છે. એવા અહેવાલો છે કે ઐશ્વર્યા રાય અને અભિષેક બચ્ચન વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. આ કપલના લગ્નજીવનમાં કંઈ પણ સારૂં નથી ચાલી રહ્યું.
જો લોકોનું માનીએ તો, અમિતાભ બચ્ચન ઘણીવાર તેમની પુત્રી શ્વેતા બચ્ચન, પુત્ર અભિષેક બચ્ચન અને પૌત્રી નવ્યા નવેલી નંદા વિશે પણ પોસ્ટ શેર કરે છે. તેઓ જાણી જોઈને ઐશ્વર્યા રાય બચ્ચન અથવા આરાધ્યા બચ્ચન અંગે કોઈપણ પોસ્ટ કરતા નથી. અમિતાભ બચ્ચન દરરોજ પોતાના ફેન્સ સાથે કોઈને કોઈ માહિતી શેર કરતા રહે છે ત્યારે હવે ઐશ્વર્યા રાયની અવગણના કરતા હોય એવું સતત લાગી રહ્યું છે.
કારણ કે પહેલા અમિતાભ બચ્ચન પોતાની પુત્રવધુની હંમેશા પ્રશંસા કરતા અને તેની કોઈ પણ સિદ્ધિની ઝલક શેર કરતા હતા. હાલમાં જ એશ્વર્યાએ એવોર્ડ જીત્યો છતાં પણ કોઈ પોસ્ટ કે ઐશ્વર્યા રાયની પ્રશંસા નહોતી કરી તેથી સતત અફવાઓને વેગ મળી રહ્યો છે. અમિતાભ બચ્ચન પર ઐશ્વર્યા રાયને અવગણના કરવાનો આરોપ લાગ્યો છે. કારણ કે અભિનેત્રી સિમી ગ્રેવાલનું ચોંકાવનારું નિવેદન સામે આવતા જ સોશિયલ મીડિયા પર ફરી ચર્ચા થવા લાગી છે. સિમી ગ્રેવાલે અમિતાભ બચ્ચનનો બચાવ કર્યો અને કહ્યું હતું કે, તમે લોકો કંઈ નથી જાણતા. તે બધું બંધ કરો. સિમી ગ્રેવાલની આ ટિપ્પણીએ અફવાઓનું બજાર ગરમ કરી દીધું છે.





### ઐશ્વર્યા લગ્નની વીંટી કાઢી

તે જ સમયે, ઐશ્વર્યા રાયે લોકોને હાવભાવ દ્વારા કહ્યું છે કે તેની અને અભિષેક બચ્ચન વચ્ચે બધું બરાબર છે. હકીકતમાં ઐશ્વર્યા હાલમાં તેના લગ્નની વીંટી વિના જોવા મળી હતી જેણે અફવાઓને વધુ વેગ આપ્યો હતો. પરંતુ એવું લાગે છે કે તેણી આ અફવાને શાંત પાડવા માટે તૈયાર છે કારણ કે તેણી ફેશન વીક દરમિયાન તેણીની પુત્રી આરાધ્યા સાથે પેરિસમાં ફરી એક વાર તેણીના લગ્નની વીંટી પહેરીને બહાર નીકળી હતી.

# શહાના ગોસ્વામીની હિંદી ફિલ્મ સંતોષ યુકે તરફથી ઓસ્કરની હોડમાં

મુંબઈ : ઓસ્કરમાં ભારતે આ વખતે હિંદી ફિલ્મ ’લાપત્તા લેડીઝ’ મોકલવાનું નક્કી કર્યું છે તે પછી હવે યુકે પણ એક હિંદી ફિલ્મ ’સંતોષ’ને ઓસ્કરમાં પોતાની સત્તાવાર એન્ટ્રી તરીકે મોકલી રહ્યું છે. આ ફિલ્મમાં ભારતની હિરોઈન શહાના ગોસ્વામીએ મુખ્ય ભૂમિકા ભજવી છે. ઉત્તર ભારતમાં પતિના મોત બાદ પોલીસમાં નોકરી મેળવનારી કોન્સ્ટેબલ કેવી રીતે એક મર્ડર કેસને ફોલો કરે છે તે ફિલ્મની વાર્તા છે. ફિલ્મમાં શહાના ઉપરાંત સુનિતા રાજવારની પણ મુખ્ય ભૂમિકા છે. સંધ્યા સુરિએ ફિલ્મનું દિગ્દર્શન કર્યું છે.
બાફટા દ્વારા યુકેની એન્ટ્રી તરીકે આ ફિલ્મને પસંદ કરવામાં આવી છે. આ ફિલ્મ અગાઉ કાન્સ ફેસ્ટિવલમાં રજૂ થઈ ચૂકી છે. સંખ્યાબંધ દેશોમાં તે રજૂ કરવામાં આવી છે. બ્રિટિશ નિર્માતાઓએ બનાવેલી ફિલ્મ યુકે તરફથી બેસ્ટ ઈન્ટરનેશનલ ફીચર ફિલ્મની કેટેગરીમાં મોકલવામાં આવી છે.

# ‘તારક મહેતા’ના દિલીપ જોશીએ સલમાન ખાન સાથે શેર કર્યો રૂમ

(એજન્સી) મુંબઇ | તા.26

ફેમસ ટીવી એક્ટર દિલીપ જોશીએ પોતાની એક્ટિંગથી ઘણા લોકોના દિલ જીતી લીધા છે. દિલીપ જોશીએ તેના કરિયરની શરૂઆતના દિવસોમાં બોલીવુડની કેટલીક ફિલ્મોમાં પણ કામ કર્યું છે, જેમાં ‘મૈંને પ્યાર કિયા’થી લઈને ‘હમ આપકે હૈ કૌન’નો સમાવેશ થાય છે. જ્યાં ‘મૈંને પ્યાર કિયા’માં દિલીપ જોશી સલમાન ખાનના ઘરનો નોકર બન્યો હતો. દિલીપ જોશી ‘હમ આપકે હૈ કૌન’માં માધુરી દીક્ષિતના કઝીન બન્યો હતો. ખાસ વાત એ છે કે ‘હમ આપકે હૈ કૌન’ના શૂટિંગ દરમિયાન દિલીપ જોશીએ સલમાન ખાન સાથે રૂમ શેર કરવાનો હતો. આ સ્ટોરી દિલીપ જોષીએ પોતે જાહેર કરી હતી.
‘હમ આપકે હૈ કૌન’ નો ઉલ્લેખ કરતા દિલીપ જોશીએ સૂરજ બડજાત્યા વિશે પણ જણાવ્યું. સૂરજ બડજાત્યાના વર્તન અંગે તેને કહ્યું, “તે તેના તમામ કલાકારો સાથે સમાન રીતે વર્તે છે અને તેમની સાથે સમાન રીતે રહે છે.” દિલીપ જોશીએ ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે તેણે શૂટિંગ દરમિયાન સલમાન ખાન સાથે હોટલનો રૂમ પણ શેર કર્યો હતો. સલમાન ખાનની પ્રતિક્રિયા શેર કરતા દિલીપ જોશીએ કહ્યું કે તેમને રૂમ શેર કરવામાં ક્યારેય કોઈ સમસ્યાનો સામનો કરવો પડ્યો નથી. સલમાને ક્યારેય કોઈ વિરોધ પણ દર્શાવ્યો નથી.
દિલીપ જોશીએ ‘હમ આપકે હૈ કૌન’માં માધુરી દીક્ષિતના કઝીનનો રોલ કર્યો હતો. પરંતુ રિયલ લાઈફમાં તે તેનો મોટો ફેન હતો. સૂરજ બડજાત્યાએ પણ તેનો પરિચય માધુરી દીક્ષિત સાથે કરાવ્યો હતો અને પરિચયમાં કહ્યું હતું કે તેઓ ‘ગુજરાતી ઉદ્યોગના મોટા કલાકાર’ છે.



**દિલીપ જોશીનું કરિયર :** દિલીપ જોશી વર્ષોથી મનોરંજન ઉદ્યોગનો એક ભાગ છે. પરંતુ તેને શરૂઆતમાં કોઈ મોટી ઓળખ મળી ન હતી. તેને ઘણીવાર બેકગ્રાઉન્ડ એક્ટરની ભૂમિકા ભજવી છે. દિલીપે કરિયરની શરૂઆત સલમાન ખાન સાથે તેની પહેલી હિટ ફિલ્મ મૈંને પ્યાર કિયામાં નોકર રામુની ભૂમિકા ભજવીને કરી હતી. આગામી બ્લોકબસ્ટર ફિલ્મ હમ આપકે હૈ કૌનમાં, દિલીપ જોશી ભોલા પ્રસાદની ભૂમિકામાં જોવા મળ્યો હતો જે તેની શકુંતલાની શોધમાં હતો. બાદમાં તેણે ઘણા ટીવી શો પણ કર્યા.
પરંતુ તેણે તારક મહેતા કા ઉલ્ટા ચશ્માામાં જેઠાલાલની ભૂમિકા ભજવીને ઓળખ મેળવી હતી. આ પાત્ર 16 વર્ષથી દર્શકોનું મનોરંજન કરી રહ્યું છે.



# દિલજીત દોસાંઝની મુશ્કેલી વધી: સેન્સર બોર્ડે 120 સીન કટ કરવાનો આપ્યો આદેશ, ફિલ્મ 'પંજાબ 95'નું ટાઈટલ પણ બદલશે!

દિલજીત દોસાંઝની આગામી ફિલ્મ ’પંજાબ 95’ ઘણા સમયથી વિવાદોમાં ઘેરાયેલી છે. દિલજીત આ ફિલ્મમાં માનવાધિકાર કાર્યકર્તા જસવંત સિંહ ખાલડાનું પાત્ર ભજવવા જઈ રહ્યો છે. સંવેદનશીલ મુદ્દાને કારણે સેન્સર બોર્ડે ફિલ્મમાં 85 કટની માંગણી કરી હતી, જો કે હવે રિવાઈઝડ કમિટીએ 85 સીન નહીં પરંતુ 120 કટનો આદેશ આપ્યો છે. સમિતિએ ફિલ્મના ટાઈટલમાં પણ ફેરફાર કરવાની માંગ કરી છે.

**ફિલ્મ નિર્માતાઓને ફેરફારો સામે વાંધો :** ફિલ્મ નિર્માતાઓએ સેન્સર બોર્ડ દ્વારા કહેવામાં આવેલા ફેરફારો સામે વાંધો ઉઠાવ્યો છે. તેમનું કહેવું છે કે, સતવંત સિંહ ખાલડા પંજાબના એક સન્માનિત વ્યક્તિ હતા, જેમના પર ફિલ્મ બની છે. માટે તેમનું નામ ફિલ્મમાંથી હટાવવું યોગ્ય નથી.
દિલજીત દોસાંઝ ફિલ્મ પંજાબ 95માં લીડ રોલમાં છે. આ ફિલ્મનું નિર્માણ રોની સ્ક્રુવાલા દ્વારા કરવામાં આવ્યું છે અને હની ત્રેહાન દ્વારા ડાયરેક્ટ કરવામાં આવી છે. જ્યારે ફિલ્મ સર્ટિફિકેશન માટે CBFC (સેન્ટ્રલ બોર્ડ ઑફ ફિલ્મ સર્ટિફિકેશન) પાસે પહોંચી ત્યારે બોર્ડે ફિલ્મમાં 85 સીન કટ કરવાનો આદેશ આપ્યો હતો. આ પછી, નિર્માતાઓએ વાણી સ્વતંત્રતાના આધારે તેના પર પુનર્વિચાર કરવાની માંગ કરી હતી. ફિલ્મ નિર્માતાઓની માંગ પર સેન્સર બોર્ડે નવી કમિટીની રચના કરી, જો કે નવી કમિટીએ તેમાં વધુ 35 સીન કટ કરવાનો આદેશ આપ્યો છે.

### ફિલ્મમાં થશે આ મોટા ફેરફારો

- સેન્સર બોર્ડની નવી સમિતિએ ફિલ્મ નિર્માતાઓને ફિલ્મના તે તમામ દ્રશ્યોમાં ફેરફાર કરવાનો આદેશ આપ્યો છે જ્યાં પંજાબ અને તેના જિલ્લા તરનતારન સાહિબનો ઉલ્લેખ કર્યો છે.
- ફિલ્મમાં દર્શાવવામાં આવેલા કેનેડા અને યુકેના સંદર્ભો હટાવવાની પણ માંગ કરવામાં આવી છે.
- ફિલ્મનું ટાઈટલ પંજાબ 95 રાખવામાં આવ્યું છે. જસવંત સિંહ ખાલડા વર્ષ 1995માં ગુમ થયા હતા, તેથી સેન્સર બોર્ડ કમિટીએ માગણી કરી હતી કે ટાઈટલ પણ બદલવામાં આવે. તેનાથી લોકોની ભાવનાઓને ઠેસ પહોંચી શકે છે.
- સમિતિની માંગ છે કે ફિલ્મના મુખ્ય પાત્ર જસવંત સિંહ ખાલડાનું નામ પણ બદલવું જોઈએ.

# શાહરૂખના સતત બીજા પ્રોજેક્ટમાં ભૂમિ પેડનેકરની એન્ટ્રી...

## ફિલ્મ હાલ પ્રિ પ્રોડક્શન સ્ટેજમાં, બાકીના કલાકારોની જાહેરાત ટૂંક સમયમાં



(એજન્સી) મુંબઇ | તા.26

મુંબઈ : ભૂમિ પેડનેકરને શાહરુખ ખાનની પ્રોડક્શન કંપની રેડ ચીલીઝ એન્ટરટેઈનમેન્ટની સતત બીજી ફિલ્મમાં તક મળી છે. શાહરુખની કંપનીએ બનાવેલી ‘ભક્ષક’ ફિલ્મમાં ભૂમિએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. હવે આ કંપની એક નવી ફિલ્મ બનાવી રહી છે તેમાં પણ ભૂમિને સાઈન કરાઈ હોવાના અહેવાલો છે.
જોકે, આ નવી ફિલ્મની સ્ટોરી કે બાકીની કાસ્ટ અંગે કોઈ જાહેરાત થઈ નથી. નિર્માતાઓ ટૂંક સમયમાં સત્તાવાર રીતે કોઈ એનાઉન્સમેન્ટ કરે તેવી સંભાવના છે. ‘ભક્ષક’ના ડાયરેક્ટર પુલકિત જ આ નવી ફિલ્મનું દિગ્દર્શન સંભાળશે. ભૂમિએ શરુઆતની કેટલીક ફિલ્મોમાં શાનદાર એક્ટિંગ કરીને ક્રિટિક્સની પ્રશંસા મેળવી હતી. જોકે બાદમાં તેની કારકિર્દીને ભારે પછડાટ સહન કરવી પડી છે. તાજેતરમાં અર્જુન કપૂર સાથેની તેની ફિલ્મ ‘લેડી કિલર’ ને ઓટીટી પર કોઈ લેવાલ ન મળતાં સીધી યુ ટયુબ પર વિનામૂલ્યે રજૂ કરી દેવાની ફરજ પડી હતી.

# આરોહી-રાહુલની જોડી અને વરસાદ...!



મુંબઈ | શ્રદ્ધા કપૂર મુંબઈમાં એક ઈવેન્ટ દરમિયાન તેના કો-એક્ટર અને પૂર્વ બોયફ્રેન્ડ આદિત્ય રોય કપૂરને મળી હતી. બંનેએ એકબીજાને જોતાં જ ગળે લગાવ્યા હતા. તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેના પર ફેન્સ પણ જોરદાર કોમેન્ટ કરી રહ્યા છે.
24 સપ્ટેમ્બરે મુંબઈમાં ’સ્પેક્ટેક્યુલર સાઉદી’ની ઉજવણી માટે એક ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઘણા સ્ટાર્સે ભાગ લીધો હતો. શ્રદ્ધા કપૂર પણ આ ઈવેન્ટમાં હાજરી આપવા આવી હતી. જ્યારે એક્ટ્રેસ કેમેરાની સામે પોઝ આપી રહી હતી ત્યારે પાછળથી આદિત્ય રોય કપૂર આવ્યો અને તેને મળ્યો અને બંનેએ એકબીજાને ગળે લગાવ્યા. આ વાયરલ વીડિયો પર ફેન્સ પણ ઘણી કોમેન્ટ કરી રહ્યા છે. એક યુઝરે લખ્યું, વરસાદ અને પાછા બંને એક સાથે. બીજાએ લખ્યું, તેમને સ્ક્રીન પર એકસાથે જોવા માટે ઉત્સાહિત છીએ. કાસ્ટિંગ ડિરેક્ટર્સને તે માટે વિનંતી છે. આ સિવાય એકે લખ્યું- ’બંને ખૂબ જ ક્લાસી લાગી રહ્યા

# નવ્યાએ કાકી આલિયાને વખાણી પણ મામી ઐશ્વર્યાને અવગણતાં ટ્રોલ થઈ : પેરિસ ફેશન વીકમાં આલિયાના ડેબ્યુનાં વખાણ કર્યાં



મુંબઈ : અમિતાભ બચ્ચનની દૌહિત્રી નવ્યા નંદાએ પેરિસ ફેશન વીકમાં હાજરી માટે કાકી આલિયા ભટ્ટને વખાણી હતી પરંતુ મામી ઐશ્વર્યા રાયની સદંતર અવગણના કરતાં તે ભારે ટ્રોલ થઈ છે.
ઉલ્લેખનીય છે કે નવ્યાના પિતા નિખિલ નંદા અને રણબીર કપૂર પિતરાઈઓ થાય છે. એ નાતે આલિયા સગપણમાં નવ્યાની કાકી છે.
પેરિસ ફેશન વીકમાં આલિયા ભટ્ટે ડેબ્યૂ કર્યું હતું. તેની પોસ્ટને નવ્યા નંદાએ વખાણી હતી. જોકે, આ જ ફેશન વીકમાં ઐશ્વર્યા પણ પહોંચી હોવા છતાં નંદાએ તેનો ક્યાંય ઉલ્લેખ કરવાનું પણ ટાળ્યું હતું. ચકોર નેટ યૂઝર્સએ તરત જ આ પક્ષપાતની નોંધ લીધી હતી. નેટ યૂઝર્સ દ્વારા જણાવાયું હતું કે નવ્યાને પણ તેની માતા શ્વેતા જેમ ઐશ્વર્યા સાથે અણબનાવ હોય તેમ લાગે છે. કેટલાકે લખ્યું હતું કે નવ્યાને જાણ હતી કે તે આલિયાનો ઉલ્લેખ કરશે પરંતુ ઐશ્વર્યાને ટાળશે તો તેનાથી પબ્લિસિટી મળશે.

# કોહલીની દાઢી અને ગંભીર... કાનપુરના મેદાન પર આ શું થયું?

નવી દિલ્હી તા 26



કોહલીએ કાનપુર ટેસ્ટ પહેલા ગ્રીન પાર્ક સ્ટેડિયમમાં જોરશોરથી પ્રેક્ટિસ કરી હતી. જોકે, પ્રેક્ટિસ દરમિયાન ગૌતમ ગંભીર સાથેનો તેનો એક ફોટો વાયરલ થઈ રહ્યો છે. આ તસવીરમાં શું છે ખાસ અને શા માટે ચાહકો તેને આટલી બધી પસંદ કરી રહ્યા છે, જાણો અહીં.ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ટેસ્ટ શ્રેણીની બીજી મેચ કાનપુરમાં રમાશે. ટીમ ઈન્ડિયાએ બુધવારે પ્રેક્ટિસ કરી હતી જેમાં તમામ ખેલાડીઓએ ભાગ લીધો હતો, જે દરમિયાન વિરાટ કોહલી અને મુખ્ય કોચ ગૌતમ ગંભીર વચ્ચે કંઈક જોવા મળ્યું હતું જેની તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે.ગંભીરે કોહલીની દાઢીને સ્પર્શ કર્યોવાસ્તવમાં ટીમ ઈન્ડિયાનું પ્રેક્ટિસ સેશન ચાલી રહ્યું હતું અને આ દરમિયાન તમામ ખેલાડીઓ કાનપુર ટેસ્ટની તૈયારીમાં વ્યસ્ત હતા. આ દરમિયાન વિરાટ અને ગૌતમ ગંભીર વચ્ચે વાતચીત ચાલી રહી હતી. ત્યારબાદ મુખ્ય કોચ ગૌતમ ગંભીરે વિરાટ કોહલીની દાઢીને સ્પર્શ કર્યો હતો. વિરાટની દાઢી પર કંઈક ફસાઈ ગયું હતું અને ગંભીર તેને દૂર કરી રહ્યો હતો. વિરાટની દાઢીને સ્પર્શ કરતી ગંભીરની તસવીર કેમેરામાં કેદ થઈ હતી અને હવે આ તસવીર સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. જ્યારે ગૌતમ ગંભીર ટીમ ઈન્ડિયાનો મુખ્ય કોચ ન હતો ત્યારે ઘણીવાર એવું માનવામાં આવતું હતું કે વિરાટ કોહલી સાથે તેના સંબંધો ખૂબ જ વણસેલા હતા. પરંતુ જ્યારે તેઓ મુખ્ય કોચ બન્યા ત્યારે લોકોનો ભ્રમ તૂટી ગયો હતો. વિરાટ અને ગંભીર બંને એકબીજાનું ખૂબ સન્માન કરે છે અને તાજેતરમાં જ BCCIએ બંનેનો એક વીડિયો પોસ્ટ કર્યો હતો જેમાં તેઓએ આવી ઘણી વાતો કહી હતી જેણે ચાહકોનું દિલ જીતી લીધું હતું. વિરાટ કોહલીએ T20 વર્લ્ડ કપની ફાઈનલમાં અડધી સદી ચોક્કસથી ફટકારી હતી

પરંતુ આ સિવાય તેના બેટથી કોઈ મોટી ઈનિંગ જોવા મળી ન હતી. વિરાટે વર્ષ 2024માં 15 આંતરરાષ્ટ્રીય મેચોમાં 18.76ની એવરેજથી માત્ર 319 રન બનાવ્યા છે. તે માત્ર એક જ અડધી સદી ફટકારવામાં સફળ રહ્યો છે.

વિરાટે આ વર્ષે 2 ટેસ્ટ રમી અને માત્ર 81 રન બનાવી શક્યો. તે 3 ODIમાં માત્ર 58 રન જ બનાવી શક્યો હતો અને 10 T20માં તેણે 18ની એવરેજથી માત્ર 180 રન બનાવ્યા હતા, જેમાં એક અડધી સદીનો સમાવેશ થાય છે.

# ટેસ્ટમાં બેટિંગ-બોલિંગમાં ટૉપ-10માં ત્રણ-ત્રણ ભારતીયો

## રોહિત-કોહલીએ 5 સ્થાન ગુમાવ્યા, રિષભ છઠ્ઠા સ્થાને પહોંચ્યો; ગુરબાઝ ટૉપ-10માં

નવી દિલ્હી તા 26

ભારતીય બેટર રિષભ પંત ICCની નવી ટેસ્ટ રેન્કિંગમાં છઠ્ઠા સ્થાને પહોંચી ગયો છે. અકસ્માત બાદ ટેસ્ટ ક્રિકેટમાં કમબેક કરી રહેલા પંતે બાંગ્લાદેશ સામે બીજી ઈનિંગમાં સદી ફટકારી હતી અને 109 રન બનાવ્યા હતા. બુધવારે જાહેર કરાયેલા રેન્કિંગમાં યશસ્વી જયસ્વાલને એક સ્થાનનો ફાયદો થયો છે. યશસ્વી 751 પોઈન્ટ સાથે પાંચમા સ્થાને પહોંચી ગઈ છે. ટીમ ઈન્ડિયાના ત્રણ બેટર ટૉપ 10માં છે. બાંગ્લાદેશ સામેની પ્રથમ ટેસ્ટમાં ખરાબ પ્રદર્શનને કારણે રોહિત શર્માએ 5 રેન્કિંગ ગુમાવ્યું છે. હવે ભારતીય કેપ્ટન 10માં નંબર પર પહોંચી ગયો છે. ઈંગ્લેન્ડનો જો રૂટ 899 પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને છે. ટેસ્ટ રેન્કિંગમાં ચાર સ્થાન પર કોઈ ફેરફાર થયો નથી ICC ટેસ્ટ રેન્કિંગમાં ટોપ-4માં કોઈ ફેરફાર થયો નથી. ઈંગ્લેન્ડનો દિગ્ગજ ખેલાડી જો રૂટ હજુ પણ 899 રેટિંગ સાથે ટોચના સ્થાને છે. તે જ સમયે, ન્યૂઝીલેન્ડનો કેન વિલિયમસન 852 રેટિંગ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. ન્યૂઝીલેન્ડનો ડેરીલ મિચેલ 760 રેટિંગ પોઈન્ટ સાથે નંબર-3 અને ઓસ્ટ્રેલિયાનો સ્ટીવ સ્મિથ 757 રેટિંગ પોઈન્ટ સાથે નંબર-4 પર યથાવત છે. શ્રીલંકાના લેફ્ટ આર્મ સ્પિનર પ્રબથ જયસૂર્યાને બોલિંગ રેન્કિંગમાં 5 સ્થાનનો ફાયદો થયો છે. જયસૂર્યા 743 પોઈન્ટ સાથે આઠમા સ્થાને પહોંચી ગયો છે.



### ગુરબાઝ ટૉપ-10માં સામેલ

અફઘાનિસ્તાનનો ઓપનર રહેમનુલ્લાહ ગુરબાઝ મેન્સની ODI બેટિંગ રેન્કિંગમાં ટોપ-10માં પહોંચનાર પ્રથમ બેટર બની ગયો છે. 10 સ્થાનના ફાયદા સાથે ગુરબાઝ હવે 8માં સ્થાને પહોંચી ગયો છે. તેના 692 પોઈન્ટ છે. ગુરબાઝે તાજેતરમાં દક્ષિણ આફ્રિકા સાથેની વન-ડે શ્રેણીમાં સદી ફટકારી હતી. ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માને નવી રેન્કિંગમાં 5 સ્થાનનું નુકસાન થયું છે. રોહિત શર્મા પાંચમા કોહલીને પણ નવા રેન્કિંગમાં 5 નુકસાન થયું છે અને તે હવે 12માં સ્થાને પહોંચી ગયો છે.

**બોલિંગમાં અશ્વિન ટૉપ પર, બુમરાહ બીજા સ્થાને પહોંચી ગયો :**નવી રેન્કિંગમાં બુમરાહને એક સ્થાનનો ફાયદો થયો છે. તેના હવે 854 રેટિંગ પોઈન્ટ છે. તેણે પ્રથમ ચેન્નાઈ ટેસ્ટના પ્રથમ દાવમાં 4 વિકેટ ઝડપી હતી. બોલરોમાં માત્ર રવિચંદ્રન અશ્વિન જ તેના કરતા સારો રેન્કિંગ ધરાવે છે. ઓફ સ્પિનર 871 રેટિંગ પોઈન્ટ સાથે ટોપ પર છે. રવીન્દ્ર જાડેજાને એક સ્થાનનો ફાયદો થયો છે, જેના કારણે તે છઠ્ઠા સ્થાને પહોંચી ગયો છે. ટૉપ-10 બોલરોમાં માત્ર આ 3 ભારતીય ખેલાડીઓ સામેલ છે.બેટિંગ રેન્કિંગમાં ભારતના 3 બેટર છે. રોહિત શર્મા 765 પોઈન્ટ સાથે બીજા સ્થાને, શુભમન ગિલ 763 પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને અને વિરાટ કોહલી 746 પોઈન્ટ સાથે ચોથા સ્થાન પર છે. પાકિસ્તાનનો બાબર આઝમ 824 પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને છે. વિરાટ કોહલી અને રોહિત શર્માને 5 સ્થાનનું નુકસાન થયું

# ભારત અને બાંગ્લાદેશની બીજી ટેસ્ટ મેચમાં કેવું રહેશે હવામાન




(એજન્સી) કાનપુર તા 26

કાનપુર ઐતિહાસિક મેદાન પર ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સીરિઝની બીજી ટેસ્ટ મેચ રમાશે. ભારતીય ટીમ સીરિઝમાં 1-0થી આગળ છે. ભારતે પહેલી ટેસ્ટ મેચ 280 રનથી જીતી છે. તો ચાલો જાણીએ બીજી ટેસ્ટ મેચ પહેલા બંન્ને ટીમનો રેકોર્ડ કેવો છે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે બીજી ટેસ્ટ મેચ 27 સપ્ટેમ્બરના રોજ કાનપુરમાં રમાશે. ભારતીય ટીમ સીરિઝમાં 1-0થી આગળ છે. પહેલી ટેસ્ટ મેચ ભારતીય ટીમે 280 રનથી જીતી હતી. ભારતીય ટીમ હવે બીજી ટેસ્ટ મેચ જીતી સીરિઝ 2-0થી જીતવા માંગે છે. પહેલી ટેસ્ટ મેચમાં અશ્વિન શાનદાર ફોર્મમાં જોવા મળ્યો હતો અને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ જીતવામાં સફળ રહ્યો હતો. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ટેસ્ટ મેચમાં અત્યારસુધી કુલ 14 મેચ રમાઈ છે. જેમાં ભારતીય ટીમે 12 મેચમાં જીત મેળવી છે. બાંગ્લાદેશની ટીમે એક પણ મેચ જીતી નથી. 2 મેચ બંન્ને ટીમ વચ્ચે ડ્રો રહી છે.કાનપુરમાં ભારતીય ટીમે અત્યારસુધી કુલ 23 મેચ રમી છે. જેમાં 7માં ભારતને જીત મળી છે. તેમજ 3 મેચમાં ભારતીય ટીમને હારનો સામનો કરવો પડ્યો છે.હવે આપણે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાનારી બીજી ટેસ્ટ મેચમાં હવામાન વિશે વાત કરીએ તો. 27 સપ્ટેમ્બરના રોજ વરસાદ પડવાની શક્યતા પણ છે. આ દિવસે 92 ટકા વરસાદ પડી શકે છે. કાનપુરમાં 27 સપ્ટેમ્બરના રોજથી શરુ થઈ રહેલી ભારત અને બાંગ્લાદેશ ટેસ્ટ પિચની વાત કરીએ તો આ બંન્ને ટીમ માટે નવી મુશ્કેલી ઉભી કરી શકે છે. કારણ કે, ચેન્નાઈમાં લાલ માટી હતી અને કાનપુરમાં કાળી માટી હશે.જેમાં ભારતીય ટીમે 12 મેચમાં જીત મેળવી છે. બાંગ્લાદેશની ટીમે એક પણ મેચ જીતી નથી. 2 મેચ બંન્ને ટીમ વચ્ચે ડ્રો રહી છે.

# ધોનીના ગુસ્સાનો સૌથી વધુ વાર શિકાર બન્યો છે આ ખેલાડી



ચેન્નાઈ તા 26

ચેન્નાઈ સુપર કિંગ્સમાં લાંબા સમય સુધી ધોની સાથે રમી ચૂકેલા મોહિત શર્માએ ધોનીનો એક રસપ્રદ કિસ્સો શેર કર્યો છે. મોહિતે એ પણ ખુલાસો કર્યો કે ધોની મેદાન પર ખૂબ ગુસ્સે થઈ જાય છે, અને દીપર ચહર સૌથી વધુ વાર ધોનીના ગુસ્સાનો શિકાર બન્યો છે. મહેન્દ્ર સિંહ ધોનીની દેશભરમાં જબરદસ્ત ફેન ફોલોઈંગ છે. ધોનીના ફેન્સ તેના વિશેની દરેક વાત જાણવા આતુર છે. આ દરમિયાન તેની સાથે ચેન્નાઈ સુપર કિંગ્સ માટે રમી રહેલા મોહિત શર્માએ તેના વિશે એક રસપ્રદ ખુલાસો કર્યો હતો. તાજેતરમાં, એક પોડકાસ્ટ પર, તેણે ધોની અને દીપક ચહર વિશે IPLનો એક કિસ્સો શેર કર્યો. આ દરમિયાન તેણે ખુલાસો કર્યો કે દીપક ચહરે IPL મેચમાં ધોનીની વાત સાંભળી ન હતી, જેના કારણે તેને ઘણી ગાળો સાંભળવી પડી હતી.મોહિતે 2 સ્લોગર્સ પોડકાસ્ટ પર જણાવ્યું કે ધોની દ્વારા દીપક ચહરને સૌથી વધુ ઠપકો આપવામાં આવ્યો છે. 2019ની સિઝનમાં ચેન્નાઈમાં રમાયેલી મેચને યાદ કરતાં તેણે કહ્યું કે દીપકે નકલ બોલ ફેંક્યો હતો, જેના પર બાઉન્ડ્રી આવી. આ પછી ધોનીએ આ બોલ ફેંકવાની ના પાડી દીધી. કારણ કે તે સમયે ચેન્નાઈમાં ખૂબ જ ગરમી હતી અને બોલ પર નિયંત્રણ રાખવું મુશ્કેલ હતું. પરંતુ દીપકે તેની વાત ન માની અને બે-ત્રણ બોલ પછી તે જ બોલ ફેંકી દીધો. આ જોઈને ધોની ખૂબ ગુસ્સે થઈ ગયો અને દોડતો દીપક પાસે આવ્યો. તેના ખભા પર હાથ મૂકીને તેણે કહ્યું - 'તું મૂર્ખ નથી, હું મૂર્ખ છું.' દીપકે પોતે મેચ બાદ આ વાતનો ખુલાસો કર્યો હતો. ધોની રમત દરમિયાન તેના શાંત વર્તન માટે 'કેપ્ટન કૂલ' તરીકે ઓળખાય છે. ફેન્સમાં એ વાત ફેમસ છે કે ધોની મેચમાં ગુસ્સે થતો નથી. પરંતુ જો મોહિત શર્માની વાત માનીએ તો તે ખૂબ ગુસ્સે થાય છે. મોહિતને ઘણી વખત ધોનીએ ઠપકો પણ આપ્યો છે.

# ભારત અને બાંગ્લાદેશ શ્રેણીને લઈ મોટા સમાચાર





કાનપુર તા 26

ટેસ્ટ સિરીઝ બાદ ટીમ ઈન્ડિયાને બાંગ્લાદેશ સામે 3 મેચની T20 સિરીઝ પણ રમવાની છે. આ માટે રિષભ પંતને આરામ આપવામાં આવી શકે છે. તેની જગ્યાએ સંજુ સેમસન ટીમમાં સામેલ થઈ શકે છે. એટલું જ નહીં તેને ઓપનિંગની જવાબદારી પણ મળી શકે છે. રિષભ પંતની જગ્યાએ સંજુ સેમસનને ટીમ ઈન્ડિયામાં તક આપવામાં આવશે. તમને આ જાણીને નવાઈ લાગશે પણ આ સત્ય છે. વાસ્તવમાં બાંગ્લાદેશ સામેની ટેસ્ટ સિરીઝ બાદ 3 મેચની T20 સિરીઝ રમવાની છે. આ સિરીઝને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે, જે મુજબ પંતને T20 સિરીઝમાં આરામ આપવામાં આવી શકે છે અને સંજુ સેમસનને તક આપવામાં આવી શકે છે. તેણે દુલીપ ટ્રોફીમાં પણ શાનદાર પ્રદર્શન કર્યું હતું અને 4 ઈનિંગ્સમાં 196 રન બનાવ્યા હતા. આ પહેલા તેને T20 વર્લ્ડ કપ, ઝિમ્બાબ્વે અને શ્રીલંકાના પ્રવાસની પણ તક આપવામાં આવી હતી. ક્રિકબઝના અહેવાલ મુજબ, ઈશાન કિશનનું ઘરેલુ ટૂર્નામેન્ટમાં શાનદાર પ્રદર્શન છતાં ટીમ ઈન્ડિયામાં સામેલ થવા માટે રાહ જોવી પડશે. 1 થી 5 ઓક્ટોબર દરમિયાન યોજાનાર ઈરાની કપમાં પોતાનું સ્થાન બનાવવા માટે તેને સખત મહેનત કરવી પડશે, જ્યારે સંજુ સેમસન બાંગ્લાદેશ સામેની T20 શ્રેણી માટે પસંદગીકારોની પ્રથમ પસંદગી હશે. સેમસન શ્રીલંકા પ્રવાસ પર કોઈ સારી ઈનિંગ રમી શક્યો નહોતો.

# મેગા ઓક્શન પહેલા રીટેન્શનના નિયમો બદલાશે, જાણો ટીમો કેટલા ખેલાડીઓને રિટેન કરી શકશે?

(એજન્સી)મુંબઈ તા 26

BCCI તેની એપેક્સ કાઉન્સિલની બેઠકમાં IPL 2025 ના નિયમો જાહેર કરી શકે છે. આ સમયગાળા દરમિયાન, રીટેન્શન અને રાઈટ ટુ મેચના નિયમોમાં ફેરફાર જોવા મળી શકે છે. BCCI ગુરુવાર 26 સપ્ટેમ્બર સુધીમાં જાહેરાત કરી શકે છે. IPLની મેગા ઓક્શન આ વર્ષના અંત સુધીમાં યોજાવાની છે. તે પહેલા લીગના કેટલાક નિયમોને લઈને ફ્રેન્ચાઈઝી માલિકોમાં ઘણી ચર્ચા થઈ હતી. આ સમયગાળા દરમિયાન રીટેન્શન અને રાઈટ ટુ મેચના નિયમોની ખૂબ ચર્ચા થઈ હતી. આ બંને નિયમો ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે આને કારણે ફ્રેન્ચાઈઝીઓ તેમના મહત્વપૂર્ણ ખેલાડીઓને જાળવી રાખશે. તેના આધારે મેગા ઓક્શન અને લીગનું પણ આયોજન કરવામાં આવશે.તમામ ફ્રેન્ચાઈઝી સાથે ચર્ચા બાદ હવે રીટેન્શન પોલિસી અંગેનો પડદો હટાવી શકાશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર આગામી સિઝનમાં 5 ખેલાડીઓને રિટેન કરવાની મંજૂરી આપવામાં આવશે. જો કે, તેની સત્તાવાર જાહેરાત હજુ સુધી કરવામાં આવી નથી, પરંતુ BCCI ગુરુવાર 26 સપ્ટેમ્બર સુધીમાં જાહેરાત કરી શકે છે. IPL 2025ને લઈને બોર્ડ અને ફ્રેન્ચાઈઝી માલિકોની બેઠકમાં ઉભરી આવતી સૌથી મોટી સમસ્યા રીટેન્શન પોલિસી હતી. હવે સમાચાર આવી રહ્યા છે કે આગામી સિઝનમાં રિટેન્શન પોલિસી બદલાશે. ફ્રેન્ચાઈઝી 5 ખેલાડીઓને જાળવી શકશે, જેમાં 3 ભારતીય અને 2 વિદેશી ખેલાડીઓ હશે. આ પહેલા 2 ભારતીય અને 2 વિદેશી ખેલાડીઓને જાળવી રાખવાની મંજૂરી આપવામાં આવી હતી.



### એપેક્સ કાઉન્સિલની બેઠકમાં જાહેરાત કરાશે

ભારતીય ક્રિકેટ બોર્ડ હવે IPLના નિયમો પરથી પડદો ઉઠાવવા જઈ રહ્યું છે. બીસીસીઆઈ અને આઈપીએલ ફ્રેન્ચાઈઝીના માલિકોએ નિયમોમાં ફેરફારને લઈને 31 જુલાઈએ બેઠક યોજી હતી. રિપોર્ટ અનુસાર, હવે નિયમો નક્કી કરવામાં આવ્યા છે અને બોર્ડ 29 સપ્ટેમ્બરે યોજાનારી વાર્ષિક બેઠકની રાહ જોશે નહીં, પરંતુ તે પહેલા એપેક્સ કાઉન્સિલની બેઠકમાં તેને જારી શકે છે.

### ધોનીને અનકેપ્ડ પ્લેયર તરીકે રિટેન કરવાની ચર્ચા

ચેન્નાઈ સુપર કિંગ્સમાં મહેન્દ્ર સિંહ ધોનીને ફરીથી અનકેપ્ડ પ્લેયર તરીકે રિટેન કરવાની ચર્ચા છે. આ નિયમ 2021માં નાબૂદ કરવામાં આવ્યો હતો. હવે તેને પરત લાવવાની માંગ ઉઠી છે. રાઈટ ટુ મેચ નિયમ હેઠળ, ફ્રેન્ચાઈઝીને મેગા ઓક્શન દરમિયાન પાછલી સિઝનના તેના ખેલાડીઓને પાછા ખરીદવાની તક મળે છે. પરંતુ તેના માટે સૌથી વધુ બોલીની કિંમત ચૂકવવી પડશે. આ અંતર્ગત 1 કે 2 ખેલાડીઓને રિટેન કરવાની મંજૂરી આપવાની વાત પણ ચાલી રહી છે.

# કેએલ રાહુલની જગ્યાએ સરફરાઝ ખાન રમશે?

(એજન્સી) નવી દિલ્હી તા 26



ટીમ ઈન્ડિયા બીજી ટેસ્ટ માટે કાનપુર પહોંચી ગઈ છે. મેચ પહેલા યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી અને સરફરાઝ ખાન નેટ પ્રેક્ટિસ કરતા જોવા મળ્યા હતા. સરફરાઝને પ્રેક્ટિસ કરતો જોઈને એવી અટકળો થઈ રહી છે કે તેને કેએલ રાહુલની જગ્યાએ તક આપવામાં આવશે. ટીમ ઈન્ડિયાએ ચેન્નાઈ ટેસ્ટમાં બાંગ્લાદેશની ટીમને 280 રનના વિશાળ અંતરથી હરાવ્યું હતું. આ જીત બાદ હવે ભારતીય ટીમ સિરીઝ પર સંપૂર્ણ કબજો કરવા કાનપુર પહોંચી ગઈ છે,

જ્યાં બીજી મેચ રમાવાની છે. 27 સપ્ટેમ્બરથી યોજાનારી આ મેચ પહેલા 3 ભારતીય ખેલાડીઓ નેટ્સમાં પરસેવો પાડતા જોવા મળ્યા હતા. ટીમના અનુભવી બેટ્સમેન વિરાટ કોહલી અને ઓપનર યશસ્વી જયસ્વાલ પ્રેક્ટિસ માટે પહેલા પહોંચ્યા હતા. આ બંનેની સાથે સરફરાઝ ખાન પણ પ્રેક્ટિસ માટે આવ્યો હતો. તેને પ્રેક્ટિસ કરતો જોઈને અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે કેએલ રાહુલ કાનપુર ટેસ્ટમાંથી બહાર થઈ જશે. તેની જગ્યાએ સરફરાઝને તક મળશે. કેએલ રાહુલ ચેન્નાઈ ટેસ્ટમાં સારું પ્રદર્શન કરી શક્યો નહોતો. તેણે પ્રથમ દાવમાં માત્ર 16 રન બનાવ્યા હતા. જોકે તેને બીજી ઈનિંગ્સમાં વધુ રમવાની તક મળી ન હતી. કારણ કે કેપ્ટન રોહિત શર્માએ 287ના સ્કોર પર ઈનિંગ ડિકલેર કરી હતી. આથી રાહુલ 19 બોલમાં 22 રન બનાવીને અણનમ પરત ફર્યો હતો.

આવી સ્થિતિમાં તેને કાનપુર ટેસ્ટમાંથી બહાર કરીને સરફરાઝ ખાનને તક આપવાની ચર્ચા ચાલી રહી છે. જો કે, આવું થવું મુશ્કેલ લાગે છે, કારણ કે સરફરાઝનું નામ ઈરાની કપ માટે રેસ્ટ ઓફ ઈન્ડિયાની ટીમમાં સામેલ છે. સરફરાઝ ખાન ઋતુરાજ ગાયકવાડની કેપ્ટન્સીમાં મુંબઈ સામે રમતો જોવા મળી શકે છે. જોકે, BCCIએ કાનપુર ટેસ્ટ માટે પ્લેઈંગ ઈલેવનની જાહેરાત કરી નથી. બોર્ડે નિશ્ચિતપણે કહ્યું છે કે જો ટીમ ઈન્ડિયા સાથે હાજર ખેલાડીઓ કાનપુર ટેસ્ટની પ્લેઈંગ ઈલેવનનો ભાગ નહીં હોય તો તેમને ઈરાની કપ માટે જવું પડશે. તમને જણાવી દઈએ કે સરફરાઝની સાથે વિકેટકીપર બેટ્સમેન ધ્રુવ જુરેલ અને ફાસ્ટ બોલર યશ દયાલને પણ રેસ્ટ ઓફ ઈન્ડિયાની ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.

સરફરાઝ ખાને આ વર્ષે ઈંગ્લેન્ડ સામે ડેબ્યૂ કર્યું હતું. તેણે તેની ડેબ્યૂ સિરીઝમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. કેપ્ટન રોહિત શર્માએ 5 મેચની શ્રેણીમાં 3 મેચમાં તક આપી હતી, જેમાં તે 3 અડધી સદી ફટકારવામાં સફળ રહ્યો હતો. સરફરાઝે 5 ઈનિંગ્સમાં કુલ 200 રન બનાવ્યા હતા. જોકે, તાજેતરમાં યોજાયેલી દુલીપ ટ્રોફીમાં તેનું બેટ ચાલ્યું ન હતું. તેણે બે મેચ રમી જેમાં તે કુલ 71 રન જ બનાવી શક્યો. BCCIએ કાનપુર ટેસ્ટ માટે પ્લેઈંગ ઈલેવનની જાહેરાત કરી નથી.

# શ્રેયસ અય્યરે મુંબઈમાં 2.90 કરોડ રૂપિયાનું આલિશાન ઘર ખરીદ્યું

મુંબઈ તા 26

ભારતીય ક્રિકેટર શ્રેયસ અય્યરે મુંબઈમાં ફરી એક વખત કરોડો રુપિયાની પ્રોપર્ટી ખરીદી છે. તો ચાલો જાણીએ ક્રિકેટરે આ મકાન માટે કેટલો ચાર્જ ચૂકવ્યો છે. તેના વિશે જાણીએ. ભારતીય ટીમના બેટ્સમેન શ્રેયસ અય્યર અને તેની માતા રોહિની અય્યરે મુંબઈમાં એક એપાર્ટમેન્ટ ખરીદ્યું છે. જેની કિંમત અંદાજે 3 કરોડ રુપિયા છે.શ્રેયસ અય્યર અને તેની માતાએ જે ઘર ખરીદ્યું છે, તેનો વિસ્તાર જોઈ તમે પણ ચોંકી જશો.

શ્રેયસ અય્યરે ભલે 2.90 કરોડ રુપિયામાં એપાર્ટમેન્ટ ખરીદ્યું છે પરંતુ તેનો વિસ્તાર માત્ર 525 સ્કવેર ફીટ છે. જેનો અંદાજો લગાવી શકાય કે, મુંબઈમાં ઘરોની કિંમત કેટલી છે.આ એપાર્ટમેન્ટ ખરીદ્વા માટે 17.40 લાખ રુપિયાની સ્ટેપ ડ્યુટી અને 30 હજાર રુપિયા રજીસ્ટ્રેશન ફી ચૂકવી છે.તમને જણાવી દઈએ કે, આ પહેલી વખત છે જ્યારે શ્રેયસ અય્યર રિયલ એસ્ટેટ ટ્રાન્જેક્શન માટે ચર્ચામાં છે. અય્યરની પાસે મુંબઈમાં વધુ એક ઘર છે.શ્રેયસ અય્યરના ક્રિકેટ કરિયરની વાત કરીએ તો તે ટેસ્ટ ટીમમાંથી બહાર છે પરંતુ ઈરાની કપમાં મુંબઈ માટે રમતો જોવા મળી શકે છે. તે હાલમાં દલીપ ટ્રોફીમાં રમે છે. શ્રેયસ અય્યર 1 ઓક્ટોમ્બરથી શરુ થઈ રહેલા ઈરાની કપમાં મુંબઈની ટીમ વિરુદ્ધ રેસ્ટ ઓફ ઈન્ડિયાની મેચમાં રમતા જોવા મળશે.અય્યર છેલ્લી વખત જાન્યુઆર 2024માં ભારતીય ટીમ માટે રમતો જોવા મળ્યો હતો.



# કિશનને ટીમ ઈન્ડિયામાં વાપસી કરવા વધુ રાહ જોવી પડશે?

નવી દિલ્હી તા 26

ઈશાન કિશન તાજેતરમાં રમાયેલી દુલીપ ટ્રોફી 2024માં ઈન્ડિયા સી તરફથી રમતા જોવા મળ્યો હતો. તેણે ટૂર્નામેન્ટમાં બે મેચ રમી હતી, જેમાં તેના બેટથી સદી પણ જોવા મળી હતી. જોકે, દુલીપ ટ્રોફીમાં સદી ફટકારવા છતાં ઈશાનને ટીમ ઈન્ડિયામાં સામેલ થવા માટે વધુ રાહ જોવી પડી શકે છે. તો ચાલો જાણીએ કે શા માટે ઈશાનને ફરી એકવાર નજરઅંદાજ કરી શકાય છે. ભારતીય ટીમ બાંગ્લાદેશ સામે બે



મેચની ટેસ્ટ શ્રેણી રમી રહી છે. ટીમ ઈન્ડિયાએ શ્રેણીની પ્રથમ મેચ જીતી લીધી છે. હવે શ્રેણીની બીજી અને છેલ્લી ટેસ્ટ 27 સપ્ટેમ્બરથી કાનપુરમાં રમાશે. ટેસ્ટ શ્રેણી બાદ 6 ઓક્ટોબરથી ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ત્રણ મેચની T20 શ્રેણી રમાશે. એવી આશા હતી કે દુલીપ ટ્રોફીમાં સદી ફટકારનાર ઈશાનને બાંગ્લાદેશ સામેની ટી-20 સિરીઝમાં તક આપવામાં આવી શકે છે, પરંતુ હવે જે આંકડા સામે આવ્યા છે તે જોતા લાગે છે કે ઈશાનને ટીમ ઈન્ડિયામાં વાપસી કરવા માટે વધુ રાહ જોવી પડશે. કરવું પડશે.વાસ્તવમાં ઈરાની કપ 01 થી 05 ઓક્ટોબરની વચ્ચે લખનૌના એકાના સ્ટેડિયમમાં રમાશે.

# લા લીગામાં રિયલ મેડ્રિડનું અજેય અભિયાન 39 મેચ સુધી પહોંચ્યું

લંડન તા 26

સ્ટાર સ્ટ્રાઈકર કિલિયન મબાપેએ પોતાનું શાનદાર પ્રદર્શન જારી રાખીને પોતાની છેલ્લી પાંચ મેચમાં છઠ્ઠો ગોલ નોંધાવતા રિયલ મેડ્રિડે સ્પેનિશ ફૂટબોલ લીગ લા લીગામાં અલાવેસને 3-2થી પરાજય આપ્યો હતો. મબાપેએ રમતની 40મી મિનિટે બોક્સની અંદર મળેલા પાસ વખતે બોલને હરીફ ડિફેન્ડરને ભૂલ કરવાની ફરજ પાડીને બોલ ગોલપોસ્ટની અંદર નાખી દીધો હતો. લુકાસ વાજક્વેજ અને રોડ્રિગોએ પણ મેડ્રિડ માટે ગોલ કર્યા હતા. આ વિજય સાથે રિયલ મેડ્રિડે સ્પેનિશ લીગમાં પોતાના વિજયી અભિયાનને 39 મેચ સુધી પહોંચાડી દીધું છે જેમાં છેલ્લી સિઝનના 29 વિજય અને 10 ડ્રોના પરિણામ પણ સામેલ છે. અલાવેસે 85મી મિનિટે કાર્લોસ વેનાવિદેજ અને 86મી મિનિટે કિકે ગાર્સિયાના ગોલ વડે મેચમાં પાછા ફરવાના પ્રયાસ કર્યા હતા.

# 19 વર્ષીય ચીનનો શાંગ જુનચેંગ ATP ટાઇટલ જીતનાર સિઝનનો યંગેસ્ટ પ્લેયર

નવી દિલ્હી તા 26

ટિનએજર શાંગ જુનચેંગે ચેંગ્ડુ ઓપન મેન્સ ટેનિસ ટૂર્નામેન્ટની સિંગલ્સની ફાઈનલમાં ઈટાલીના ઓલિમ્પિક બ્રોન્ઝ મેડાલિસ્ટ લોરેન્ઝો મુસેટ્ટીને પ્રથમ સેટ ટાઈબ્રેકરમાં પહોંચ્યા બાદ 7-6 (4), 6-1થી હરાવીને ઈતિહાસ રચ્યો હતો. આ સાથે એટીપી ટાઈટલ જીતનાર તે ચીનનો માત્ર બીજો ખેલાડી બન્યો છે. તે વર્તમાન સિઝનમાં એટીપી ટાઈટલ જીતનાર યંગેસ્ટ પ્લેયર પણ બન્યો છે. મહિલા ખેલાડી લી ના ચીનની સૌથી સફળ સિંગલ્સ પ્લેયર છે. તેણે 2011માં ફ્રેન્ચ ઓપન તથા 2014માં ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ જીત્યા હતા. ઝેંગ ક્વિનવેને તાજેતરમાં યોજાયેલી પેરિસ ઓલિમ્પિકની વિમેન્સ સિંગલ્સનો ગોલ્ડ મેડલ જીત્યો હતો. ગયા વર્ષે ચીનના વુ યિબિંગે ડલાસ ઓપન ટ્રોફી જીતી હતી. ચેમ્પિયન બનવાની સાથે શાંગે નેક્સ્ટ જનરેશન એટીપી ફાઈનલ્સ માટે પોતાનો દાવો મજબૂત કર્યો છે. આ ઈવેન્ટ નવેમ્બર અને ડિસેમ્બરમાં સાઉદી અરેબિયા ખાતે રમાશે.

# અમેરિકી રાષ્ટ્રપતિ ચૂંટણી: કમલાને લીડ, સરવેમાં ટ્રમ્પથી 16% તો સટ્ટાબજારમાં 8% આગળ

**સરવેમાં કમલાની જીતની સંભાવના 58%, ટ્રમ્પની 42%**

ન્યૂયોર્ક તા 26

અમેરિકામાં 5 નવેમ્બરે યોજાનાર રાષ્ટ્રપતિ ચૂંટણીમાં હવે 40 દિવસનો સમય બાકી રહ્યો છે. ડેમોક્રેટિક ઉમેદવાર અને હાલ ઉપપ્રમુખ કમલા હેરિસ અને પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તમામ તાકાત લગાવી દીધી છે અને મતદારોને રીઝવવાનો પ્રયાસ કરી રહ્યાં છે. પોલના આંકડા અને અમેરિકન સટ્ટા બજારના મતે, કમલા હેરિસ આગળ વધી રહ્યાં છે. 23 સપ્ટેમ્બરે કમલા 3 મોટા એક્ઝિટ પોલના સરેરાશમાં ટ્રમ્પથી 16 ટકા આગળ છે. કમલાની જીતની શક્યતા 58 ટકા તો ટ્રમ્પની જીત શક્યતા 42 ટકા છે. કમલાને ટ્રમ્પ કરતાં 3 ટકા વધુ વોટ મળ્યા છે. 5 ટોચના અમેરિકી સટ્ટાબાજીનાં પ્લેટફોર્મની સરેરાશ પણ કમલા (54%) ટ્રમ્પ (46%) કરતાં 8% પોઈન્ટ આગળ જોવા મળી રહ્યા છે. ગત સપ્તાહમાં કમલાની જીતની સંભાવના 8% વધી અમેરિકા પોલ અને બેટિંગ પ્લેટફોર્મના અંદાજ મુજબ છેલ્લા એક સપ્તાહમાં કમલાને મોટી લીડ મળી છે. એક સપ્તાહ પહેલાં કમલા હેરિસની જીતની શક્યતા 51% હતી જે 23 સપ્ટેમ્બરે 8% વધીને 58% થઈ છે. અગાઉ ટ્રમ્પની જીતની સંભાવના 47% હતી જે હવે ઘટીને 42% પર આવી ગઈ છે. સટ્ટાબજારમાં જોઈએ તો એક સપ્તાહમાં કમલા હેરિસની જીતની સંભાવના 52%થી 54% થઈ છે જ્યારે ટ્રમ્પની સંભાવના 47%થી ઘટીને 46% પર આવી છે. કમલાની સાથે સિલિકોન વેલીની સૌથી ધનાઢ્ય મહિલા લોરેન કિન્ડરગાર્ટનની મિત્ર અને સિલિકોન વેલીની સૌથી ધનાઢ્ય મહિલાઓમાંની એક લોરેન પોવેલ જોબ્સ કમલાની સાથે છે. તે એપલના સહ-સ્થાપક સ્ટિવ જોબ્સની પત્ની છે અને 2011માં સ્ટિવના મૃત્યુ પછી લોરેન પરોપકારી કાર્યક્રમોમાં સામેલ થઈ ગઈ. લોરેનની સંપત્તિ 91 હજાર કરોડ રૂપિયાથી વધુ છે. છેલ્લાં 20 વર્ષમાં તે કમલાના સૌથી નજીકના વિશ્વાસુઓમાંની એક છે. કમલા તેને 'એલપીજે' કહીને બોલાવે છે. 2012માં બરાક ઓબામાના સ્ટેટ ઓફ ધ યુનિયનના સંબોધન દરમિયાન મિશેલ દ્વારા લોરેન જોબ્સને તેમના બોક્સમાં બેસવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. લોરેને હિલેરી ક્લિન્ટનના 2016ના પ્રમુખપદના અભિયાનમાં નાણાકીય મદદ કરી હતી. સતત અસમંજસ અને ચર્ચાઓના દોર પછી ડેમૉક્રેટિક પક્ષના ઉમેદવાર જો બાઈડને તેમની ઉમેદવારી પાછી ખેંચી લેતા ડેમૉક્રેટિક પક્ષે પસંદગીનો કળશ કમલા હૅરિસ પર ઢોળ્યો છે.

જો કમલા હૅરિસ વિજયી બનશે તો અમેરિકાના પ્રથમ મહિલા તથા પ્રથમ બ્લૅક રાષ્ટ્રપતિ બનવાનો રેકૉર્ડ સર્જશે. અમેરિકાની 'પ્રેસિડેન્શિયલ સિસ્ટમ'માં ચૂંટણીનું એક અલગ રસપ્રદ ગણિત છે. અમેરિકાની ચૂંટણી પ્રક્રિયા એ 'ઈનડાયરેક્ટ ઈલેક્શન પ્રોસેસ' છે જેમાં જનતા રાષ્ટ્રપતિને સીધી રીતે ચૂંટતી નથી. લોકો પોપ્યુલર વોટથી ઈલેક્ટોરલ કૉલેજના પ્રતિનિધિઓ ચૂંટે છે, અને એ ચૂંટાયેલા પ્રતિનિધિઓ રાષ્ટ્રપતિ ચૂંટે છે. જે વ્યક્તિ આ જરૂરિયાતોને પૂર્ણ કરે છે તે અમેરિકાની ચૂંટણી લડવાની ઈચ્છા જાહેર કરી શકે છે. જ્યારે કોઈ ઉમેદવાર 5 હજાર ડૉલરથી વધુ ચૂંટણીફંડ એકઠું કરે છે કે ખર્ચે છે ત્યારે તેને ફેડરલ ઈલેક્શન કમિશનમાં નોંધણી કરાવવી પડે છે.



23 સપ્ટેમ્બરે કમલા 3 મોટા એક્ઝિટ પોલના સરેરાશમાં ટ્રમ્પથી 16 ટકા આગળ છે. કમલાની જીતની શક્યતા 58 ટકા તો ટ્રમ્પની જીત શક્યતા 42 ટકા છે. ગત સપ્તાહમાં કમલાની જીતની સંભાવના 8% વધી અમેરિકા પોલ અને બેટિંગ પ્લેટફોર્મના અંદાજ મુજબ છેલ્લા એક સપ્તાહમાં કમલાને મોટી લીડ મળી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### રશિયાએ પશ્ચિમી દેશોને પરમાણુ હુમલાની ચેતવણી આપી

(એશિયા) રશિયા તા 26

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને ફરી એકવાર પશ્ચિમી દેશોને પરમાણુ હુમલો કરવાની ધમકી આપી છે. BBCના અહેવાલ મુજબ પુતિને બુધવારે રાજધાની મોસ્કોમાં સુરક્ષા પરિષદની તાત્કાલિક બેઠક બોલાવી હતી. જેમાં તેમણે કહ્યું કે સરકાર પરમાણુ હથિયારોના ઉપયોગ સાથે સંબંધિત નિયમો અને શરતોમાં ફેરફાર કરવા જઈ રહી છે. પુતિને કહ્યું કે દેશના પરમાણુ નિયમોમાં ઘણી નવી બાબતો ઉમેરવામાં આવશે. આમાં રશિયા સામે મિસાઈલ કે ડ્રોન હુમલા સામે પરમાણુ હથિયારોનો ઉપયોગ પણ સામેલ છે. જો રશિયન પ્રદેશ પર મોટા પાયે મિસાઈલ અથવા ડ્રોન હુમલો થાય છે, જે દેશની સાર્વભૌમત્વને ગંભીરપણે જોખમમાં મૂકી શકે છે, તો પણ રશિયા પરમાણુ હથિયારનો ઉપયોગ કરી શકે છે. રશિયન રાષ્ટ્રપતિએ એમ પણ કહ્યું કે જો કોઈ બિન-પરમાણુ-સંપન્ન દેશ પરમાણુ-હથિયાર ધરાવતા દેશના સમર્થનથી રશિયા પર હુમલો કરે છે, તો તેને બંને દેશો દ્વારા હુમલો માનવામાં આવશે. તેમણે કહ્યું કે રશિયાના પરમાણુ હથિયારો દેશ અને તેના નાગરિકોની સુરક્ષાની સૌથી મોટી ગેરંટી છે.

### ભારત સામે ટક્કર લેતા લેતા ખુદ ફસાઈ ગયા ટ્રુડો

વિપક્ષે કેનેડિયન પીએમ ટ્રુડોની સત્તાને ઉથલાવવા માટે સંપૂર્ણ તૈયારી કરી લીધી છે. ટ્રુડો સામે અવિશ્વાસની દરખાસ્ત આવી છે જેના પર બુધવારે મતદાન થવાનું છે. ચૂંટણી પહેલા ટ્રુડો માટે આને મોટો ફટકો માનવામાં આવી રહ્યો છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો અવારનવાર ભારત વિરોધી નિવેદનો આપે છે. ગયા વર્ષે ખાલિસ્તાની સમર્થક હરદીપ સિંહ નિજ્જરની હત્યા બાદ, જસ્ટિન ટ્રુડોએ ભારતની ભૂમિકા પર સવાલો ઉઠાવ્યા હતા. ત્યારથી ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી ગઈ છે. જસ્ટિન ટ્રુડો, જેઓ સમયાંતરે એવા મુદ્દાઓ પર નિવેદનો આપે છે જે ભારતને ગમતું નથી, તેમના પોતાના દેશમાં ખૂબ જ ખરાબ પરિસ્થિતિ છે. નિજ્જર પરના તેમના નિવેદન પર કન્ઝર્વેટિવ પાર્ટીના વડા અને વિપક્ષી નેતા પિયરે પોઈલીવરે કહ્યું હતું કે ટ્રુડો ભારત સાથેના સંબંધોનું મૂલ્ય સમજી શક્યા નથી. હવે ટ્રુડોની સરકારને ઉથલાવવા માટે અવિશ્વાસ પ્રસ્તાવ લાવવામાં આવી રહ્યો છે.કેનેડા તેના સરળ વિઝા, ઈમિગ્રેશન પોલિસી અને વિદેશી વિદ્યાર્થીઓની પ્રથમ પસંદગી (PR) મેળવવી પણ બહુ મુશ્કેલ નથી. પરંતુ ટ્રુડો શાસનના છેલ્લા કેટલાક વર્ષોમાં, ફુગાવો આસમાને પહોંચવા લાગ્યો છે.

### યુક્રેનના કહેવાથી PM મોદી અમેરિકામાં ઝેલેન્સકીને મળ્યા

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની ત્રણ દિવસીય અમેરિકાની મુલાકાતના છેલ્લા દિવસે, ન્યુયોર્કમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકી સાથે મુલાકાત કરી હતી. કહેવામાં આવી રહ્યું છે કે આ બેઠક યુક્રેનની વિનંતી પર ગોઠવવામાં આવી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમની ત્રણ દિવસીય અમેરિકા મુલાકાતના છેલ્લા દિવસે સોમવારે ન્યુયોર્કમાં યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સકી સાથે મુલાકાત કરી. પીએમ મોદી અને ઝેલેન્સકી વચ્ચે ત્રણ મહિનામાં આ ત્રીજીવારની મુલાકાત છે. એક મહિના પહેલા જ પીએમ મોદીએ યુક્રેનની મુલાકાત લીધી હતી અને ઝેલેન્સકી સાથે મુલાકાત કરી હતી.વિદેશ મંત્રાલયે કહ્યું કે આ બેઠક યુક્રેનિયન પક્ષની વિનંતી પર યોજાઈ હતી. બંને ટોચના નેતાઓ વચ્ચે લાંબી વાતચીત થઈ હતી. પીએમ મોદીએ સોશિયલ મીડિયા x પર ઝેલેન્સકી સાથેની તેમની મુલાકાતની તસવીરો પણ શેર કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમનો ત્રણ દિવસનો યુએસ પ્રવાસ પૂર્ણ કરીને નવી દિલ્હી જવા રવાના થઈ ગયા છે.

### હિઝબુલ્લાહના ઠેકાણાઓ નષ્ટ, ઈઝરાયેલે 24 કલાકમાં 34 વર્ષનો સૌથી મોટો હૂમલો કર્યો

લેબનોનમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર ઈઝરાયેલ દ્વારા અનેક હુમલા કરવામાં આવ્યા છે. ઈઝરાયલે હિઝબુલ્લાહ સામે વિનાશક યુદ્ધ શરૂ કર્યું છે. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ (IDF) એ 1600 થી વધુ હુમલાઓ કર્યા, સમગ્ર લેબનોનનો નાશ કર્યો છે. લેબનોનમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ નષ્ટ, ઈઝરાયેલે 24 કલાકમાં 34 વર્ષનો સૌથી મોટો હૂમલો કર્યોલેબનોનમાં હિઝબુલ્લાહના ઠેકાણાઓ પર ઈઝરાયેલ દ્વારા અનેક હુમલા કરવામાં આવ્યા છે. ઈઝરાયલે હિઝબુલ્લાહ સામે વિનાશક યુદ્ધ શરૂ કર્યું છે. ઈઝરાયેલ ડિફેન્સ ફોર્સ (IDF) એ 1600 થી વધુ હુમલાઓ કર્યા, સમગ્ર લેબનોનનો નાશ કર્યો છે. દાવો કરવામાં આવી રહ્યો છે કે હવાઈ હુમલામાં હિઝબુલ્લાહના 1200થી વધુ ઠેકાણાઓ નષ્ટ થઈ ગયા છે.1990 પછી લેબનોન પર ઈઝરાયેલનો આ સૌથી મોટો હુમલો કહેવામાં આવી રહ્યો છે, એટલે કે 34 વર્ષ પછી લેબનોન પર વિનાશની નવી આફત આવી છે.

# લાઈવ ટેલિકાસ્ટે પાછળથી ધડાકો: લેબેનાનમાં જર્નલિસ્ટ ઈન્ટરવ્યૂની તૈયારી કરતો હતો

(એજન્સી) લેબેનાન તા 26

લેબેનાનમાં હિઝબુલ્લાહના ટાર્ગેટ પર ઈઝરાયલના હવાઈ હુમલાઓ બંધ થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. હવે લેબેનાનના નાગરિકો તેમજ ત્યાંના પત્રકારો તેના પરિણામો ભોગવી રહ્યા છે. સોમવારે, બેકા ખીણમાં લાઈ ટેલિકાસ્ટ દરમિયાન ઈઝરાયલના હવાઈ હુમલામાં લેબનીઝ પત્રકાર ઘાયલ થયો હતો. મિરાયા ઈન્ટરનેશનલ નેટવર્કના એડિટર-ઇન-ચીફ ફાદી બૌદિયા iNews નેટવર્ક સાથે ઈન્ટરવ્યૂની તૈયારી કરી રહ્યા હતા ત્યારે તેમની પાછળ એક વિસ્ફોટ થયો.



બાદમાં કહેવામાં આવ્યું હતું કે આ ઘટનામાં તેને પણ ઈજાઓ થઈ હતી. વીડિયોમાં જોઈ શકાય છે કે તે ચેનલને ઈન્ટરવ્યૂ આપવા માટે તૈયાર થઈ રહ્યા હતા અને તેમણે બોલવાનું શરૂ કર્યું કે ઈઝરાયલના હુમલામાં તેમની પાછળની દિવાલ ધ્વસ્ત થઈ ગઈ. આ પછી ત્યાં અંધકાર છવાઈ ગયું. હુમલા દરમિયાન પત્રકાર ફાદી બૌદિયાનો ચીસો પણ સંભળાય છે. 2006 બાદ લેબેનાન પર આ સૌથી મોટો હુમલો લેબનીઝ આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, સોમવારે ઈઝરાયલે કરેલા હવાઈ હુમલો ઈઝરાયલ-પેલેસ્ટાઈન યુદ્ધની શરૂઆત પછીનો સૌથી મોટો હુમલો હતો. આ હુમલામાં અત્યાર સુધીમાં લગભગ 585 લોકો માર્યા ગયા છે અને 1300થી વધુ લોકો ઘાયલ થયા છે. 23 સપ્ટેમ્બરે થયેલા હવાઈ હુમલામાં માર્યા ગયેલા લોકોમાં 50 બાળકો અને 94 મહિલાઓનો સમાવેશ થાય છે, જેમાંથી ઘણાની ઓળખ હજુ થઈ નથી. અલ જઝીરા અનુસાર, 2006માં ઈઝરાયલ-લેબેનાન યુદ્ધ બાદ લેબેનાન પર આ સૌથી મોટો હુમલો છે. 2006માં, એક મહિના સુધી ચાલેલી લડાઈમાં 1,000 લેબનીઝ લોકો માર્યા ગયા હતા. હાલમાં લેબેનાનમાં 25 સપ્ટેમ્બર બુધવાર સુધી શાળાઓ અને કોલેજો બંધ રાખવામાં આવી છે. લોકોને સલામત સ્થળે મોકલવામાં આવ્યા છે. ઈઝરાયલના હુમલાને કારણે લેબેનાનના દક્ષિણ ભાગમાં રહેતા લોકો ઉત્તર તરફ આગળ વધી રહ્યા છે. રેડિયો સ્ટેશન હેક કર્યું, ઘર છોડવાનું કહ્યું CNN અનુસાર, લેબનીઝ રેડિયો સ્ટેશન હેક કરવામાં આવ્યું હતું. આ પછી સાઉથ લેબેનાનથી લોકોને સુરક્ષિત સ્થાનો પર જવા માટે કહેવામાં આવ્યું હતું. રેડિયો સ્ટેશન વોઈસ ઓફ લેબેનાન સોમવારે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી. લેબેનાનની ટેલિકોમ કંપનીએ જણાવ્યું કે સોમવારે દેશભરમાં 80 હજાર લોકોને અજાણ્યા નંબરો પરથી ઓટોમેટિક કોલ આવ્યા હતા. જેમાં લોકોને સલામત સ્થળે જવા માટે કહેવામાં આવ્યું હતું. કંપનીએ કહ્યું કે આ કોલ્સ ક્યાંથી કરવામાં આવ્યા છે તે જાણી શકાયું નથી. બાદમાં કહેવામાં આવ્યું હતું કે આ ઘટનામાં તેને પણ ઈજાઓ થઈ હતી. વીડિયોમાં જોઈ શકાય છે કે તે ચેનલને ઈન્ટરવ્યૂ આપવા બોલવાનું શરૂ કર્યું કે ઈઝરાયલના હુમલામાં તેમની પાછળની દિવાલ ધ્વસ્ત થઈ ગઈ. આ પછી ત્યાં અંધકાર છવાઈ ગયું. હુમલા દરમિયાન પત્રકાર ફાદી બૌદિયાનો ચીસો પણ સંભળાય છે. 2006 બાદ લેબેનાન પર આ સૌથી મોટો હુમલો લેબનીઝ આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, સોમવારે ઈઝરાયલે કરેલા હવાઈ હુમલો ઈઝરાયલ-પેલેસ્ટાઈન યુદ્ધની શરૂઆત પછીનો સૌથી મોટો હુમલો હતો.

# 'રશિયાને યુદ્ધ રોકવા માટે દબાણ કરવું પડશે



યુક્રેન તા 26

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં કહ્યું છે કે, રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને રોકવા માટે માત્ર વાતચીત જ પૂરતી નથી. અલ જઝીરા અનુસાર, ઝેલેન્સકીએ ન્યૂયોર્કમાં યુએનએસસીની બેઠકમાં કહ્યું, પુતિન આંતરરાષ્ટ્રીય અપરાધો કરી રહ્યો છે. તેણે અત્યાર સુધી એટલા બધા કાયદા તોડી નાખ્યા છે કે તે હવે અટકશે નહીં.

યુક્રેનના રાષ્ટ્રપતિએ કહ્યું, આ યુદ્ધ જાતે જ ખતમ નહીં થાય. પુતિન થાકીને યુદ્ધ બંધ કરવાના નથી. રશિયાને શાંતિ માટે દબાણ કરવું પડશે. રશિયાએ યુએન ચાર્ટરનું એટલું ઉલ્લંઘન કર્યું છે કે હવે બીજો કોઈ વિકલ્પ બાકી નથી રહ્યો. ઝેલેન્સકીએ કહ્યું કે, તેમણે બીજી શાંતિ સમિટની તૈયારી કરવી પડશે. આ માટે તેઓ ભારત, ચીન અને અન્ય ઘણા દેશોને આમંત્રિત કરી ચૂક્યા છે. યુક્રેનના રાષ્ટ્રપતિએ કહ્યું કે જો રશિયાને રોકવું હશે તો તમામ દેશોએ સાથે મળીને કામ કરવું પડશે. ઝેલેન્સ્કી ગુરુવારે (26 સપ્ટેમ્બર) યુએસ પ્રમુખ જો બાઈડનને તેમની 'વિક્ટરી પ્લાન' રજૂ કરવા જઈ રહ્યા છે. આ માટે તે સહયોગી દેશોનું સમર્થન મેળવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ યોજનાની શરતોને હાલ માટે ગુપ્ત રાખવામાં આવી છે, પરંતુ ઝેલેન્સકીએ કહ્યું છે કે તે યુદ્ધને રોકવા માટે એક પુલનું કામ કરશે. UNSCની બેઠકમાં 15માંથી 14 દેશોના મંત્રીઓએ ભાગ લીધો હતો. રશિયાએ યુએનમાં તેના કાયમી પ્રતિનિધિ વેસિલી નેબેન્ઝિયાને આ બેઠકમાં મોકલ્યા હતા. નેબેન્ઝિયાએ કહ્યું કે, યુએનમાં ફરી એકવાર ઝેલેન્સકીને વિશેષ મહત્વ આપવામાં આવી રહ્યું છે. પુતિને કહ્યું હતું, ભારત-ચીન યુદ્ધ રોકવા માટે મધ્યસ્થી કરી શકે

અગાઉ સપ્ટેમ્બરની શરૂઆતમાં રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને કહ્યું હતું કે, તેઓ યુક્રેન સાથે યુદ્ધના સમાધાન માટે વાત કરવા તૈયાર છે. પુતિને કહ્યું હતું કે ભારત, ચીન અથવા બ્રાઝિલ બંને દેશો વચ્ચે મધ્યસ્થી કરી શકે છે. પીએમ મોદીની 23 ઓગસ્ટે યુક્રેનની મુલાકાત બાદ ઝેલેન્સકીએ કહ્યું હતું કે તેઓ ભારતમાં બીજી શાંતિ સમિટનું આયોજન કરવા માગે છે. 24 ફેબ્રુઆરી 2022ના રોજ રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયાને અઢી વર્ષ થઈ ગયા છે. આ દરમિયાન યુક્રેનના અત્યાર સુધીમાં 10 હજાર નાગરિકોના મોત થયા છે, જ્યારે 18,500 લોકો ઘાયલ થયા છે. રશિયા યુક્રેનની 20% થી ઓછી જમીન પર કબજો કરે છે. યુક્રેનનો દાવો છે કે રશિયાએ યુદ્ધમાં 3.92 લાખ સૈનિકો ગુમાવ્યા છે. આ દરમિયાન અમેરિકાએ રશિયાની 500 કંપનીઓ પર પ્રતિબંધો લગાવ્યા છે.

# હિઝબુલ્લાહનો દાવો- ઈઝરાયલમાં મોસાદ હેડક્વાર્ટર પાસે મિસાઈલ છોડી

ટેલ અવીવ તા 26

લેબેનાનના હિઝબુલ્લાહ સંગઠને બુધવારે ઈઝરાયલની ગુપ્તચર સંસ્થા મોસાદના હેડક્વાર્ટર નજીક મિસાઈલ હુમલો કર્યો હતો. હિઝબુલ્લાહએ દાવો કર્યો છે કે, લેબેનાનમાં પેજર બ્લાસ્ટનું આયોજન તેણે જે બિલ્ડિંગને નિશાન બનાવ્યું હતું તેમાં કરવામાં આવ્યું હતું.

રાજધાની તેલ અવીવ પર થયેલા આ હુમલામાં હિઝબુલ્લાહએ બેલેસ્ટિક મિસાઈલનો ઉપયોગ કર્યો છે. ન્યૂઝ એજન્સી અલ જઝીરા અનુસાર, છેલ્લા 8 દિવસથી ચાલી રહેલા ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ અને ઈઝરાયલ વચ્ચેના સંઘર્ષમાં આ પહેલીવાર છે જ્યારે કોઈ મિસાઈલ તેલ અવીવ સુધી પહોંચી હોય. આ સાથે જ ઈઝરાયલે કહ્યું છે કે, બીજી એક મિસાઈલને હવામાં તોડી પાડવામાં આવી છે. બુધવારે ઈઝરાયલના હુમલામાં 51 લેબનીઝ નાગરિકો માર્યા ગયા હતા. 200થી વધુ ઘાયલ છે.

ઈઝરાયલની સેનાએ દાવો કર્યો છે કે, તેણે



લેબેનાનમાં હિઝબુલ્લાહના ઈન્ટેલિજન્સ ડિરેક્ટોરેટ સાથે જોડાયેલા 60 લક્ષ્યોને નિશાન બનાવ્યા છે. આ લક્ષ્યો પર હવાઈ હુમલાઓ સાથે બોમ્બમારો કરવામાં આવ્યો છે. સેનાએ કહ્યું કે તેણે ગુપ્તચર માહિતી એકત્ર કરવાના સાધનો અને કમાન્ડ સેન્ટરોને નષ્ટ કરી દીધા છે. બીજી તરફ ઈઝરાયલના આર્મી ચીફે કહ્યું છે કે, સેના લેબેનાનમાં સંભવિત ગ્રાઉન્ડ ઓપરેશનની તૈયારી કરી રહી છે. બીજી તરફ ઈઝરાયલ પણ લેબેનાનમાં સતત હવાઈ હુમલા કરી રહ્યું છે. ઈઝરાયલના હુમલામાં હિઝબુલ્લાહ મિસાઈલ કમાન્ડર માર્યો ગયો મંગળવારે લેબેનાનની રાજધાની બેરૂતમાં ઈઝરાયલના હુમલામાં હિઝબુલ્લાહ મિસાઈલ કમાન્ડર ઈબ્રાહિમ કુબૈસી માર્યો ગયો હતો. આ સિવાય 5 અન્ય લોકોના પણ મોત થયા છે. ઈઝરાયલ છેલ્લા 5 દિવસથી લેબેનાન પર સતત હુમલો કરી રહ્યું છે. આ સાથે લેબેનાનમાં 2 દિવસમાં મૃત્યુઆંક વધીને 569 થઈ ગયો છે. તે જ સમયે, હિઝબુલ્લાએ સોમવારે રાત્રે ઈઝરાયલમાં 8 સ્થળોને મિસાઈલથી નિશાન બનાવવાનો પણ દાવો કર્યો હતો. તેના પર ઈઝરાયલે કહ્યું કે હિઝબુલ્લા તરફથી 55 રોકેટ છોડવામાં આવ્યા હતા. જેમને હવામાં ઠાર કરવામાં આવ્યા હતા. ટાઈમ્સ ઓફ ઈઝરાયલના અહેવાલ મુજબ ઈઝરાયલની સેનાનું કહેવું છે કે, હિઝબુલ્લાહે લોકોના એપાર્ટમેન્ટમાં મિસાઈલ લોન્ચર છૂપાવી રાખ્યા છે. ત્યાંથી તેઓ ઈઝરાયલ પર હુમલો કરે છે. ઈઝરાયલ આ ઈમારતોને નષ્ટ કરવા માગે છે. આથી ઈઝરાયલે અહીં રહેતા સામાન્ય લોકોને તેમના ઘર છોડવા માટે કહ્યું છે.

## નકલી હથિયારો સાથે છોડવામાં આવી, 44 વર્ષ પછી પેસિફિક મહાસાગરમાં ટેસ્ટિંગ કરાયું

# ચીને ઈન્ટર-કોન્ટિનેન્ટલ બેલેસ્ટિક મિસાઈલનું પરીક્ષણ કર્યું



ચીન તા 26

ચીને બુધવારે ઈન્ટર-કોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઈલ (ICBM)નું સફળ પરીક્ષણ કર્યું હતું. આ મિસાઈલમાં નકલી વોરહેડ લગાવવામાં આવ્યું હતું. બીબીસી અનુસાર, 1980 પછી આ પ્રથમ વખત છે જ્યારે ચીને પ્રશાંત મહાસાગરમાં ICBM મિસાઈલનું પરીક્ષણ કર્યું છે.

મિસાઈલ સવારે 8.44 કલાકે લોન્ચ કરવામાં આવી હતી. ચીનના સંરક્ષણ મંત્રાલયે કહ્યું કે, મિસાઈલ એ જ જગ્યાએ દરિયામાં પડી જ્યાં તેની અપેક્ષા હતી. આ ચીનની વાર્ષિક તાલીમનો એક ભાગ છે. જો કે આ મિસાઈલની વિશેષતાઓ અને તેના લોન્ચિંગ લોકેશન અંગે કોઈ માહિતી સામે આવી નથી. ચીનના સરકારી મીડિયા શિન્હુઆએ કહ્યું કે મિસાઈલ પરીક્ષણ કરવામાં આવે તે પહેલા જ આસપાસના દેશોને તેની જાણકારી આપવામાં આવી હતી. જોકે, જાપાને આ વાતનો ઈન્કાર કર્યો છે. અત્યાર સુધી, ચીન હંમેશા તેની ICB મિસાઈલોનું દેશમાં પરીક્ષણ કરતું રહ્યું છે. અત્યાર સુધી આ શિનજિયાંગ પ્રદેશના ટકલામાકન રણમાં કરવામાં આવતા હતા.

પરીક્ષણ બાદ ચીને કહ્યું છે કે તે કોઈ એક દેશને નિશાન બનાવીને કરવામાં આવ્યું નથી. જોકે, જાપાન, ફિલિપાઈન્સ અને તાઈવાન સાથેના તણાવ વચ્ચે આ ટેસ્ટને મહત્વપૂર્ણ માનવામાં આવે છે. ચીને છેલ્લે મે 1980માં આંતરરાષ્ટ્રીય જળસીમામાં ICBMનું પરીક્ષણ કર્યું હતું. ત્યારબાદ તેણે 9,070 કિમીનું અંતર કાપ્યું અને પ્રશાંત મહાસાગરમાં લક્ષ્યને અથડાવ્યું. આ પરીક્ષણમાં ચીનના 18 નૌકા જહાજોએ ભાગ લીધો હતો. તે ચીનના અત્યાર સુધીના સૌથી મોટા નેવલ મિશનમાંથી એક માનવામાં આવે છે. ચીન પાસે છે 15 હજાર કિમીની રેન્જ સાથે ICBM ચીને જે મિસાઈલનું પરીક્ષણ કર્યું છે તેની માહિતી સામે આવી નથી. જો કે, 2019 માં, પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈનાના 70 વર્ષની ઉજવણીની પરેડ દરમિયાન DF-41 ICBM બતાવવામાં આવ્યું હતું. તે ચીનના સૌથી નવા ICBMમાંનું એક છે. આ મિસાઈલની રેન્જ 12 હજારથી 15 હજાર કિમી છે. અગાઉ ઓગસ્ટ 2021માં ચીને પરમાણુ સક્ષમ હાઈપરસોનિક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. જો કે, ચીનની આ પરીક્ષણ મિસાઈલ તેના લક્ષ્યને મારવામાં નિષ્ફળ રહી હતી. મિસાઈલ લક્ષ્યથી લગભગ 32 કિલોમીટર દૂર પડી હતી. ચીને આ ટેસ્ટને સંપૂર્ણ રીતે ગોપનીય રાખ્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### માનહાનિ કેસમાં 'ઉદ્ધવ સેના'ના દિગ્ગજ નેતા સંજય રાઉત ફસાયા, 15 દિવસની કેદની સજા

મુંબઈ : માનહાનિ કેસમાં ઉદ્ધવ ઠાકરે જૂથની શિવસેનાના કદાવર નેતા સંજય રાઉત મોટી મુશ્કેલીમાં મૂકાઈ ગયા છે. ભાજપ નેતા કિરીટ સોમૈયાની પત્નીએ તેમની સામે માનહાનિનો કેસ કર્યો હતો. જેના પર મેટ્રોપોલિટન કોર્ટ મઝગાઉના મેજિસ્ટ્રેટે ચુકાદો આપતાં સંજય રાઉતને દોષિત ઠેરવતાં 15 દિવસ કેદ અને 25000 રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. ગત વર્ષે ભાજપના નેતા કિરીટ સોમૈયા અને તેમની પત્નીએ કોર્ટમાં અપીલ કરીને સંજય રાઉત સામે માનહાનિનો દાવો કર્યો હતો. કિરીટ સોમૈયાની પત્નીએ આરોપ મૂક્યો હતો કે મુંબઈના મીરા ભાયંદર વિસ્તારમાં પબ્લિક ટોઈલેટના નિર્માણ અને સારસંભાળ માટે 100 કરોડ રૂપિયાના કૌભાંડના આરોપો તદ્દન ખોટા છે. તે સમયે તેમણે સંજય રાઉત સામે કેસ નોંધવાની માગ કરી હતી અને તેમને આરોપી બનાવ્યા હતા. તેમની સામે આઈપીસીની કલમ 499 હેઠળ કેસ પણ નોંધવામાં આવ્યો હતો. કિરીટ સોમૈયાની પત્ની મેધા કિરીટ સોમૈયાના વકીલે કહ્યું હતુ કે કોર્ટે આદેશ કર્યો છે કે તેમને વળતર રૂપે સંજય રાઉત 25000 રૂપિયા ચૂકવે. ઉદ્ધવની શિવસેનાના મુખ્ય પ્રવક્તા પણ છે. કિરીટ સોમૈયાની પત્નીએ આરોપ મૂક્યો હતો કે 15 એપ્રિલ 2022ના રોજ તેમની વિરુદ્ધ માનહાનિ કરતાં નિવેદનો છાપવામાં આવ્યા હતા. જે ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા દ્વારા ફેલાવાયા હતા.

### ૨૦૨૩-૨૪માં ભારતનું સંરક્ષણ ઉત્પાદન વધીને રૂ. ૧.૨૭ લાખ કરોડની ટોચે

નવી દિલ્હી: ભારતનું સંરક્ષણ ઉત્પાદન ૨૦૨૩-૨૪માં મૂલ્યની દ્રષ્ટિએ ૧.૨૭ લાખ કરોડ રૂપિયાની સર્વોત્તમ સપાટીએ પહોંચી ગયું છે અને તે ૯૦થી વધુ દેશોમાં હથિયાર અને સૈન્ય વસ્તુઓની નિકાસ કરી રહ્યું છે તેમ કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે એક નિવેદનમાં જણાવ્યું છે.પ્રધાને એનડીએ સરકારના મેક ઈન ઇન્ડિયા કાર્યક્રમની ૧૦મી વર્ષગાંઠ પર સોશિયલ મીડિયા એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું છે કે ભારતીય સશસ્ત્ર દળો હવે ભારતીય જમીન પર બનેલા શસ્ત્રોનો ઉપયોગ કરે છે અને ભારત વૈશ્વિક સંરક્ષણ ઔદ્યોગિક પરિદ્રશ્યમાં ઉભરી રહ્યું છે.સિંહે જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કુશળ નેતૃત્ત્વમાં સરકારે દેશને દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશથી મેક ઈન ઈન્ડિયા કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યારથી દસ વર્ષો પછી સંરક્ષણ સહિત દરેક ક્ષેત્રમાં અનેક સુધારા કરવામાં આવ્યા છે.પ્રધાને જણાવ્યું હતું કે આજે આપણા ભારતીય સશસ્ત્ર દળો હવે ભારતીય જમીન પર બનેલા શસ્ત્રોનો ઉપયોગ કરે છે અને આપણે ૯૦થી વધુ દેશોમાં હથિયાર અને સૈન્ય વસ્તુઓની નિકાસ કરી રહ્યું છે.છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારે ઘરેલુ સંરક્ષણ ઉદ્યોગને વેગ આપવા માટે અનેક પગલાં ભર્યા છે. તેનું ધ્યાન ઘરેલુ સંરક્ષણ મેન્યુફેક્ચરિંગને વેગ આપવા તથ ખાસ કરીને ચીનની સાથે સંકળાયેલી સરહદોના વિસ્તારોમાં સૈન્ય તૈયારીઓ મજબૂત કરવા પર રહ્યું છે.

### 'મારે મુખ્યમંત્રી બનવું છે પણ ડેપ્યુટી CMથી આગળ જ નથી વધી રહ્યો..' કદાવર નેતાનું દર્દ છલકાયું

મુંબઈ : 'હું મુખ્યમંત્રી બનવા માંગું છું, પરંતુ વારંવાર ડેપ્યુટી સીએમના પદ પર અટકી જાવ છું.' આ દરમિયાન તેમણે મુખ્યમંત્રી એકનાથ શિંદેની આગેવાની હેઠળની મહાયુતિ એટલે કે એનસીપી, ભારતીય જનતા પાર્ટી અને શિવસેના વચ્ચે બેઠકોની વહેંચણી અંગે પણ વિસ્તારમાં વાત કરી હતી.એક કાર્યક્રમમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારે જણાવ્યું હતું. 'હું મુખ્યમંત્રી બનવા માંગુ છું, પરંતુ હું આગળ વધી શકતો નથી. મને તક નથી મળી રહી. એનસીપી પાસે વર્ષ 2004માં મુખ્યમંત્રી બનાવવાની તક હતી, પરંતુ પાર્ટીએ તે ગુમાવી દીધી. ખાસ વાત એ છે કે 2004માં મહારાષ્ટ્રનું સીએમ પદ કોંગ્રેસના ફાળે આવ્યું હતું.' ઉલ્લેખનીય છે કે, વર્ષ 2004ની વિધાનસભા ચૂંટણીમાં એનસીપી મહારાષ્ટ્રમાં સૌતી મોટી પાર્ટી તરીકે ઊભરી આવી હતી. આ દરમિયાન એનસીપીને 71 બેઠક મળી હતી. જ્યારે કોંગ્રેસ 69 બેઠક પર જીત સાથે બીજા સ્થાને હતી. ત્યારબાદ કોંગ્રેસના નેતા વિલાસરાવ દેશમુખને મુખ્યમંત્રી બનવવામાં આવ્યા હતા. વર્ષ 2012માં વિલાસરાવનું અવલાન થયું હતું. મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિતે પવારે કાર્યક્રમમાં જણાવ્યું છે કે, બેઠકની વહેંચણી વર્ષ 2019માં પાર્ટીને જીતેલી બેઠકની સંખ્યાના આધારે કરવામાં આવશે.

### કંગના કૃષિ કાયદાની માગ કરી ફસાઇ, અંતે માફી માગી

નવી દિલ્હી : અભિનેત્રી અને ભાજપની સાંસદ કંગના રણૌતે કૃષિ કાયદા પાછા લાવવા જોઈએ તેવું તેનું નિવેદન પાછું ખેંચ્યું છે અને દિલગીરી વ્યક્ત કરી છે. કંગનાએ ૨૦૨૧માં રદ કરાયેલા આ કાયદા પાછા લાવવા જોઈએ તેવી માગણી કરી હતી. જોકે, હરિયાણા વિધાનસભા ચૂંટણી ટાણે જ આ નિવેદનથી ભારે વિવાદ થયો હતો અને ભાજપે પણ આ કંગનાનો પોતાનો વ્યક્તિગત અભિપ્રાય છે અને પાર્ટીને તેની સાથે કશું લાગતું વળગતું નથી તેમ જણાવ્યું હતું. બાદમાં કંગનાએ સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા જાહેર કર્યું હતું કે પોતે પોતાનું નિવેદન પાછું ખેંચી રહી છે. કંગનાએ હતાશા સાથે કહ્યું હતું કે મારે યાદ રાખવું પડશે કે હું ભાજપની સભ્ય છું અને ભાજપની નીતિ પ્રમાણે જ મારે બોલવાનું હોય છે. કંગનાએ કહ્યું હતું કે મારાં નિવેદનો તથા ઉચ્ચારણોથી કોઈને ખરાબ લાગ્યું હોય તો તે માટે હું ખેદ અનુભવું છું. એક્સ પ્લેટફોર્મ પર એક પોસ્ટમાં તેણે કહ્યું હતું કે કૃષિ કાયદાઓ અંગે જે કાંઈ કહ્યું હતું તે મારા વ્યક્તિગત અભિપ્રાય હતા અને તે પક્ષના આ કાયદાઓ અંગેના સત્તાવાર વલણને પ્રતિબિંબિત કરતા ન હતા. તેણે એક્સ પર એક વીડિયો પણ પોસ્ટ કર્યો હતો. જેમાં જણાવ્યું હતું કે જ્યારે કૃષિ કાયદાઓનો વિરોધ થઈ રહ્યો હતો ત્યારે મારા સહિત કેટલાય લોકોએ આ કાયદાઓનું સમર્થન કર્યું હતું.

---

**ઈઝરાયલના તાજા હવાઈ હુમલામાં લેબનાનમાં 51 લોકો માર્યા ગયા છે અને 223 ઈજાગ્રસ્ત થયા છે**

# 'ભારતીય નાગરિકો આ દેશમાં જવાનું ટાળજો...' મોદી સરકારે જાહેર કરી કડક એડવાઈઝરી

(એજન્સી) નવી દિલ્હી | તા 26

ઈઝરાયલ હમાસ યુદ્ધનું કેન્દ્ર હાલ લેબનાન બની ચૂક્યુ છે. છેલ્લા થોડા દિવસોથી ઈઝરાયલે હિઝબુલ્લાહ વિરુદ્ધ મોર્ચો ખોલી દીધો છે. લેબનાનમાં ઈઝરાયલે હિઝબુલ્લાહના હજારો ઠેકાણાને નિશાન બનાવ્યા છે. હિઝબુલ્લાહ પણ પીછે હઠ કરવાના ઈરાદામાં નથી.ઈઝરાયલના સેના પ્રમુખ જનરલ હરજી હાલેવીએ કહ્યું છે કે હિઝબુલ્લાહના ઠેકાણાને નષ્ટ કરવા માટે હવાઈ હુમલા જારી રહેશે. જરૂર પડવા પર અમે સરહદ પાર જઈને જમીની કાર્યવાહી પણ કરીશું. અર્થ સ્પષ્ટ છે કે ઈઝરાયલની સેના લેબનાનની તરફ કૂચ કરવા માટે તૈયાર છે.આ દરમિયાન લેબનાનમાં બેરુત સ્થિત ભારતીય દૂતાવાસે બુધવારે એક એડવાઈઝરી જારી કરીને આગામી આદેશ સુધી ભારતીયોને લેબનાની યાત્રા ન કરવાની કડક સલાહ આપી છે. દૂતાવાસે પોતાની નોટિસમાં કહ્યું કે 1 ઓગસ્ટ 2024એ જારી કરવામાં આવેલી સલાહ અનુસાર ભારતીય નાગરિકોને આગામી સૂચના સુધી લેબનાનની યાત્રા ન કરવાની સલાહ આપવામાં આવે છે. તેમણે લેબનાનમાં રહેતા ભારતીય નાગરિકોને ઝડપથી દેશ છોડવાની સલાહ આપી છે તથા લોકોને વધુ સાવધાની રાખવા તથા દૂતાવાસના સંપર્કમાં રહેવાની સલાહ પણ આપી છે.સમગ્ર દુનિયાને ડર છે કે હવે લેબનાનમાં પણ યુદ્ધ છેડાઈ શકે છે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડને પણ કહ્યું છે કે લેબનાનમાં યુદ્ધ છેડાઈ શકે છે. યુદ્ધ દરમિયાન તુર્કિયેએ યુદ્ધમાં લેબનાનની સાથે ઊભા રહેવાનું એલાન કર્યું છે. સ્થિતિની ગંભીરતાને જોતાં ભારતે લેબનાનમાં હાજર પોતાના નાગરિકોને તાત્કાલિક ત્યાંથી હટવા માટે કહ્યું છે. આ દરમિયાન બુધવારે ઈઝરાયલના તાજા હવાઈ હુમલામાં લેબનાનમાં 51 લોકો માર્યા ગયા છે અને 223 ઈજાગ્રસ્ત થયા છે.ઈઝરાયલી સરહદ નજીક વિસ્તારોથી લેબનાની નાગરિકોનું વિસ્થાપન ચાલુ છે. અત્યાર સુધી પાંચ લાખથી વધુ લોકો ઘર છોડીને સુરક્ષિત સ્થળોમાં શરણ લઈ ચૂક્યા છે. યુદ્ધની આશંકા વચ્ચે ત્યાંથી લોકો પલાયન કરી રહ્યાં છે.



---

## મધ્યપ્રદેશમાં બે જૂથ વચ્ચે બબાલ! પથ્થરમારા બાદ ફાયરિંગ થતાં 1નું મોત, 7થી વધુ ઈજાગ્રસ્ત

શાજાપુર : મધ્યપ્રદેશના શાજાપુરહકીકતમાં બે દિવસ પહેલા મક્સીમાં મુસ્લિમ સમુદાયના એક યુવક સાથે મારપીટ થઈ હતી. ત્યારબાદ બુધવારે રાત્રે જૂના વિવાદને લઈને બંને જૂથો ભડકી ગયા હતા અને સામસામે આવી ગયા હતા. આ દરમિયાન બંને જૂથો વચ્ચે પથ્થરમારો થયો હતો. બબાલ દરમિયાન ભીડમાંથી જ કોઈકે ફાયરિંગ કર્યું હતું જેમાં કેટલાક યુવકો ઘાયલ થઈ ગયા છે. આ ઘટનાની સૂચના મળતા ઘટના સ્થળ પર પહોંચેલી મક્સી પોલીસ પર જ ભીંડે પથ્થરમારો કરી દીધો હતો. ત્યારબાદ મોટી સંખ્યામાં પોલીસ ફોર્સ બોલાવવામાં આવી હતી અને પરિસ્થિતિને કાબૂમાં લેવામાં આવી હતી. વિવાદ વધુ ના વધે તેને ધ્યાનમાં રાખી સમગ્ર મક્સીમાં કલમ 144 લાગુ કરી દેવામાં આવી છે અને ખૂણે-ખૂણે પોલીસ તેહનાત કરી દેવામાં આવી છે. હવે લોકોને એક જગ્યા પર



એકઠા થવા પર પણ પ્રતિબંધ છે. આ વચ્ચે પોલીસ સોશિયલ મીડિયા પર ભડકાઉ મેસેજ પર પણ નજર રાખી રહી છે.આ બબાલમાં જે ઘાયલોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા તેમાંથી એક યુવકને ડોક્ટરે મૃત જાહેર કર્યો છે. ડોક્ટર દ્વારા જણાવવામાં આવ્યું કે સાત લોકો ઘાયલ થયા છે. જેમની સારવાર ચાલી રહી છે. બીજી તરફ એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે શાજાપુરના મક્સીમાં બે જૂથો વચ્ચે વિવાદ થઈ ગયો હતો. ફાયરિંગની ઘટના સામે આવી છે. કેટલાક લોકો ઘાયલ થયા છે. સ્થળ પર પોલીસ ફોર્સ તેહનાત છે. જો કે આ ઘટના શા માટે બની તે અંગેની માહિતી સામે નથી આવી.

## એવા બનો જે તમે દુનિયામાં જોવા માગો છે, બોલ્યા મોહન ભાગવત

(એજન્સી) નવી દિલ્હી | તા 26

આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે બુધવારે કહ્યું કે ભારતની પાસે દુનિયાની સમસ્યાઓનો જવાબ છે. તેમણે કહ્યું કે દેશની પ્રાચીન પરંપરા મજબૂતીથી વિવિધતા અને કોઈને પણ અવગણવા નહી તે ભાવમાં વિશ્વાસ ધરાવે છે. આરએસએસના વિચારક પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર દયાશંકર તિવારી મૌને લખેલા પુસ્તકનું વિમોચન કરવા માટે નાગપુરમાં એક કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોહન ભાગવતે સંબોધન કરતા જણાવ્યું કે જ્યારે ભારતનો ઉદય થશે, ત્યારે ડગમગતું વિશ્વ તેનો રસ્તો શોધી લેશે.સંઘ પ્રમુખે વધુમાં કહ્યું કે છેલ્લા 2,000 વર્ષોમાં કરવામાં આવેલા જીવન સંબંધિત પ્રયોગો લોકોના જીવનમાં સુખ અને શાંતિ લાવવામાં નિષ્ફળ રહ્યા છે. તેમણે કહ્યું કે વિશ્વભરના ચિંતકો માને છે કે ભૌતિકવાદી વિકાસ તેની ટોચ પર છે અને તે માનવતાને વિનાશ તરફ લઈ જઈ રહ્યો છે. તેમણે સાથે જ કહ્યું કે આનો જવાબ આપણી પરંપરામાં છે, કારણ કે આપણે બધી વિવિધતાને સ્વીકારતા આવ્યા છીએ.


## PM મોદી નિવૃત્ત થશે કે નિયમ બદલાઈ જશે? કેજરીવાલના સવાલથી RSS મોટી દુવિધામાં!

■ લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશી જેવા દિગ્ગજ ભાજપના નેતાઓને નિવૃત પણ કરી દેવામાં આવ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા 26

દિલ્હીના સીએમ પદ પરથી રાજીનામું આપ્યા બાદ અરવિંદ કેજરીવાલ ભારતીય જનતા પાર્ટી અને RSS સતત પ્રહાર કરી રહ્યા છે. જનતાની અદાલતમાં RSS ચીફ મોહન ભાગવતને પાંચ સવાલ પૂછ્યા બાદ હવે કેજરીવાલે તેમને પત્ર લખ્યો છે. કેજરીવાલે પોતાના પત્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નિવૃતિથી લઈને કેન્દ્રીય તપાસ એજન્સીના દુરુપયોગ અંગે સવાલ પૂછ્યા છે. દિલ્હીના પૂર્વ સીએમ કેજરીવાલે RSS ચીફને સૌથી છેલ્લો સવાલ પીએમ મોદી અંગે પૂછ્યો છે. તેમણે પૂછ્યું કે, તમે બધાએ મળીને કાયદો બનાવ્યો કે 75 વર્ષની ઉંમર બાદ ભાજપના નેતા નિવૃત થઈ જશે. આ કાયદાનો ખૂબ પ્રચાર પણ કરવામાં આવ્યો. આ જ કાયદા હેઠળ લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશી જેવા દિગ્ગજ ભાજપના નેતાઓને નિવૃત પણ કરી દેવામાં આવ્યા. તો પીએમ મોદી નિવૃત થશે કે પછી તેમના માટે કાયદો બદલાઈ જશે?

પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે કેટલાક અન્ય નેતાઓના ઉદાહરણ આપતા RSSને પૂછ્યું કે, છેલ્લા 10 વર્ષોમાં આ કાયદા હેઠળ અન્ય ઘણા નેતાઓને નિવૃત કરવામાં આવ્યા જેમ કે, શાંતા કુમાર, સુમિત્રા મહાજન વગેરે. હવે ગૃહમંત્રી અમિત શાહનું કહેવું છે કે આ કાયદો PM મોદી પર લાગુ નહીં થશે. શું તમે આ બાબત સાથે સહમત છો કે જે કાયદા હેઠળ લાલકૃષ્ણ અડવાણીને નિવૃત્ત કરવામાં આવ્યા, તે કાયદો હવે પીએમ મોદી પર લાગુ નહીં થશે. શું બધા માટે કાયદા સમાન ન હોવા જોઈએ?



અરવિંદ કેજરીવાલ સહીત તમામ વિપક્ષી પાર્ટીઓ લાંબા સમયથી કેન્દ્રની મોદી સરકાર પર તપાસ એજન્સીઓનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવી રહી છે. કેજરીવાલે પોતાના લેટર દ્વારા RSS ચીફને પૂછ્યું કે દેશભરમાં અલગ-અલગ પ્રકારની લાલચ આપીને અથવા તો પછી ED-CBIની ધમકી આપીને બીજી પાર્ટીના નેતાઓને તોડવામાં આવી રહ્યા છે. શું તમને આ મંજૂર છે? આ અગાઉ પણ અરવિંદ કેજરીવાલે રવિવારે જનતાની અદાલતને સંબોધિત કરતા RSS ચીફને આ જ સવાલ પૂછ્યો હતો.

---

**રેલ સંરક્ષણ ટીમ ઓછા સમયમાં દુર્ઘટના સ્થળ પર પહોંચશે. આ એક ખૂબ જ ઐતિહાસિક પહેલ**

# વધુ એક ટ્રેન દુર્ઘટના, ઝારખંડમાં બે ડબા પાટા પરથી ખડી પડ્યાં, વંદે ભારત પણ અટવાઈ ગઈ

(એજન્સી) નવી દિલ્હી | તા 26

ઝારખંડના બોકારો શહેરમાં ટ્રેન દુર્ઘટનાના કારણે અપ-ડાઉનની લગભગ ડઝન ટ્રેનોની કામગીરી ખોરવાઈ ગઈ છે. વંદે ભારત ટ્રેનને પણ રોકવામાં આવી છે. દેશના કોઈને કોઈ રાજ્યમાં એક બાદ એક ટ્રેન દુર્ઘટનાના સમાચાર સામે આવતાં જઈ રહ્યાં છે. હવે ઝારખંડના બોકારો શહેરમાં માલગાડીના બે ડબા પાટા પરથી ખડી પડ્યાં છે. આ માલગાડી તુપકાડીહ રેલવે સ્ટેશન નજીક ડીરેલ થઈ છે. ઘટનાના કારણે બોકારો ગોમો રેલવે રુટ પર રેલવે પરિવહન ખોરવાઈ ગયુ છે.

બોકારો શહેરમાં માલગાડીની દુર્ઘટનાના કારણે અપ-ડાઉનની લગભડ ડઝન ટ્રેનોની કામગીરી ખોરવાઈ ગઈ છે. વારાણસીથી રાંચી જતી વંદે ભારત ટ્રેનને પણ ચંદરપુરા રેલવે સ્ટેશન પર રોકી દેવાઈ છે. જે સ્થળે દુર્ઘટના થઈ ત્યાં ઘટના સ્થળે રાહત કાર્ય ચાલુ છે અને દુર્ઘટનાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.દેશના વિભિન્ન ભાગોમાં વધતી ટ્રેન દુર્ઘટનાની ઘટનાઓને રોકવા માટે રેલવેએ નવી પહેલ શરૂ કરી છે. રેલવેએ પહેલી વખત રેલવે ગાર્ડની રચના કરી છે. એક પાયલટ પ્રોજેક્ટના ભાગ તરીકે ભારતીય રેલવેએ ઉત્તર પશ્ચિમ રેલવે (એનડબ્લ્યૂઆર) વિસ્તારમાં આ પહેલ શરૂ કરી છે. રેલવે ગાર્ડ તાત્કાલિક દુર્ઘટના સ્થળ પર પહોંચીને બચાવ કાર્ય કરવામાં સક્ષમ છે.રેલવે મંત્રીએ આ જવાબદારી ઉત્તર પશ્ચિમી રેલવેને આપી છે અને RPF અને મિકેનિકલ ટીમને 4 અઠવાડિયાની ખાસ ટ્રેનિંગ આપવામાં આવી છે. અમારી ટીમ રેલ સંરક્ષણ ટીમ ઓછા સમયમાં દુર્ઘટના સ્થળ પર પહોંચશે. આ એક ખૂબ જ ઐતિહાસિક પહેલ છે. ભારતીય રેલવેએ ગાંધીનગર રેલવે સ્ટેશન પર રેલવે સંરક્ષણ ટીમ અને સાધનો સ્થાપિત કર્યા છે.બીજી તરફ રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે 'હું તે લોકોને સ્પષ્ટ રીતે કહેવા માગુ છું કે જે ડિરેલ કરવાનો પ્રયત્ન કરી રહ્યાં છે તે રેલવેનું રાજનીતિકરણ કરવાનો પ્રયત્ન ન કરે. તેમના વિરુદ્ધ રાજ્ય પોલીસ અને NIA ના સહયોગથી કડક કાર્યવાહી કરવામાં આવશે.'



## સિદ્ધારમૈયા સામે તપાસ કરો : સ્પેશિયલ કોર્ટનો લોકાયુક્ત પોલીસને આદેશ


બેંગાલુરુ : કર્ણાટકની એક સ્પેશિયલ કોર્ટે મૈસૂર અર્બન ડેવલોપમેન્ટ ઓથોરિટી (એમયુડીએ) જમીન ફાળવણી કેસમાં કર્ણાટકના મુખ્યપ્રધાન સિદ્ધારમૈયાની વિરુદ્ધ બુધવારે લોકાયુક્ત પોલીસને તપાસ કરવાનો આદેશ આપ્યો છે. સ્પેશિયલ કોર્ટના ન્યાયર્ર્તિ સંતોષ ગજાનન ભટ્ટના આ આદેશના એક દિવસ અગાઉ હાઈકોર્ટે આ કેસમાં સિદ્ધારમૈયાની વિરુદ્ધ તપાસ કરાવવાની રાજ્યપાલ થાવરચંદ ગેહલોતની મંજૂરીને યોગ્ય ઠેરવી હતી. આ કેસમાં એમયુડીએ પર સિદ્ધારમૈયાની પત્નીને જમીનના ૧૪ સાઈટ ફાળવવામાં અનિયમિતતા આચરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. કોર્ટે રાજ્યપાલના ૧૬ ઓગસ્ટના આદેશની કાયદેસરતાને પડકારતી સિદ્ધારમૈયામની અરજી ફગાવી દીધી હતી. જે હેઠળ રાજ્યપાલે પ્રિવેન્શન ઓફ કરપ્શન (પીસી) એક્ટ, ૧૯૮૮ની કલમ ૧૭એ હેઠળ તપાસને મંજૂરી આપી હતી. આ દરમિયાન કર્ણાટકના મુખ્યપ્રધાન સિદ્ધરમૈયાએ બુધવારે ફરી એક વખત જણાવ્યું હતું કે તે એમયુડીએ જમીન ફાળવણી કેસમાં તપાસનો સામનો કરવા માટે તૈયાર છે.સ્પેશિયલ કોર્ટ દ્વારા કેસમાં લોકાયુક્ત પોલીસને તપાસનો આદેશ આપવામાં આવ્યા પછી મુખ્યપ્રધાને જણાવ્યું છે કે તે તપાસથી ડરતા નથી. સિદ્ધારમૈયાએ પત્રકારોને જણાવ્યું હતું કે મેં અગાઉ પણ જણાવ્યું હતું કે હું તપાસનો સામનો કરવા માટે તૈયાર છું. હું તપાસથી ડરતો નથી.

---

## પૉપ ટુ 5G: 48MP સોની AI કેમેરા સાથે રંગીન અને વાઇબ્રન્ટ ટેક્નો પૉપ 9 5G ડેબ્યુ કરે છે

અમદાવાદ | તા 26

ભારતનો ઈન્ટેલિજન્ટ ટેક્નોલોજી પ્રોવાઇડર, ટેક્નો, નવા પૉપ 9 સાથે સેગમેન્ટને હલાવવા માટે તૈયાર છે, જે વપરાશકર્તાઓને 'પૉપ ટુ 5G' માટે આમંત્રણ આપે છે. ટેક્નોની પૉપ સિરીઝ તે લોકો માટે ઉર્જાનો વિસ્ફોટ છે જેઓ પોતાની શરતો પર જીવન જીવે છે. જનરેશન આલ્ફા, કોલેજના વિદ્યાર્થીઓ અને ટ્રેન્ડસેટર્સને ધ્યાનમાં રાખીને ડિઝાઇન કરવામાં આવ્યો છે, જેઓ સ્માર્ટફોનની ઝંખના કરે છે, તેઓ જેટલા બોલ્ડ અને વાઈબ્રેન્ટ છે, ટેક્નો પૉપ તેમના તમામ સર્જનાત્મક સાહસોમાં સંપૂર્ણ પાર્ટનર-ઇન-ક્રાઇમ તરીકે કામ કરે છે. તે સ્વતંત્રતાની નિશાની છે, વ્યક્તિત્વથી ભરેલું છે અને સંપૂર્ણ આનંદ આપે છે. વ્યૂહાત્મક રીતે વપરાશકર્તાઓ માટે મહત્વના સ્પેસિફિકેશન્સ સાથે એન્ટ્રી લેવલ પર મૂકવામાં આવે છે, તે વપરાશકર્તાઓને માત્ર વાતચીતનો ભાગ બનવા માટે જ નહીં, પરંતુ તેમના વાઈબ્રેશનને શેર કરવા અને તેને આગળ વધારવા માટે પ્રોત્સાહિત કરે છે. સ્માર્ટફોનનું આ પાવરહાઉસ અહીં પર્સ ખાલી કર્યા વિના 5G ને બધા માટે સુલભ બનાવવા માટે છે.





## વિશ્વ પ્રવાસન દિવસ 2024 : પશ્ચિમ રેલ્વે: અતુલ્ય ભારતની અતુલ્ય રેલ

અમદાવાદ | તા 26

પશ્ચિમ રેલ્વે એ માત્ર પરિવહનની જીવાદોરી નથી, પણ ભારતના કેટલાક સૌથી પ્રતિષ્ઠિત અને વૈવિધ્યસભર પ્રવાસન સ્થળોનું પ્રવેશદ્વાર પણ છે. કચ્છના રણના શુષ્ક મીઠાના મેદાનોથી લઈને ભવ્ય મંદિરો અને નદીના કાંઠા સુધી, પશ્ચિમ રેલ્વે મુસાફરોને વિવિધ લેન્ડસ્કેપ્સ, સંસ્કૃતિઓ અને ઈતિહાસ સાથે જોડે છે. પશ્ચિમ રેલ્વે કુદરતી સૌંદર્ય, ઐતિહાસિક ભવ્યતા અને આધ્યાત્મિક ઊંડાણનું અનોખું મિશ્રણ પ્રદાન કરે છે, જે તેને ભારતના પ્રવાસન ઉદ્યોગમાં મુખ્ય ફાળો આપે છે. આ વિશ્વ પ્રવાસન દિવસે, રેલવે દેશભરમાં ફેલાયેલા તેના વ્યાપક રેલ નેટવર્ક દ્વારા આ અદ્ભુત ભૂમિની અજાયબીઓ જોવા માટે પ્રવાસીઓને આવકારે છે.. અમે અમારી મુસાફરીની શરૂઆત પશ્ચિમ રેલ્વેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝનના સુંદર બીલીમોરા-વઘઈ રેલ વિભાગથી જે ગુજરાત રાજ્યના ડાંગ પ્રદેશના લીલાછમ જંગલો અને આદિવાસી ગામડાઓમાંથી પસાર થતી નેરો-ગેજ લાઈનમાંથી મુસાફરોને લઈ જાય છે આકર્ષક પ્રવાસ. આ રસપ્રદ અને ઓછો જાણીતો માર્ગ ભારતના સમૃદ્ધ રેલ્વે ઈતિહાસની યાદ અપાવે છે અને ધીમી ગતિએ પ્રકૃતિ સાથે જોડાવા અને ગ્રામીણ ભારતની શાંતિનો અનુભવ કરવા માંગતા લોકો માટે યોગ્ય છે. રેલવેએ આ લાઈનને હેરિટેજ અનુભવ તરીકે સાચવી રાખી છે, જે પ્રવાસીઓને સમયસર પાછા આવવાની અને શાંતિપૂર્ણ, અવિસ્મરણીય ટ્રેનની મુસાફરીનો આનંદ માણવાની તક આપે છે. વડોદરા ડિવિઝનની મુલાકાત લેતી વખતે, વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી સાથે ભારતના સ્થાપત્યનો વૈભવ જોઈ શકાય છે.



## હારિત ઝવેરી જ્વેલર્સે "લાડકીવાલે" બ્રાઇડલ હેરિટેજ 2024 રજૂ કર્યું

અમદાવાદ | તા 26


અમદાવાદ સ્થિત હારિત ઝવેરી જ્વેલર્સે "લાડકીવાલે" - બ્રાઈડલ હેરિટેજ '24 રજૂ કર્યું, જે 22kt ગોલ્ડ હેરિટેજ જ્વેલરીનો ઉત્કૃષ્ટ સંગ્રહ છે જે લગ્નની મોસમની ભવ્યતા અને ભાવનાને સંપૂર્ણ રીતે કેપ્ચર કરે છે. કલેક્શનમાં કાલાતીત નેકલેસ, જટિલ રીતે ડિઝાઈન કરેલી રિંગ્સ, અદભૂત કડા, સુંદર હાથફૂલ અને ઘણું બધું સામેલ છે. દરેક ભાગ પરંપરા અને સંસ્કૃતિના સમૃદ્ધ વારસા સાથે રચાયેલ છે, જે પ્રસંગના વારસાને માન આપે છે જ્યારે આજની આધુનિક કન્યા માટે કંઈક અનોખું પ્રદાન કરે છે. કન્યાની ઉજવણી કરતી વખતે, આ ક્ષણોને વધુ જાદુઈ બનાવનારા લોકોને યાદ રાખવું અને ઉજવણી કરવી મહત્વપૂર્ણ છે - છોકરીઓ. તેઓ દરેક ઉજવણીના છુપાયેલા સ્ટાર્સ છે, ખાતરી કરે છે કે દરેક ક્ષણ આનંદ, હાસ્ય અને પરંપરાથી ભરેલી છે.છોકરી માટે, તે માત્ર લગ્નની તૈયારી કરતાં વધુ છે - તે જીવન બદલાતી ક્ષણ માટેની તૈયારી છે. તે એક પુત્રીને જોવાનું છે જેને તેઓએ ઉછેર્યું, પ્રેમ કર્યો અને ઉછેર કર્યો તે હવે તેના જીવનના નવા અધ્યાયમાં પગ મૂકે છે. તેના માટે, તે લાગણીઓ અને ઉત્તેજનાનો વાવંટોળ છે.



**દીકરીઓ, વહુઓ, પ્રેમ અને પરંપરાઓની ઉજવણી**

## ઈન્ડિયન આઈડલ શૂટના પહેલા દિવસે લાઈવ થાય છે!

મુંબઈ : સોની એન્ટરટેનમેન્ટ ટેલિવિઝનનો પ્રશંસિત સિંગિંગ રિયાલિટી શો, ઈન્ડિયન આઈડલ, તેના શૂટિંગના પહેલા દિવસે લાઈવ થાય છે, જેમાં નવા જજ તરીકે બાદશાહ આવે છે. તેમની ઈલેક્ટ્રિફાઈંગ હાજરી અને ચાર્ટ-ટોપિંગ હિટ્સ માટે જાણીતા, બાદશાહનો ઉમેરો સુનિશ્ચિત કરે છે કે ચાહકો બમણો આનંદ માણે છે અને મનોરંજન બમણું કરે છે. તેમની ઊર્જા સ્પર્ધકોને તેમના અંગૂઠા પર રાખીને, જજ પેનલ માટે એક નવી વાઈબ લાવશે. આ સીઝન સીમાઓ તોડવા અને નવા ધોરણો સેટ કરવા વિશે છે- બાદશાહના પોતાના શબ્દોમાં 'સીન બનેગા તગડે વાલા, લેવલ ઉપર અબકી બાર.' ઉભરતી પ્રતિભાના ધબકારા પર પોતાની આંગળી રાખીને બાદશાહ સ્પર્ધકો પાસેથી લાઈવ પર્ફોર્મન્સ અને અસલી લાગણીઓની શોધમાં રહેશે.



## 18 કરોડથી વધુ વિદેશીઓ ગુજરાતના મહેમાન બન્યા

ભારત સહિત સમગ્ર વિશ્વમાં દર વર્ષે તા. 27 સપ્ટેમ્બરે 'વિશ્વ પ્રવાસન દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાતનો પ્રવાસન, બિઝનેસ, રોજગારી, આધ્યાત્મિક તેમજ ઔદ્યોગિક રોકાણ સહિત તમામ ક્ષેત્રે 360 ડિગ્રી વિકાસ થયો છે, જેની નોંધ આજે સમગ્ર વિશ્વ લઈ રહ્યું છે. વર્તમાનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ વિકાસની આ શ્રૃંખલાને અવિરત આગળ ધપાવી રહ્યા છે. ત્યારે દેશ-વિદેશના પ્રવાસીઓ માટે ગુજરાત હંમેશા પસંદગીનું રાજ્ય બન્યું છે. રાજ્યમાં ગત વર્ષ 2023-24માં કુલ 18.59 કરોડથી વધુ પ્રવાસીઓ ગુજરાતના મહેમાન બન્યા છે.

સિટી
એક્સપ્રેસ
FRIDAY 27 SEPTEMBER-2024
AHMEDABAD

## ગાંધીનગર કારમાં જતા પરિવાર ઉપર બે શખ્સોનો હુમલો

ગાંધીનગર શહેર નજીક રાંધેજા હાઈવે ઉપર કારમાં પસાર થઈ રહેલા સેક્ટર ૨૯ના પરિવારની કારને ઉભી રખાવીને તેમાં સવાર બે શખ્સો દ્વારા પુત્ર અને પિતા તેમજ માતાને લાફા ઝીંકી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાની ઘટના બહાર આવી છે. જે સંદર્ભે પેથાપુર પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૃ કરી હતી.આ ઘટના અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે શહેરના સેક્ટર ૨૯માં રહેતા વૃદ્ધ વિષ્ણુભાઈ ગંગારામ પ્રજાપતિ ગત શનિવારના રોજ તેમના પુત્ર દેવેન્દ્ર તેમજ પત્ની ગંગાબેન તેમજ પૌત્રી સાથે વાસણ ગામ ખાતે તેમની બીમાર દીકરીની ખબર કાઢવા માટે નીકળ્યા હતા.



# અમદાવાદમાં ગરમી અને બાફ વચ્ચે વરસાદની ધમાકેદાર બેટિંગ

## ગોતા, સાયન્સ સિટી, સરખેજ, પ્રહલાદ નગર, ઈસ્કોન, થલતેજ, બોપલ, ધુમા, જોધપુર, શિવરંજની, શીલજ સહિત એસજી હાઈવેના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ



### અમદાવાદમાં મધ્યમથી ભારે વરસાદની આગાહી

હવામાન વિભાગની આગાહીને પગલે અમદાવાદ સહિત રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારે પવન ફૂંકાવાની સાથે સાથે વરસાદ વરસ્યો હતો. મધ્યમ વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદીઓ 37 ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં શેકાયા બાદ અને બફારાનો અનુભવ કર્યા બાદ ગઈકાલે સાંજથી જ વરસાદી માહોલ વચ્ચે ઠંડકનો અનુભવ થયો હતો.

(એજન્સી) અમદાવાદ । તા.26

ગુજરાતમાં ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો છે. ત્યારે રાજ્યમાં આગામી બે દિવસ ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. ત્યારે આજે (26મી સપ્ટેમ્બર) સતત બીજા દિવસે અમદાવાદના મોટા ભાગના વિસ્તારોમાં ધોધમાર વરસાદ શરુ થયો છે. આ વિસ્તારોમાં મેઘરાજા મનમૂકીને વરસ્યા

મુશળધાર વરસાદે શહેરના મોટાભાગના વિસ્તારોને ભીંજવી દીધા છે ત્યારે ગોતા, સાયન્સ સિટી, સરખેજ, પ્રહલાદ નગર, ઈસ્કોન, થલતેજ, બોપલ, ધુમા, જોધપુર, શિવરંજની, શીલજ સહિત એસજી હાઈવેના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. આ જિલ્લામાં વરસાદનું રેડ ઍલર્ટ હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે (26 સપ્ટેમ્બર) વલસાડ, દમણ અને દાદરા નગર હવેલીમાં રેડ ઍલર્ટ છે. ભાવનગર, નવસારી અને ડાંગમાં ઑરેન્જ ઍલર્ટ આપવામાં આવ્યું છે. જ્યારે અમરેલી, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, નર્મદા સુરત અને તાપીમાં યલો ઍલર્ટ સાથે છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી છે. નર્મદા ડેમની જળ સપાટી પહોંચી 138.31 મીટરે ઉપરવાસમાંથી પાણીની ભારે આવક થતાં સરદાર સરોવર નર્મદા ડેમની જળ સપાટીમાં વધારો થયો છે. જેમાં નર્મદા ડેમની જળ સપાટી 138.31 મીટર પર પહોંચી છે. જેના કારણે ડેમના 10 દરવાજા 1 મીટર સુધી ખોલીને પાણી છોડવામાં આવી રહ્યું છે. નર્મદા ડેમની મહત્તમ સપાટી 138.68 મીટર છે.

## લઘુત્તમ તાપમાનમાં 3 ડિગ્રીનો ઘટાડો થયો

જેને કારણે છેલ્લા 24 કલાક દરમિયાન લઘુત્તમ તાપમાનમાં ત્રણ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો નોંધાયો હતો. જો કે, હજુ પણ સામાન્ય તાપમાન કરતા લઘુત્તમ તાપમાન 0.6 ડિગ્રી સેલ્સિયસ વધુ રહ્યું હતું. જ્યારે આજે પણ વહેલી સવારથી જ અમદાવાદ શહેરના વાતાવરણમાં ભેજ રહેવાને કારણે બફારાનો અનુભવ થઈ રહ્યો છે. પરંતુ સાંજ પડતા જ વરસાદની શક્યતા છે.

## ગુજરાતમાં 3 દિવસ અતિભારે વરસાદની આગાહી

### મહારાષ્ટ્ર પર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતાં અનેક જિલ્લાઓમાં વરસાદી માહોલ

રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ફરી વરસાદી રાઉન્ડની શરૂઆત થઈ ગઈ છે. મધ્ય મહારાષ્ટ્ર પર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતાં હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. ગઈકાલ બાદ આજે પણ વરસાદી માહોલ યથાવત્ છે. આજે ભાવનગર, અમરેલી, ગાંધીનગર સહિત અનેક વિસ્તારોમાં સવારથી જ વરસાદ વરસી રહ્યો છે. આજે સવારે 6 વાગ્યા સુધી છેલ્લા 24 કલાકમાં 181 તાલુકામાં વરસાદ વરસ્યો હતો, જેમાં સૌથી વધુ ઉમરપાડામાં 7 ઈંચ વરસાદ ખાબક્યો હતો. વલસાડમાં આજે રેડ એલર્ટ, અમરેલીમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે, દાસના જણાવ્યા અનુસાર, હાલમાં મધ્ય મહારાષ્ટ્ર પર એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે, જેને કારણે આજે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારેથી ભારે વરસાદની શક્યતા છે.




### વલસાડમાં આજે રેડ એલર્ટ, અમરેલીમાં ભારે વરસાદની આગાહી

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે, દાસના જણાવ્યા અનુસાર, હાલમાં મધ્ય મહારાષ્ટ્ર પર એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે, જેને કારણે આજે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ભારેથી ભારે વરસાદની શક્યતા છે. વલસાડમાં રેડ એલર્ટ તો સુરત, નવસારી, તાપી, ડાંગ જેવા જિલ્લાઓમાં યલો જાહેર કરવામાં આવ્યું છે. આ સાથે જ સૌરાષ્ટ્રના અમરેલીમાં પણ ભારે વરસાદની આગાહીને પગલે જાહેર કરવામાં આવ્યું છે.

### ડીસામાં પવન સાથે જોરદાર વરસાદ

દરમિયાન, આજે બપોર બાદ બનાસકાંઠામાં વરસાદી ઝાપટાં ચાલુ થયાં હતાં. ચાલુ વર્ષે રાજ્યભરમાં સો ટકાથી વધુ વરસાદ થયા બાદ પણ બનાસકાંઠા જિલ્લામાં વરસાદ માત્ર ૭૦ ટકા જેટલો જ થયો હતો. પરંતુ ભાદરવા માસના અંતમાં લાંબા વિરામ બાદ ભારે ઉકાળાટ બાદ જોરદાર પવન સાથે વરસાદી ઝાપટું પડતા સર્વત્ર ઠંડક થઈ જવા પામી હતી. બનાસકાંઠા જિલ્લામાં માત્ર બે કે ત્રણ તાલુકાને બાદ કરતા સીઝનનો કુલ સરેરાશ વરસાદ હજુ સુધી 70% જેટલો જ થયો હતો. ઓછા વરસાદના કારણે બનાસકાંઠાના ત્રણેય જળાશયો દાંતીવાડા, મુક્તેશ્વર અને સીપુ ડેમ પણ ભરાયા ન હતા.

# જન્મ-મૃત્યુ નોંધણીમાં સુધારો સરળ બનશે



## લાખો લોકોને રાહત: નામમાં 'ઉર્ફે' શબ્દનો ઉપયોગ કરી બર્થ સર્ટિફિકેટમાં બે નામ લખી શકાશે, કારકુની ભૂલ સુધારી આપવી પડશે

### રજિસ્ટરમાં એન્ટ્રી કરતી વખતે કોઈ કારકુની ભૂલ હોવાના કારણે જ સંબંધિત રજિસ્ટ્રાર અરજદારની અરજીને નકારી શકશે નહીં.

(એજન્સી) ગાંધીનગર । તા.26

રાજ્ય સરકારે જન્મ અને મૃત્યુ સમયે નોંધાયેલા નામ તથા બર્થ ડેટમાં ફેરફાર કરવા માટે એક પરિપત્ર જારી કર્યો છે. આ નિર્ણય બાદ જન્મ-મૃત્યુ નોંધણી અને બર્થ ડેટમાં સુધારો સરળ બનશે. તેમજ જન્મ અને મરણના રજિસ્ટરમાં નામ તથા જન્મ તારીખ સુધારણા માટેની અરજી પર નિર્ણય કરતી વખતે જન્મ અને મરણ નોંધણીના સંબંધિત રજિસ્ટ્રારે આ બાબતોની નોંધ લેવી પડશે. નાની મોટી સમસ્યાનું ઝડપથી નિરાકરણ આવશે ગુજરાત સરકારે જન્મ-મરણ અંગે સેન્ટ્રલ ગવર્નમેન્ટની એડવાઈઝરી હતી એ એડોપ્ટ કરી હતી. પરંતુ એમાં ઘણા પેટા નિયમ ઉમેરવાના બાકી હતા. તેમજ કેટલીક બાબતો ઉમેરવાની રહી ગઈ હોવાની ધ્યાને આવી હતી. તેમજ જન્મ અને મરણ અંગે બીજી નાની-મોટી એડવાઈઝરી ભેગી કરીને આ પરિપત્ર બનાવ્યો છે જેથી લોકોને થતી નાની-મોટી તકલીફ દૂર થાય અને ઝડપથી નિરાકરણ આવી શકે.

**નામ સુધારવા માટે આ બાબતો ધ્યાનમાં લેવાશે :** નામ સુધારણાની અરજીનો નિર્ણય કરતી વખતે સંબંધિત રજિસ્ટ્રારે અરજદારની અન્ય ઓળખની વિગતો પિતાનું નામ, છેલ્લું નામ, અટક કે જન્મ તારીખ અથવા કોઈ એક કે તેમાંની કેટલીક વિગતો બદલવાની માંગ કરી છે કે નહીં તે બાબતો ધ્યાનમાં રાખવાની રહેશે. સંબંધિત રજિસ્ટ્રારે અરજી સાથે આપેલા ફોટો આઈડી કે અન્ય ઓળખના દસ્તાવેજોને ધ્યાનમાં રાખવાના રહેશે.

**જાણી જોઈને કરેલી ભૂલ સુધારવા માટે પુરાવાની ખાતરી કરવી પડશે :** રજિસ્ટરમાંની જન્મ અથવા મહત્ત્વની બાબતમાં ભૂલ છે અથવા તે કપટપૂર્વક કે અયોગ્ય રીતે કરવામાં આવેલી છે, તો અરજદાર દ્વારા પૂરા પાડવામાં આવેલા પુરાવાઓની ખાતરી ન થાય ત્યાં સુધી જન્મ તારીખની નોંધમાં ફેરફાર કરવાની મંજૂરી આપવાની રહેશે નહીં.

**અરજદારે આપેલા પુરાવાની ખરાઈ કર્યા બાદ ઉર્ફે શબ્દનો ઉપયોગ કરી શકાશે :** અરજદારે આપેલા પુરાવાની ખરાઈ કર્યા બાદ, રજિસ્ટ્રારને સત્યતાની ખાતરી થાય તો નામમાં ફેરફારના સંદર્ભે 'ઉર્ફે' શબ્દનો ઉપયોગ કરી શકે છે અને જન્મ નોંધણીની નોંધની કોલમમાં જરૂરી નોંધ કર્યા પછી જન્મના પ્રમાણપત્રમાં બન્ને નામો લખવાનાં રહેશે. જો અરજદારને 'ઉર્ફે' શબ્દનો સ્વીકાર ન હોય તો, અરજદાર દ્વારા આપવામાં આવેલા પુરાવાની ફરી ખરાઈ કર્યા બાદ રજિસ્ટ્રારે કરવાના થતા ફેરફાર જન્મ રજિસ્ટરના જન્મ નોંધણીની નોંધની કોલમમાં બન્ને નામનો ઉલ્લેખ સુધારાની તારીખ સાથે કરવાનો રહેશે.

## બે ઈન્ટરનેશનલ ફ્લાઈટ ત્રણ કલાકથી વધુ સમય માટે વિલંબિત થઈ; હજારો મુસાફરો અટવાયા


(એજન્સી) અમદાવાદ । તા.26

હવામાન વિભાગ દ્વારા મહારાષ્ટ્રના મુંબઈમાં અતિભારે વરસાદને કારણે ગઈકાલે જ એલર્ટ જાહેર કર્યું હતું, જેને કારણે મુંબઈ એરપોર્ટ પરથી અવરજવર કરતી અનેક ફ્લાઈટને તેની અસર થઈ છે. વાતાવરણની પ્રતિકૂળ અસરને કારણે ફ્લાઈટનું ટેકઓફ અને લેન્ડિંગમાં સમસ્યા સર્જાતા અનેક ફ્લાઈટ વિલંબિત થઈ હતી. તેને કારણે મુંબઈથી વિવિધ સેક્ટરમાં જતી ફ્લાઈટ પણ વિલંબિત થઈ હતી. ત્યારે મુંબઈથી અમદાવાદ આવતી અને અમદાવાદથી મુંબઈ જતી ફ્લાઈટને તો સૌથી વધુ અસર થઈ જ હતી. તે ઉપરાંત અમદાવાદ શહેરમાં પણ ગઈકાલે મોડી રાત્રે ભારે પવન ફૂંકાવાની સાથે વરસાદ વરસ્યો હતો, જેને કારણે વિવિધ સેક્ટરની કેટલીક ફ્લાઈટ વિલંબિત થઈ હતી. મુંબઈમાં મેઘધાંડવ સર્જાતા અનેક ફ્લાઈટ 3થી 4 કલાક માટે વિલંબિત થઈ હતી, જેને કારણે મુસાફરો અટવાયા હતા. આજેપણ હવાઈ મુસાફરીની સ્થિતિ કોઈ ખાસ સુધારા ઉપર નથી.

## IIM અમદાવાદમાં MBAના વિદ્યાર્થીનો આપઘાત

### વિદ્યાર્થીએ ગળાફાંસો ખાધો, મોતનું કારણ અકબંધ; પોલીસે મોબાઈલ-લેપટોપ જપ્ત કર્યા

(એજન્સી) અમદાવાદ । તા.26



IIM અમદાવાદમાં અભ્યાસ કરતા MBAના વિદ્યાર્થીએ આપઘાત કર્યો છે. બપોરના સમયે વિદ્યાર્થીએ IIM અમદાવાદના નવા બિલ્ડિંગમાં ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો છે. મૂળ તેલંગાણામાં રહેતા વિદ્યાર્થીએ IIM અમદાવાદમાં MBAનો અભ્યાસ કરતો હતો. બનાવની જાણ થતાં વસ્ત્રાપુર પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ મોકલવાની તજવીજ હાથ ધરી છે. IIM અમદાવાદના અધિકારીઓ પણ સ્થળ પર પહોંચ્યા છે. સ્થાનિક પીઆઈ સહિતનો કાફલો સ્થળ પર પહોચ્યો છે. પોલીસે આપઘાત અંગેની કારણ જાણવા તજવીજ હાથ ધરી છે. વિદ્યાર્થીએ રૂમમાં ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો IIM અમદાવાદ કેમ્પસમાં વિદ્યાર્થીઓ પોત પોતાના પ્રોજેક્ટ અને કામમાં વ્યસ્ત હતા. ઘણાં વિદ્યાર્થીઓ વરસાદ બંધ થઈ જતાં કેમ્પસના ગ્રાઉન્ડ પર રમતા હતા.

### વિદ્યાર્થીના રૂમમાંથી કોઈ જ સુસાઈડ નોટ મળી નથી

વસ્ત્રાપુરના ઈન્ચાર્જ પીઆઇ વી.ડી મોરીએ જણાવ્યું હતું કે, બપોરે 3:45 વાગે કંટ્રોલ રૂમને આત્મહત્યા માટેનો મેસેજ મળ્યો હતો. જેને લઈને પોલીસ સ્થળ પર પહોંચી હતી. ત્યારે વિદ્યાર્થીનો મૃતદેહ લટકી રહ્યો હતો. વિદ્યાર્થીના રૂમમાંથી કોઈ જ સુસાઈડ નોટ મળી નથી, પરંતુ પોલીસ દ્વારા મૃતકનો મોબાઈલ અને લેપટોપ કબજે કરીને તપાસ કરવામાં આવશે.

## કેમ બેઠા છો કહી મિત્રને લાફા મારી યુવકને ચાકુના ઘા મારી લોહી લુહાણ કર્યો

(એજન્સી) અમદાવાદ । તા.26

પૂર્વ વિસ્તારમાં અસામાજિક તત્વો માથું ઉચકીને નિર્દોષ લોકો ઉપર ઘાતક હુમલા કરી રહ્યા છે. નરોડામાં ગઈકાલે જીમમાં ગયા બાદ મિત્રો રોડ ઉપર કોમ્પ્લેક્ષ પાસે બેઠા હતા આ સમયે અજાણ્યા ત્રણ શખ્સોએ આવીને અહીયાં કેમ બેઠા છો કહીને એક યુવકને માર માર્યો હતો જ્યારે બીજા યુવક ઉપર ચાકુથી હુમલો કર્યા બાદ ફરિથી અહિયાં આવશો તો બધાને મારી નાંખીશું કહીને ધમકી આપી હતી. આ બનાવ અંગે નરોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તું મને ઓળખતો નથી કહી અજાણ્યા શખ્સોએ માર મારી ધમકી આપી કે ફરીથી અહિયાં આવશો તો બધાને મારી નાંખીશું નરોડા વિસ્તારમાં રહેતા યુવકે નરોડા પોલીસ સ્ટેશનમાં દિપક સિકરવાર સહિત ત્રણ લોકો સામે ફરિયાદ નોધાવી છે.

## દુષ્કર્મના કેસમાં 20 વર્ષની કેદની સજા

### કોર્ટે નોંધ્યું- પીડિતા તેની દીકરી જેવી હતી, રક્ષક જ ભક્ષક બન્યો; 13 વર્ષની સગીરા પર ત્રણ ગણી મોટી ઉંમરના ફુઆએ દુષ્કર્મ આચર્યું હતું

(એજન્સી) અમદાવાદ । તા.26

અમદાવાદના દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં 2018માં એક આરોપી સામે 13 વર્ષની સગીરા પર દુષ્કર્મ કરવાની ફરિયાદ થઈ હતી. આ મામલે આરોપી સામે અમદાવાદ સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે આવેલી પોક્સોની સ્પેશિયલ કોર્ટમાં ટ્રાયલ ચાલી હતી, જેમાં જજ એ.બી. ભટ્ટે સરકારી વકીલ કમલેશ જી. જૈન અને દિલીપસિંહ એમ. ઠાકોરની દલીલો ધ્યાને રાખી આરોપીને 20 વર્ષ સખત કેદની સજા અને પીડિતાને રૂ.7 લાખનું સરકારી વળતર ચૂકવવા હુકમ કર્યો હતો. આ કેસમાં 13 સાહેદો અને 15 દસ્તાવેજી પુરાવા ચકાસવામાં આવ્યા હતા. કોર્ટે નોંધ્યું હતું કે પીડિતા તેની દીકરી જેવી હતી, રક્ષક જ ભક્ષક બન્યો છે. ઉલ્લેખનીય છે કે નરાધમ પીડિતાનો કૌટુંબિક ફુઆ થતો હતો. માતા દવાખાને ગઈ ને પાછળથી દીકરીને આરોપી લઈ ગયો ફરિયાદી એક વિધવા મહિલા હતી, જેને કુલ ચાર દીકરા અને ત્રણ દીકરી હતી. એમાં સૌથી નાની દીકરીની ઉંમર 13 વર્ષ અને 07 મહિનાની હતી. જ્યારે આરોપી ફરિયાદીનો કૌટુંબિક નણદોઈ અને ભોગ બનનારનો કૌટુંબિક ફુઆ થતો હતો. તે મૂળ બાલાસિનોરનો હતો. તે અવારનવાર ફરિયાદીના ઘરે આવતો અને રોકાતો હતો. એક દિવસે ફરિયાદીની માતા દવાખાને જઈને પરત ફરી ત્યારે સૌથી નાની દીકરી ઘરે હાજર નહોતી અને નણદોઈ પણ ઘરે નહોતો.

## મુખ્યમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાના બહાને આધેડ પાસે 5.91 લાખ પડાવ્યા

(એજન્સી) અમદાવાદ । તા.26

મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગોઠવણ કરી મકાન અપાવવાના બહાને છેતરપિંડી કરી પૈસા પડાવવાના કેસ વધી રહ્યા છે, ત્યારે વધુ એક કેસ સામે આવ્યો છે. જેમાં શાહપુરમાં રહેતા આધેડને યુવકે આવાસ યોજનામાં મકાન અપાવવાનું મહિને 2018થી ટુકડે-ટુકડે 5.91 લાખ રૂપિયા પડાવ્યા હતા. ત્યારબાદ મકાન ન મળ્યા આધેડે ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે તપાસ શરૂ કરી છે. પહેલાં લોગીન માટે રૂ.16 હજાર માગ્યાં શાહપુરમાં રહેતા પુનિત પંચાલે ઘાટલોડિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, વર્ષ 2018માં તેમના એક પરિચિત દ્વારા તેમનો હિરેન વ્યાસ નામના વ્યક્તિ સાથે સંપર્ક થયો હતો.

**બંગાળ દુષ્કર્મ કેસમાં ટ્વીટ ને ગુજરાતમાં મૌન**

## પશ્ચિમ બંગાળની ઘટનામાં ટ્વીટ કરનારા PM-CMનું દાહોદની ઘટનામાં એકપણ ટ્વીટ નથી, આરોપી RSS વિચારધારાનો એટલે મૌન: શક્તિસિંહ

(એજન્સી) અમદાવાદ । તા.26



દાહોદની ઘટનામાં આચાર્ય આરોપીને ફાંસીની સજા થાય એ માટે અમદાવાદમાં પ્રદેશ પ્રમુખ શક્તિસિંહની આગેવાનીમાં કોંગ્રેસના 500થી વધુ કાર્યકરોએ રેલી યોજી હતી. શક્તિસિંહે ભાજપ પર આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે પશ્ચિમ બંગાળ દુષ્કર્મ કેસમાં વિવિધ ભાષામાં ટ્વીટ કરનારા PM-CMએ ગુજરાતમાં દાહોદની ઘટનામાં એકપણ ટ્વીટ નથી કર્યું. આરોપી RSSની વિચારધારાનો છે એટલે સરકાર મૌન છે.

### દીકરીને ન્યાય મળે એ માટે રેલી

પાલડી કોંગ્રેસ કાર્યાલયથી ટાઉન હોલ સુધીની રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં કોંગ્રેસના ધારાસભ્યો, શહેર પ્રમુખ, મહિલાઓ અને મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો જોડાયા હતા. દીકરીને ન્યાય મળે એ માટે રેલીમાં હાથમાં બેનર તથા કોંગ્રેસના ઝંડા સાથે કાર્યકરોએ સૂત્રોચાર કર્યા હતા. રેલીને પગલે પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

### 'CMએ બંગાળની ઘટનામાં વિવિધ ભાષામાં ટ્વીટ કર્યું હતું'

આરોપી આચાર્ય પોતાને સમાજ સુધારક કહે છે. આરોપીએ RSSના કેમ્પમાં ટ્રેનિંગ લીધી છે. RSSની વિચારધારા ધરાવે છે. દેશના વડાપ્રધાન કે મુખ્યમંત્રીએ ટ્વીટ પણ નથી કર્યું. મુખ્યમંત્રીએ પશ્ચિમ બંગાળની ઘટનામાં વિવિધ ભાષામાં ટ્વીટ કર્યું હતું, પરંતુ ગુજરાતની ઘટનામાં એક ટ્વીટ પણ નથી કર્યું. દર વખતે ક્યાંય પણ આવા બનાવો સામે આવે ત્યારે નાયબ ગૃહમંત્રીનું એક નિવેદન આવે કે 'કોઈ ચમરબંધીઓને છોડવામાં નહીં આવે' અને પછી આપણે જોયું પણ છે કે ભાજપવાળાને કોઈ તકલીફ પડતી નથી.